ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગરના પત્ર-ક્રમાંક
જીસીઈઆરટી / અભ્યાસક્રમ / 2012 / 11950AB, તા. 30-6-2012– થી મંજૂર

# ગુજરાતી

## ધોરણ 6
## (દ્વિતીય સત્ર)

### પ્રતિજ્ઞાપત્ર

ભારત મારો દેશ છે.
બધાં ભારતીયો મારાં ભાઈબહેન છે.
હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને
વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે.
હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.
હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ
અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.
હું મારા દેશ અને દેશબાંધવોને મારી નિષ્ઠા અર્પું છું.
તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ રહ્યું છે.

**રાજ્ય સરકારની વિનામૂલ્યે યોજના હેઠળનું પુસ્તક**

નિર્માણ
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ
ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

© ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર

આ પાઠ્યપુસ્તકના સર્વ હક ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળને હસ્તક છે. આ પાઠ્યપુસ્તકનો કોઈ પણ ભાગ કોઈ પણ રૂપમાં ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામકની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

**નિર્માણ-સંયોજન :**

ડૉ. ટી. એસ. જોષી
ડૉ. કે. આર. ઝાંઝરૂકિયા
હરેશ ચૌધરી
ઈકબાલ ડી. વોરા
ચંદ્રેશ પી. પાલ્લીઆ

**કન્વીનર :**

ડૉ. રાઘવજી માધડ

**લેખન-સંપાદન :**

કિશોરભાઈ પાર્થ
ડૉ. ભીખુભાઈ વેગડા
હિતેશભાઈ મોદી
જિજ્ઞેશપુરી ગોસ્વામી
મીનેષકુમાર વાળંદ
મહંમદરફીક મનસૂરી
પ્રકાશભાઈ ભટ્ટી
નીતાબહેન ઉપાધ્યાય
રતનબહેન પરમાર
મધુસૂદન ઠક્કર
મનીષભાઈ સુથાર
પ્રવીણભાઈ મચ્છોયા
સુભાષભાઈ હરિજન
સુરેશભાઈ નાગલા
કપિલાબહેન ચૌધરી
મહેન્દ્રભાઈ મકવાણા
ભગવાનદાસ દૂધરેજિયા
ઉદયકુમાર દેસાઈ
કલ્પેશ પટેલ
યોગેશભાઈ પટેલ
દિનેશભાઈ પ્રજાપતિ
દક્ષાબહેન ગજ્જર
રમેશભાઈ ત્રિવેદી
નટવરભાઈ સુથાર
જિતેન્દ્રભાઈ કાપડિયા
મયૂરીબહેન ચૌહાણ
જ્યોત્સ્નાબહેન બોરાણિયા
ડૉ. બળવંતભાઈ તેજાણી

**પરામર્શક :**

ડૉ. યોગેન્દ્ર વ્યાસ
ડૉ. રમેશ ઓઝા
ડૉ. રમેશચંદ્ર પંડ્યા
ડૉ. લાલજીભાઈ પ્રજાપતિ

**ચિત્રાંકન :**

કૃષ્ણકાંત કુંડારિયા
સ્મિતાબહેન રાણા
વનમાળીભાઈ ડોડિયા
દિનેશભાઈ જોષી

**ટાઈટલ-ડિઝાઈન :**

ધર્મેશ જે. ચાવડા

**મુદ્રણ-આયોજન**

શ્રી હરેશ એસ. લીમ્બાચીયા
(નાયબ નિયામક : ઉત્પાદન)

## પ્રસ્તાવના

પ્રાથમિક શિક્ષણમાં RTE-2009 તેમજ NCF-2005 અંતર્ગત અભ્યાસક્રમ, પાઠ્યક્રમ અને પાઠ્યપુસ્તકો તેમજ શિક્ષણ-પ્રક્રિયામાં પરિવર્તન લાવવું જરૂરી બન્યું છે. આ પરિવર્તન મુખ્યત્વે સાક્ષરી વિષયો અને શિક્ષણ-પ્રક્રિયા વિશેની આપણી સમજ અંગેનું છે. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, વિચારશક્તિ, તર્કશક્તિ અને પૃથક્કરણ કરવાની આવડત વિકસે અને તે દ્વારા સર્વાંગી વિકાસ થાય એ નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ છે. આ પાઠ્યપુસ્તકને અનુભવ, ચિંતન, ઉપયોજન અને નિષ્કર્ષ તારવવાને લગતી પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણને અધ્યેતાકેન્દ્રી બનાવવાનો પ્રયાસ કર્યો છે. વિદ્યાર્થીઓ વ્યક્તિગત અને સામૂહિક રીતે જૂથમાં અધ્યયન કરે તે જરૂરી છે. એવી અધ્યયન-પ્રક્રિયામાં મદદરૂપ થાય તેવાં પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પાઠ્યપુસ્તક એ એક સહજ ઉપલબ્ધ અધ્યયન-સામગ્રી છે. પાઠ્યપુસ્તક દ્વારા પ્રવૃત્તિલક્ષી શિક્ષણની બાબત નાવીન્યપૂર્ણ રીતે પ્રસ્તુત કરવામાં આવી છે. તે દ્વારા અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા રોચક બનશે.

આ અંગેની સમગ્ર નિર્માણ-પ્રક્રિયામાં માન. અગ્રસચિવશ્રી - શિક્ષણ તેમજ માન. અગ્રસચિવશ્રી - પ્રાથમિક શિક્ષણ તરફથી સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહ્યાં છે.

આ સમગ્ર પ્રક્રિયામાં IGNUS-erg ટીમના સભ્યોએ માર્ગદર્શન આપતા રહીને સ્ટેટ રિસોર્સ ગ્રૂપના સભ્યોને સજ્જ કર્યા છે. UNICEFનો સહયોગ સમગ્ર પ્રક્રિયા દરમિયાન મળ્યો છે. કોર- ગ્રૂપના સભ્યોએ પણ સહયોગ આપ્યો છે.

પ્રથમ અજમાયશ પછી ગુજરાત રાજ્યની તમામ શાળાઓ માટે તૈયાર થયેલાં ધોરણ 6 થી 8નાં આ પાઠ્યપુસ્તકોને ક્ષતિરહિત બનાવવા પૂરતાં પ્રયત્નો કર્યા છે. પ્રથમ અને સંવર્ધિત આવૃત્તિમાં રહી ગયેલ ક્ષતિઓ દૂર કરવા ગુજરાતી ભાષાના નિષ્ણાતો તેમજ તજ્જ્ઞોની મદદ લેવામાં આવી છે. વળી, મંડળને વિવિધ સ્તરેથી પ્રાપ્ત થયેલ સૂચનો અને અભિપ્રાયો પર ગંભીરતાપૂર્વક વિચાર કરીને આ પુનઃઆવૃત્તિ તૈયાર કરવામાં આવી છે છતાં ક્ષતિ રહી ગઈ હોય તો ધ્યાન દોરવા વિનંતી છે.

**ડૉ. ટી.એસ.જોષી**
નિયામક
જી.સી.ઇ.આર.ટી.
ગાંધીનગર

**પી. ભારતી (IAS)**
નિયામક
ગુ.રા.શા.પા.પુ.મંડળ
ગાંધીનગર

તા. 24-06-2019

પ્રથમ આવૃત્તિ : 2012, 2013 સંવર્ધિત આવૃત્તિ : 2014, 2015, 2016, 2017, 2018, 2019

**પ્રકાશક :** ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, 'વિદ્યાયન', સેક્ટર ૧૦-એ, ગાંધીનગર વતી પી. ભારતી, નિયામક

**મુદ્રક :**

# મૂળભૂત ફરજો

ભારતના દરેક નાગરિકની ફરજ નીચે મુજબ રહેશે :*

(ક) સંવિધાનને વફાદાર રહેવાની અને તેનાં આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની;

(ખ) આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની;

(ગ) ભારતનાં સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની;

(ઘ) દેશનું રક્ષણ કરવાની અને રાષ્ટ્રીય સેવા બજાવવાની હાકલ થતાં, તેમ કરવાની;

(ચ) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી પર રહીને, ભારતના તમામ લોકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(છ) આપણી સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની;

(જ) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની;

(ઝ) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની;

(ટ) જાહેર મિલકતનું રક્ષણ કરવાની અને હિંસાનો ત્યાગ કરવાની;

(ઠ) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે એ માટે, વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(ડ) માતા-પિતાએ અથવા વાલીએ 6 વર્ષથી 14 વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પાલ્યને શિક્ષણની તકો પૂરી પાડવાની.

* ભારતનું સંવિધાન : કલમ 51-क

P2W4R3

## અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| 10. | આલાલીલા વાંસડિયા | લોકગીત | – | 1 |
| 11. | એક જાદુઈ પત્રની વાર્તા | હાસ્યકથા | ડૉ. રતિલાલ બોરીસાગર | 5 |
| 12. | રાવણનું મિથ્યાભિમાન | કથાકાવ્ય | ગિરધર | 14 |
| 13. | સાગરકાંઠાનો પ્રવાસ | પ્રવાસવર્ણન | રઘુવીર ચૌધરી | 21 |
| • | પુનરાવર્તન - 3 | – | – | 29 |
| 14. | સારા અક્ષર | સંવાદ | પિંકીબહેન પંડ્યા | 31 |
| 15. | ગુજરાત મોરી મોરી રે | ઊર્મિગીત | ઉમાશંકર જોશી | 41 |
| 16. | માતૃહૃદય | સાહસકથા | કનૈયાલાલ રામાનુજ | 47 |
| 17. | સુગંધ કચ્છની ...! | પત્રલેખન | ડૉ. દર્શના ધોળકિયા | 54 |
| 18. | સુભાષિત | – | – | 60 |
| • | પુનરાવર્તન - 4 | – | – | 65 |


## પૂરક વાચન


| | | | | |
|---|---|---|---|---|
| 1. | શેરીએ આવે સાદ | પ્રકૃતિગીત | રાજેન્દ્ર શાહ | 68 |
| 2. | કાબુલી | સંવેદનકથા | રવીન્દ્રનાથ ટાગોર<br>અનુવાદક : મહાદેવભાઈ દેસાઈ | 69 |
| 3. | રૂપાળું મારું ગામડું | ભાવગીત | જયંતીલાલ માલધારી | 74 |
| 4. | સાચી વિદ્યા | પૌરાણિક કથા | – | 76 |
| 5. | સેવામૂર્તિ : પરીક્ષિતલાલ મજમુદાર | જીવનચરિત્ર | હરીશ મંગલમ્ | 80 |

# 10. આલાલીલા વાંસડિયા

S9D3A6

આ લોકગીત છે. લોકગીત લોકસમૂહ દ્વારા રચાય છે. પરંપરાથી લોકગીત લોકોમાં ગવાતું ચાલ્યું આવે છે. લોકગીતો સહેલાઈથી ગાઈ શકાય એવાં હોય છે. તેથી તે નાનાં-મોટાં સૌને આનંદ આપે છે. આ લોકગીતમાં પ્રકૃતિ દ્વારા ભાવસભર વાણીમાં કૃષ્ણભક્તિ રજૂ થઈ છે.



આલાલીલા વાંસડિયા રે વઢાવું,
એની રે ઉતરાવું રે પ્રભુજીની વાંસળી રે લોલ.
આલાલીલા...

વાંસળીએ કાંઈ હંસ, પોપટ ને મોર,
વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ.
આલાલીલા...

વાંસળીએ કાંઈ ફૂમતાં લટકે ચાર,
આંગળીએ અંગૂઠી ને અંગૂઠીમાં હીરલા રે લોલ.
આલાલીલા...

આવ્યા - આવ્યા ઓતરા દશના મેહ,
પાદરડાં ખેતરડાં રે હરિ કેરાં છલી વળ્યાં રે લોલ.
આલાલીલા...

ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ,
મોલે - મોલે ગૂંથી દીધાં પરભુજીએ મોતીડાં રે લોલ.
આલાલીલા...

## • શબ્દસમજૂતી

**આલું** આછી ભીનાશ ધરાવતું **ઓતરા દશ** ઉત્તર દિશા, **છલી વળવું** ઊછળી ઊઠવું, ઊભરાઈ જવું, **મોલ** પાક, **મોતીડાં** અહીં 'મોતી' જેવાં ડૂંડાં

## • ભાષાસજ્જતા

લોકસાહિત્ય એ લોકોનું, લોકો માટેનું અને લોકો વડે રચાયેલું સાહિત્ય છે. પરંપરાથી લોકોમાં કહેવાતું-ગવાતું એ ચાલ્યું આવે છે. સરળ શબ્દો, જીવંત ભાષા, મધુર ભાવ અને મીઠી હલક એનાં આગળ તરી આવતાં લક્ષણો છે. લોકસંસ્કૃતિની વાત પણ એમાંથી મળી રહે છે.

આ લોકગીત અવારનવાર રેડિયો-ટી.વી. પરથી પ્રસારિત થાય છે. એમાં કૃષ્ણભક્તિ છે, સાથેસાથે પ્રભુની ખેતીવાડી પર થતી મહેર વિશે અહીં ઓછા શબ્દોમાં અને ભાવસભર વાણીમાં રજૂ થયું છે.

## • અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) કવિ વાંસડિયામાંથી શું ઉતરાવવા માગે છે ? ☐

(ક) પ્રભુજી (ખ) વાંસળી (ગ) પોપટ (ઘ) મોર

(2) વાસંળી કોણ વગાડે છે ? ☐

(ક) શ્રીકૃષ્ણ (ખ) ગોવાળ (ગ) ખેડૂત (ઘ) ગોપી

## 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) વાંસળીએ શું લટકે છે ?

(2) મેહ કઈ દિશાએથી આવે છે ?

(3) ખેતરમાં શું ઝૂલી રહ્યું છે ?

(4) ગીતમાં કયાં-કયાં પક્ષીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?

(5) ગીતમાં શ્રીકૃષ્ણ માટે કયા - કયા શબ્દો વપરાયા છે ?

## • સ્વાધ્યાય

W3B4H5

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) વાંસળી 'ઉતરાવવી' એમ કવિ શા માટે કહે છે ?
'બનાવવી' એમ શા માટે નહિ ?

(2) ગીતના આધારે વાંસળીનું વર્ણન કરો.

(3) ગીતમાં મોતીડાં શબ્દ કોના માટે વપરાયો છે ? શા માટે ?

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :

(1) વાંસળીવાદકોનાં નામ શોધીને લખો.

(2) વાંસળી કેવી રીતે વાગતી હશે ?

(3) વાંસળીની જેમ ફૂંક કે હવાથી વાગતાં વાદ્યોનાં નામ લખો.

(4) તમારા વિસ્તારના આવા વાદકોનાં નામ લખો.

(5) અન્ય વાદ્યોનાં નામ લખી, તેના પ્રસિદ્ધ વાદકોનાં નામ લખો.

(6) શ્રીકૃષ્ણ માટે વપરાતા બીજા શબ્દો શોધીને લખો.

## 3. ઉદાહરણ મુજબ યોગ્ય શબ્દો લખો :

ઉદાહરણ : **આંગળી - અંગૂઠી**

| | |
|---|---|
| (1) કાન - ______________ | (2) નાક - ______________ |
| (3) હાથ - ______________ | (4) પગ - ______________ |
| (5) ડોક - ______________ | (6) કેડ - ______________ |

**4. નીચેના શબ્દો માટે ગીતમાં વપરાયેલ શબ્દો શોધીને લખો :**

ઉત્તર - ____________ ખેતર - ____________

વરસાદ - ____________ પાક - ____________

દિશા - ____________ પ્રભુ - ____________

**5. નીચેની પંક્તિનો અર્થ તમારા શબ્દોમાં લખો :**

ખેતરિયે કાંઈ ઝૂલી રહ્યા છે મોલ,
મોલે - મોલે ગૂંથી દીધાં પરભુજીએ મોતીડાં રે લોલ.
આલાલીલા...

**• પ્રવૃત્તિ**


(1) તમારા વિસ્તારનું લોકગીત મેળવીને લખો અને વર્ગખંડમાં ગાઈ સંભળાવો.

(2) રેડિયો, ટી.વી. પર લોકગીતો સાંભળો.

(3) ઝવેરચંદ મેઘાણીના પુસ્તક 'રઢિયાળી રાત'માંથી લોકગીતો મેળવીને ગમતાં ગીતો લખો.

# 11. એક જાદુઈ પત્રની વાર્તા

C8M8H1



**ડૉ. રતિલાલ બોરીસાગર**

**જન્મ : 31-8-1938**

ડૉ. રતિલાલ બોરીસાગર અમરેલી જિલ્લાના સાવરકુંડલાના વતની છે અને હાલ અમદાવાદ રહે છે. તેઓ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરમાં નાયબ નિયામક રહી ચૂક્યા છે. હાસ્ય-સાહિત્ય ક્ષેત્રે પોતાની આગવી શૈલી દ્વારા સાહિત્યરસિકોનાં દિલ જીતી લીધાં છે. તેમના હાસ્યલેખોમાં જીવનની સામાન્ય-અસામાન્ય સ્થિતિમાંથી વિશિષ્ટ નિરીક્ષણ તથા મર્મગ્રાહી દૃષ્ટિથી હાસ્ય નિષ્પન્ન થાય છે. માણસની ચિત્રવિચિત્ર ખાસિયતોનું વેધક ચિત્ર તેમનાં સર્જનમાં ઊપસે છે. 'મરક-મરક' અને 'આનંદલોક' એ તેમના જાણીતા હાસ્યગ્રંથો છે. આ ગ્રંથોને વિવિધ પારિતોષિકો પ્રાપ્ત થયાં છે.

એક કાલ્પનિક ઘટનાનો આશરો લઈને વિશિષ્ટ પરિસ્થિતિ ઊભી કરીને એને પૂરેપૂરી ચગાવીને 'એક જાદુઈ પત્રની વાર્તા'માં લેખકે ખરેખર વાર્તા જેવો રસ નિષ્પન્ન કર્યો છે. પ્રસંગોની રજૂઆત, સંવાદોની વેધકતા તથા નર્મયુક્ત ગદ્યશૈલી દ્વારા હાસ્યકથાનો સુંદર પરિચય કરાવે છે.

નિરંજન એક રવિવારે મારે ત્યાં આવ્યો, કહે : ''ચાલ, આજે પહેલા શોમાં ફિલ્મ જોવા જવું છે.''

''ટિકિટ લાવ્યો છે ?'' મેં પૂછ્યું.

''ના ટિકિટ તો નથી, પણ...''

''ટિકિટ ન હોય તો આજે, રવિવારે ફિલ્મ જોવાની વાત પણ કેવી રીતે થઈ શકે ?''

''તું ચાલ તો ખરો, કંઈ મેળ પડી જાય તો ઠીક છે, નહિતર પાછા...''

થિયેટર કંઈ બહુ દૂર ન હતું ને ઘેર ખાસ કંઈ કામ ન હતું, એટલે હું એની સાથે નીકળ્યો. પણ થિયેટર પર 'હાઉસફૂલ'નું પાટિયું ઝૂલતું હતું.

''કેમ હું ખોટું કહેતો હતો ? આજે યાર, પત્તો જ ન ખાય.'' મેં કહ્યું. નિરંજન ઘડીભર તો ઝંખવાણો પડી ગયો, પણ એકાએક તેનો ચહેરો ચમકી ઊઠ્યો. તેણે ખિસ્સામાંથી એક કાગળ કાઢીને મારા હાથમાં મૂક્યો. છાપેલા લેટરપેડ પર કશુંક લખ્યું હતું. મેં ઘણીવાર ખરાબ અક્ષરોમાં લખાયેલું વાંચ્યું છે - એટલે કે વાંચવાનો પ્રયત્ન કર્યો છે, મારા પોતાના અક્ષર પણ કંઈ બહુ સારા નથી, પણ આ પત્રના અક્ષરો જેવા ખરાબ અક્ષરો મેં આજ સુધી ક્યારેય જોયા ન હતા. જેમ સુલેખનની હરીફાઈઓ થાય છે, તેમ જો કુલેખનની હરીફાઈઓ યોજાય તો આ અક્ષરોનો લખનારો જ્યાં સુધી એમાં ભાગ લે, ત્યાં સુધી બીજા કોઈને ઇનામ જ ન મળે ! ખરાબ અક્ષરોમાં લખાયેલા પત્રોમાં લખાણ કદાચ પૂરેપૂરું ન ઊકલે તેમ બને, અરે, જરા પણ ન ઊકલે એમ પણ બને; પરંતુ પત્ર કઈ ભાષામાં લખાયેલો છે એ તો ઉકેલવાનું બહુ મુશ્કેલ હોતું નથી, પણ આ પત્ર તો કઈ ભાષામાં લખાયો છે તેની પણ સમજ પડે તેમ નહોતું.

'આમાં શું લખ્યું છે ?' મેં નિરંજનને પૂછ્યું.


''એની તો મને પણ સમજ પડતી નથી. પણ આ મારા એક દૂરના કાકાનો લખેલો પત્ર છે. મારા કાકા પોતે પણ એમણે એક વાર લખેલું લખાણ ફરી વાંચે છે, ત્યારે પૂરું ઉકેલી શકતા નથી. એમણે આ પત્ર આપીને મને મારાં કાકી પાસે મોકલ્યો હતો. આમ તો મારાં કાકી પણ મારા કાકાનું લખેલું કશું વાંચી શકતાં નથી. વેવિશાળ પછી મારા કાકાએ મારાં કાકીને જે પત્રો લખેલા તે કાકીએ લગ્ન પછી મારા કાકા પાસે વંચાવવાનો પ્રયત્ન કરેલો. મારા કાકા એ પત્રો પૂરેપૂરા ઉકેલી શક્યા તો ન હતા, પણ યાદશક્તિને આધારે, ને વધુ તો કલ્પનાને આધારે મારા કાકાએ એ પત્રોમાંથી કેટલુંક ઉકેલી આપ્યું હતું. આજે પણ મારા કાકાના એ પ્રેમપત્રો ખુલ્લા રખડતા હોય છે, કેમકે કોઈ એ વાંચી જાય તેવો ભય હોતો નથી.'' નિરંજન એના કાકાના અક્ષરો ઉકેલી શકતો ન હતો, પણ એ અક્ષરો વિશેનો એનો અભ્યાસ ઘણો ઊંડો હોય એમ લાગ્યું. નિરંજન થોડીવાર માટે અટક્યો એનો લાભ લઈને હું બોલ્યો : ''હા, પણ તેનું અહીં શું છે ? ફિલ્મ ન જોવાઈ એટલે શું આ પત્ર ઉકેલવામાં ત્રણ કલાક ગાળવા છે ? અને જો એવો વિચાર હોય, તો મારો સ્પષ્ટ મત છે કે ત્રણ કલાક તો શું પણ ત્રણ ભવેય આ ન ઊકલે.''

''તેથી જ મને લાગે છે કે આપણે ફિલ્મ જોઈ શકીશું.'' નિરંજને કહ્યું.

''કેવી રીતે ?'' મને નિરંજનની વાત ન સમજાઈ.

''ચાલ મારી સાથે,'' કહી નિરંજન આગળ ચાલ્યો ને મૅનેજરની કૅબિન અંદર ઘૂસ્યો. હું પણ થોડો ગભરાતો ગભરાતો પાછળ-પાછળ દાખલ થયો. નિરંજને શાંતિથી એ પત્ર મૅનેજરના હાથમાં મૂક્યો. મૅનેજરે પત્ર ઉખેળ્યો ને અંદરનું લખાણ જોઈ સ્તબ્ધ બની નિરંજન સામે એ જોઈ રહ્યા. ''આ શું છે ?'' પેલો સનાતન પ્રશ્ન એમના મુખમાંથી પણ સરી પડ્યો.

''વેદસાહેબનો પત્ર છે.'' નિરંજને અત્યંત ગંભીરતાથી કહ્યું. ''વેદસાહેબ ? વેદસાહેબ...'' મૅનેજરને ઓળખાણ પડી નહિ ને પત્રમાં કશું ઊકલ્યું નહિ, એટલે એ સહેજ મૂંઝાઈ ગયા. પરિસ્થિતિનો લાભ લઈ નિરંજને એમને અર્ધેથી અટકાવીને કહ્યું : ''વેદસાહેબ લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નર છે. મારા એ કાકા થાય. એમણે કહ્યું છે કે મૅનેજરસાહેબને આ પત્ર આપશો, એટલે એ બંને મિત્રો માટે ફિલ્મ જોવાની વ્યવસ્થા કરી આપશે.''



મૅનેજર દિગ્મૂઢ બનીને ઘડીક પત્ર સામે જુએ ને ઘડીક નિરંજન સામે જુએ. એણે ચશ્માંના કાચ પણ બે-ત્રણ વાર સાફ કરી જોયા, પણ કંઈ વળ્યું નહિ, એટલે એણે નિરંજનને કહ્યું : ''તમે તો જાણો છો કે આજનો શો 'હાઉસફૂલ' છે.''

''હા, સાહેબ,'' નિરંજને ઠાવકાઈથી કહ્યું. ''કંઈ નહિ, હું કાકાને કહી દઈશ. આપ ચિંતા ન કરો.'' આટલું કહી એણે અત્યંત સ્વાભાવિકતાથી મૅનેજરના હાથમાંથી પત્ર લઈ લીધો. મૅનેજર બિચારા ફરી વિચારમાં પડી ગયા. આવા વિકટ પ્રશ્નનો સામનો કરવાનું એમની આજ સુધીની કારકિર્દીમાં આવ્યું ન હતું, એમ એમના ચહેરા પરથી સ્પષ્ટ જણાતું હતું. ''ઊભા રહો, હું બે એક્સ્ટ્રા ચૅર્સ મુકાવી દઉં,'' કહી એમણે ઘંટડી મારી. પ્યૂન આવ્યો એટલે એમણે એને કહ્યું : ''બાલ્કનીમાં બે એક્સ્ટ્રા ચૅર્સ મૂકીને બંને ભાઈઓને ત્યાં બેસવાની વ્યવસ્થા કરી દે.'' ''જી સાહેબ !'' કહી પટાવાળો અમને બંનેને લઈને ચાલ્યો. હું તો સ્તબ્ધ બની ગયો હતો. નિરંજન ટીખળી હતો, બીજાને પજવવાના જાતજાતના નુસખા તે શોધ્યા કરતો, પણ એનું આજનું સાહસ અપ્રતિમ હતું. અમે અંદર બેઠા, એટલે નિરંજને વિજયનું એક ભવ્ય સ્મિત કર્યું. ઇન્ટરવલમાં પટાવાળો ફરી આવ્યો. તેણે કહ્યું : ''તમને બંનેને સાહેબ બોલાવે છે.'' આ સાંભળી મારા તો મોતિયા મરી ગયા. મને થયું : ''નક્કી પોલ પકડાઈ ગઈ લાગે છે ને હવે પોલીસને હવાલે જ કરી દેશે તો અમારું શું થશે ?'' મેં નિરંજનને કહ્યું : ''નિરંજન, મામલો ગંભીર જણાય છે. ફસાઈ જઈશું હોં ! આપણે નથી જવું. ક્યાંક પોલીસમાં પકડાવી દેશે તો ?''

''પેલો પત્ર છેને ? બતાવીને છૂટી જઈશું.'' કહી નિરંજન હસ્યો. અમે ઑફિસમાં ગયા. ''આવો, બેસો ! ચા લેશોને ?'' મૅનેજરે અત્યંત વિવેકથી પૂછ્યું.

''એવી તકલીફ રહેવા દો, સાહેબ !'' નિરંજને પણ ખૂબ ઠાવકાઈથી પ્રત્યુત્તર આપ્યો.

‘‘અરે, એમાં તકલીફ શાની ? ચા તો મંગાવી જ લીધી છે. તમને ફિલ્મ જોવામાં કંઈ તકલીફ તો નથી પડી ને ?’’

‘ના રે, ના સાહેબ ! આપે આજે અમને ઘણી મદદ કરી છે.’’ મેં કહ્યું. શિષ્યમાં પોતાની વિદ્યા ઊતરતી જોઈ ગુરુ જેમ પ્રસન્ન થઈને વાત્સલ્યપૂર્ણ નેત્રે શિષ્ય પ્રતિ જોઈ રહે, તેમ નિરંજન મારી સામે જોઈ રહ્યો.

‘‘અરે, એમાં મદદ શાની ? એ તો અમારી ફરજ છે.’’

ચા પિવાઈ રહી. અમે મૅનેજરને નમસ્તે કરીને બાકીની ફિલ્મ પૂરી કરવા અંદર ગયા.

આમ, તે દિવસે રવિવાર હોવા છતાં અને અગાઉથી ટિકિટ ન લીધી હોવા છતાં અમે ફિલ્મ જોઈ ને તે પણ મફત. નિરંજને કહ્યું : ‘‘મજા આવીને ? તેં તો સાલા, એકને બદલે બે ફિલ્મ જોઈ ખરું ? હવે ક્યારેય આવું કામ હોય તો કહેજે. આ જાદુઈ પત્રથી થઈ જશે.’’

* * *

એક સુવિખ્યાત કંપનીમાં કેટલાક ક્લાર્ક લેવાના હતા. મેં અરજી કરી હતી. પંદર દિવસ પછી મારો ઇન્ટરવ્યૂ હતો. મને આ જાદુઈ પત્ર લઈને કંપનીના મૅનેજરને મળવાનો તુક્કો સૂઝ્યો. ‘જ્યાં દેવદૂતો પગ મૂકતાં ડરે છે, ત્યાં મૂર્ખાઓ દોડી જાય છે.’ એ ઉક્તિ મેં ઘણીવાર સાચી ઠેરવી છે. મેં નિરંજનને વાત કરી ને પેલો પત્ર આપવા કહ્યું. નિરંજને કહ્યું : ‘‘પત્ર આપવામાં તો કશો વાંધો નથી, પણ તને એનો ઉપયોગ કરતાં નહિ આવડે તો નોકરી તો બાજુ પર રહેશે ને ક્યાંક ભરાઈ પડીશ.’’ પણ મને હવે આત્મવિશ્વાસ આવી ગયો હતો. મેં કહ્યું : ‘‘તારી સાથે રહીને મેં એ આવડત કેળવી લીધી છે. ગુરુએ શિષ્ય પર ભરોસો રાખવો જોઈએ.’’

નિરંજને મને પત્ર આપ્યો. પત્ર લઈને હું કંપનીની હેડઑફિસે પહોંચી ગયો. મૅનેજરના પી.એ.ને મેં ચિઠ્ઠી મોકલી કહેવડાવ્યું કે લાયન્સ ક્લબના ડિસ્ટ્રિક્ટ ગવર્નરનો પત્ર લઈ હું મૅનેજરસાહેબને મળવા માગું છું. થોડીવારમાં તેડું આવ્યું. મૅનેજરના પી.એ.ની ઑફિસમાં મને લઈ જવામાં આવ્યો. મારી ગભરામણ વધતી જતી હતી. મારાથી કંઈ ગલ્લાંતલ્લાં થઈ જાય તે પહેલાં મેં મારું અમોઘ શસ્ત્ર વાપરી નાખ્યું. એકદમ પેલો પત્ર મેં પી.એ.ના હાથમાં મૂકી દીધો. પત્ર જોઈને એ ચમક્યા. તેણે કહ્યું : ‘‘આ તો વેદસાહેબનો પત્ર છે !’’

‘‘હા,’’ મેં કહ્યું.

‘‘તમે એમને ક્યાંથી ઓળખો ?’’

‘‘મારા કાકા - મિન્સ કે મારા મિત્રના કાકા છે.’’

‘‘પત્રમાં શું લખ્યું છે ?’’ પેલો સનાતન પ્રશ્ન તેના મુખમાંથી સરી પડ્યો.

‘‘મેં પત્ર ઉખેળ્યો નથી.’’

‘‘ઉખેળ્યો હોત તોય...’’ કહી તે જરા હસ્યા ને ઊભા થઈને અંદરની કૅબિનમાં ગયા. હું ખરેખર ગભરાઈ ગયો. કુરુક્ષેત્રના મેદાનમાં મૂંઝાઈ ગયેલા અર્જુન જેવી મારી સ્થિતિ હતી, પણ મારો કૃષ્ણ નિરંજન ત્યાં હાજર ન હતો. થોડી વારે પી.એ. બહાર આવ્યા ને કહ્યું : ‘‘અંદર જાઓ, સાહેબ બોલાવે છે.’’ હવે તો હું ધ્રૂજવા લાગ્યો. ઘડીભર તો મને થયું કે અહીંથી નાસી છૂટું. પણ એમ કરવામાંય હિંમત ચાલી નહિ. ફાંસીની ખોલી તરફ જતો હોઉં તેમ ઘસડાતે પગે હું અંદર ગયો. અંદર સાહેબ બેઠા હતા. હું અંદર ગયો, ત્યારે એ પત્ર ઉકેલવામાં મશગૂલ હતા. હું જઈને ઊભો રહ્યો એટલે કહે : ‘‘બેસો.’’ હું બેઠો એટલે એમણે પૂછ્યું : ‘‘તમે વેદસાહેબને કેવી રીતે ઓળખો ?’’

‘‘મારા મિત્ર નિરંજન વેદના એ કાકા થાય.’’ મને લાગ્યું કે પત્રની અસર થઈ રહી છે. ‘‘એમ ? નિરંજન તમારો મિત્ર છે ? સારું આ પત્ર તો મારો જ છે. મારા જ અક્ષર છે.’’ સ્વગત બોલતા હોય એમ કહ્યું : ‘‘પણ શું લખ્યું છે, તેનો અત્યારે ખ્યાલ નથી આવતો. તમે કહો છો કે આ પત્ર મારા પર લખાયેલો છે, પણ એનો મેળ બેસતો નથી. મેં મારી જ ઉપર કદી પત્ર લખ્યો હોય એવું મને યાદ આવતું નથી.’’ આ સાંભળીને મને તો ધરતી ફરતી લાગી. સાહેબના ટેબલ પર પડેલા પાટિયા પર મારી નજર પડી. લખ્યું હતું : ‘એમ. જી. વેદ.’ મારું નસીબ મને ખુદ વેદસાહેબ પાસે જ ખેંચી લાવ્યું હતું ! મેં નિરંજનને વાત કરી હોત, તોય આ ગોટાળો ન થાત. જોકે વેદસાહેબ તો હજુ પત્ર ઉકેલવામાં જ પ્રવૃત્ત હતા. થોડીવાર પત્ર સામે જુએ, વળી મારી સામે જુએ, પછી જાણે સ્વગત બોલતા હોય એમ ફરી બોલ્યા : ‘‘મેં નિરંજનને એના કોઈ ભાઈબંધ માટે આવો પત્ર લખી આપ્યો હોય એવુંય યાદ નથી આવતું, પણ આ લેટરપેડ ને અક્ષર તો મારા જ છે, માત્ર પત્ર કોને ઉદ્દેશીને લખ્યો છે, તેનો ખ્યાલ નથી આવતો. એ જો ખ્યાલ આવે તો કંઈક સમજાય, પણ... ઑલરાઈટ, તમારે કામ શું છે ?’’ ‘‘સાહેબ ! મેં અહીં ક્લાર્કની નોકરી માટે અરજી કરી છે.’’ ‘‘ઓહો ! એમ વાત છે ? અઠવાડિયા પછી તપાસ કરજો.’’

- અને આજે હું વેદસાહેબની ઑફિસમાં ક્લાર્ક છું. અલબત્ત, પેલો જાદુઈ પત્ર વેદસાહેબ પાસે જ રહી ગયો એનો અફસોસ મને ને નિરંજનને દિવસો સુધી રહ્યા કર્યો હતો.

## ● શબ્દસમજૂતી

**વેવિશાળ** સગાઈ **લાયન્સ ક્લબ** એક આંતરરાષ્ટ્રીય સામાજિક સંસ્થા **દિગ્મૂઢ** આશ્ચર્યચકિત **વિકટ** કઠિન **નુસખા** ખોટા દાવા, પ્રયોગો **ગલ્લાંતલ્લાં** આડુંઅવળું **અમોઘ** મૂલ્યવાન **મશગૂલ** તલ્લીન

## ● રૂઢિપ્રયોગ

**ઝંખવાણા પડી જવું** - છોભીલા પડી જવું, ખસિયાણા પડી જવું.

**સ્તબ્ધ થઈ જવું** - આશ્ચર્યચકિત થઈ જવું.

**ઠાવકાઈથી કહેવું** - ગંભીરતાથી કહેવું.

**મોતિયા મરી જવા** - હોશ ગુમાવવો, હિંમત હારી જવી.

**ભરાઈ પડવું** - ફસાઈ જવું

## ● ભાષાસજ્જતા

### ● નામપદ ●

**નીચેનાં વાક્યો વાંચો અને ઘાટા શબ્દો શું સૂચવે છે તે સમજો :**

- તે **ટિકિટ** લાવ્યો છે.
- **વેદસાહેબ**નો પત્ર છે.
- **કાગળ** કાઢીને મારા **હાથ**માં મૂક્યો.
- **નિરંજન** એક **રવિવારે** મારે ત્યાં આવ્યો.

પહેલા વાક્યમાં ટિકિટ વિશેની, બીજામાં પત્ર વિશેની, ત્રીજામાં કાગળ વિશેની, ચોથામાં નિરંજન વિશેની વાત છે. તે શબ્દો કોઈ પદાર્થ, વ્યક્તિ વગેરેને સૂચવે છે.

ટિકિટ, પત્ર, કાગળ, હાથ, નિરંજન, રવિવાર વગેરે નામો છે. વ્યક્તિ, પદાર્થ, વસ્તુ વગેરેની ઓળખ માટેના શબ્દને નામ કહે છે.

- વ્યક્તિને સૂચવતા નામને વ્યક્તિવાચક નામ કહે છે.

  દા.ત; હેત્વી, ક્રીતુ, દિયા
- પદાર્થ જો દ્રવ્યને સૂચવતો હોય તો દ્રવ્યવાચક નામ કહે છે.

  દા.ત; ઘી, તેલ
- આખી જાતિને સૂચવતા નામને જાતિવાચક નામ કહે છે.

  દા.ત; ગાય, બકરી, છોકરો
- આખા જૂથ કે સમૂહને એક સાથે સૂચવતા નામને સમૂહવાચક નામ કહે છે.

  દા.ત; લશ્કર, ટોળું, વર્ગ
- કશા ભાવને સૂચવતા નામને ભાવવાચક નામ કહે છે.

  દા.ત; પ્રેમ, ગુસ્સો
- ક્રિયાને સૂચવતા નામને ક્રિયાવાચક નામ કહે છે.

  દા.ત; દોડ, ચાલ, ખેંચ

આ નામો જ્યારે વાક્યમાં વપરાય છે ત્યારે નામપદ તરીકે ઓળખાય છે. એક વાક્યમાં એક કે એક કરતાં વધુ નામો હોઈ શકે. કારણ કે એમાં ઘણી વ્યક્તિઓ, પદાર્થોની વાત કરવામાં આવી હોય છે.

## ● અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) ફિલ્મ જોવા જવા માટે બંને મિત્રો પાસે શું નહોતું ? ☐

(ક) સમય (ખ) ટિકિટ (ગ) પૈસા (ઘ) અનુકૂળતા

(2) પત્ર કોણે લખ્યો હતો ? ☐

(ક) નિરંજનના કાકા (ખ) લેખક

(ગ) નિરંજન (ઘ) મૅનેજર

(3) મૅનેજર પત્રને વાંચી શક્યા નહિ. ☐

(ક) કેબિનમાં પૂરતું અજવાળું નહોતું. (ખ) તેમણે ચશ્માં નહોતા પહેર્યા.

(ગ) પત્ર અંગ્રેજી ભાષામાં લખાયેલો હતો. (ઘ) પત્ર ખરાબ અક્ષરે લખાયેલો હતો.

(4) બંને મિત્રોને શેનો અફસોસ હતો ? ☐

(ક) પત્ર ખોવાઈ ગયો. (ખ) પત્ર વેદસાહેબ પાસે રહી ગયો.

(ગ) પત્ર ફાટી ગયો. (ઘ) નોકરી ન મળી.

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) નિરંજન અને તેના મિત્રએ ફિલ્મ જોવા જવાનું ક્યારે નક્કી કર્યું ?

(2) પત્ર કોણે લખ્યો હતો ?

(3) વેદસાહેબ કયો હોદ્દો ધરાવે છે ?

(4) ફિલ્મ જોવા માટે મૅનેજરે શી વ્યવસ્થા કરી ?

(5) નિરંજનના મિત્રને ક્યાં અને કઈ નોકરી મળી ?

**● સ્વાધ્યાય**

T1A6S2

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) પત્ર જાદુઈ કેમ લાગ્યો ?

(2) નિરંજનને પત્રથી શો લાભ થયો ?

(3) નિરંજનના મિત્રએ પત્રનો કેવો ઉપયોગ કર્યો ?

(4) વેદસાહેબ વિશે પાંચ-સાત વાક્યો લખો.

## 2 નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :

(1) તમે આ પત્રનો ઉપયોગ કેવી રીતે કરશો ?

(2) આ પત્રથી બંને મિત્રોને શો ફાયદો થયો ?

## 3. નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો :

(1) ઝંખવાણા પડી જવું

(2) સ્તબ્ધ થઈ જવું

(3) મોતિયા મરી જવા

## 4. નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકો :

(1) કેમ હું ખોટું કહેતો હતો

(2) તેથી જ મને લાગે છે કે આપણે ફિલ્મ જોઈ શકીશું નિરંજને કહ્યું

(3) ના સાહેબ આપે આજે અમને ઘણી મદદ કરી છે

## 5. નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદ શોધી તેની મૂળ જગ્યા પર મૂકી, વાક્ય ફરીથી લખો :

(1) આવો ખાવા મારાં ચાખેલાં બોર.

(2) રાજાએ સાંભળ્યો ફકીરનો જવાબ.

(3) ચારે બાજુ હતાં પંખીઓનાં વીખરાયેલાં પીંછાં.

(4) બા તો ગયાં સીધાં બાપુ પાસે.

(5) તમે વાપરી હશે લાકડામાંથી બનાવેલી કાંસકી.

## 6. સૂચના પ્રમાણે કરો :

(1) આ પાઠમાં વપરાયેલા અંગ્રેજી શબ્દોની યાદી કરો.

(2) વ્યવહારમાં વપરાતા આવા બીજા અંગ્રેજી શબ્દોની યાદી કરો.

(3) આ શબ્દો પૈકી કોઈ પણ બે શબ્દો પરથી ત્રણ-ત્રણ વાક્યો બનાવો.

### ● પ્રવૃત્તિ

(1) રમૂજી ટુચકા પ્રાર્થના - સંમેલનમાં કે વર્ગમાં રજૂ કરો.

(2) આપણા હાસ્યલેખકો અને તેમની કૃતિઓની જાણકારી મેળવો.

(3) હાસ્યકલાકાર અને હાસ્યલેખક વચ્ચેનો તફાવત શિક્ષકની મદદથી જાણો.

# 12. રાવણનું મિથ્યાભિમાન

L2Y9F6

**ગિરધર**

**જન્મ : 1787, અવસાન : 1852**

કવિ ગિરધરદાસનો જન્મ વડોદરા જિલ્લાના માસર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ગરબડદાસ. 'ગિરધરકૃત રામાયણ' અને 'રાજસૂયયજ્ઞ' તેમનાં જાણીતાં પુસ્તકો છે.

'ગિરધર' મૌલિક, કલ્પિત કે ઐતિહાસિક કથાનું વિશદ રીતે આલેખન કરે છે અને એ રીતે કથાનિરૂપણનો નિરાળો રસ પેદા કરે છે.

સીતાના સ્વયંવર માટે જનકરાજાએ દરબારમાં શિવજીએ આપેલું ત્ર્યંબક નામનું ધનુષ્ય મૂક્યું હતું અને જાહેર કર્યું હતું કે જે કોઈ રાજા એ ધનુષ્ય ઉપાડી શકશે, તેની સાથે તેની પુત્રી સીતાનાં લગ્ન થશે. લંકાનો રાજા રાવણ પણ સીતાના સ્વયંવરમાં હાજર રહ્યો હતો. તેને પોતાના બળનું અભિમાન હતું. એ રુઆબભેર ધનુષ્ય પાસે ગયો પણ ધનુષ્ય ઊપડ્યું નહિ અને તે ધનુષ્યતળે દબાઈ ગયો. તેની ભારે ફજેતી થઈ. એ પ્રસંગનું કવિએ આ કાવ્યમાં સુંદર વર્ણન કર્યું છે.

અભિમાન કરીને બોલિયો, તે સમયે રાવણરાજ :

''અલ્યા જનક ! તે શું પણ કર્યું છે ? કહે મુજને આજ.''

તવ વિદેહે ત્ર્યંબક દેખાડ્યું, રાવણને તત્કાળ :

''એ ચાપ ચઢાવે તેને કન્યા, આરોપે વરમાળ.''

એવું સાંભળીને અટ્ટહાસે, હસ્યો રાવણ રાય;

''કૈલાસ સરખો હલાવ્યો, કોણ માત્ર ધનુષ કહેવાય ?

મેં અમર બંદીવાન કીધા, હું રાવણ બળિયો સત્ય,

કંદુકની પેરે ઉછાળું મેરુ, મંદ્રાચળ પરવત.

પૃથ્વી ઊંધી કરી નાખું, પલકમાં નિરધાર;

બ્રહ્માંડ ચાક ચડાવું તો, એ ધનુષના શા ભાર ?''

એમ ઘણાં વચન બોલી, પછે ઊઠિયો રાવણરાય;

વસ્ત્રાભૂષણ સંભાળીને, ધનુષ ભણી તે જાય.

ત્યારે સીતાને ચિંતા થઈ, જે રાવણ કરશે કામ;



પછે સ્તુતિ શિવઉમિયા તણી, કરતાં સતી અભિરામ :

''મહારાજ શિવ સંકટહરણ, રાખજો મારી લાજ;

હાલે નહિ રાવણ થકી, ત્ર્યંબક તમારું આજ.''

એમ સીતાના મન તણી ચિંતા, જાણી રામે એહ;

કરી વિકટ દૃષ્ટિ ધનુષ્ય ઉપર, થયું ગૌરવ તેહ.
રાવણે આવી બાથ મારી વીશ કરશું ત્યાંહ્ય;
લેશ હાલે નહિ તે, ઘણો ભાર ત્ર્યંબક માંહ્ય.
તદા થયો નિસ્તેજ રાવણ, સ્પર્શતાં શિવચાપ;
હલાવ્યું હાલે નહિ, ત્યારે પામ્યો મન પરિતાપ.
પછે અધર પીસે દંત, રીસે રક્તલોચન ક્રોધ,
ધનુષ તે તવ ઉપાડ્યું, ઘણું જોર કરીને જોધ.
પરસ્વેદ ચાલ્યો અંગથી, ઊંચું કર્યું બલવાન;
ઘણો શ્વાસ ચઢિયો શૂરને, થયું મન ઘણું અભિમાન.
ઊભું કર્યું જવ ધનુષ્યને, અતિ બળ કરી મહાકાય,
કર માંહેથી લથડ્યું તદા, તવ પડ્યો રાવણરાય.
પૃથ્વી ઉપર પડ્યો દશમુખ, થયો પૂર્ણ પ્રહાર;
તેની ઉપર પડ્યું ત્ર્યંબક, ચંપાયો તેણી વાર.
તે ભડાકો સબળો થયો ઘણી ઊડી રજ તે ઠાર;
રુધિર ચાલ્યું મુખ થકી, કચ્ચર થયો નિરધાર.
પોકાર કરતો બોલિયો, ‘‘તમે સુણો સરવે જન !
હું દબાયો છું, મને કાઢો, થાય પીડા તન.
અરે જનક ! મુજને કાઢ વહેલો, જશે મારા પ્રાણ;
તો કુંભકરણ, ઇંદ્રજિત, તુજને મારશે નિરવાણ.

પુરભંગ કરશે અસુર તારું, લેશે મારું વેર;
પામું નવો અવતાર જો, જાઉં જીવતો મુજ ઘેર.''
એમ તે સમે ચંપાયો રાવણ, થયું દુઃખ અપાર,
પૃથ્વી પર પડ્યો નિશિચર, કરે મુખ પોકાર.
પોકાર કરતો મુખે રાવણ, પીડા પામે તન રે;
ત્યારે સર્વ સભા સાંભળતાં, બોલ્યા જનકરાય વચન રે.

–'ગિરધરકૃત રામાયણ'

## • શબ્દસમજૂતી

**વિદેહ** જનક રાજાનું એક નામ **ત્ર્યંબક** શિવજીના ધનુષ્યનું નામ **ચાપ** ધનુષ્યની પણછ **અટ્ટહાસ્ય કરવું** ખડખડાટ હસવું **કંદુક** રમવાનો દડો **બંદીવાન** કેદી **ભૂષણ** ઘરેણું **અભિરામ** મનોહર **સંકટહરણ** (અહીં) દુઃખ હરનાર **નિસ્તેજ થવું** ઝંખવાવું **પરિતાપ** સંતાપ **અધર** નીચલો હોઠ **જોધ** યોદ્ધો **પરસ્વેદ (પ્રસ્વેદ)** પરસેવો **પ્રહાર** ઘા **કચ્ચર થવો** (અહીં) કચડાવું **પુરભંગ** નગરનો નાશ **ચંપાવું** (અહીં) દુઃખથી દાઝવું **નિશિચર** રાક્ષસ **વસ્ત્રાભૂષણ** (વસ્ત્ર - આભૂષણ) કપડાં અને ઘરેણાં **બ્રહ્માંડ ચાક ચઢાવું** સમસ્ત વિશ્વને ગોળ ફેરવવું **નિરધાર (નિર્ધાર)** નક્કી **વિકટ દૃષ્ટિ** તીક્ષ્ણ નજર **ગૌરવ** (અહીં) ભારેખમ **વીશ** (અહીં) વીસ **સ્વયંવર** કન્યા પોતે વર પસંદ કરે તે માટેનો સમારંભ **તતકાળ (તત્કાળ)** તે જ વખતે **રક્તલોચન** લાલ આંખો **મેરુ, મંદ્રાચળ** પર્વતોનાં નામ **કરશું** હાથ વડે **શિવચાપ** શિવજીનું ધનુષ્ય ત્ર્યંબક

## • ભાષાસજ્જતા

### • વાર્તાલેખન •

વાર્તા સૌને સાંભળવી કે વાંચવી ગમે છે. વાર્તારસ માણવાની માણસને મઝા આવે છે. ઘણી વાર્તાઓમાં જીવનબોધ મળે, તેવો સાર સચોટ રીતે પ્રગટ થતો હોય છે.

પરંતુ રસ જમાવે તેવી રીતે વાર્તા કહેવાનું કે લખવાનું બધાંને ફાવતું હોતું નથી. તેથી વાર્તા લખવાનો મહાવરો જરૂરી છે. તે માટે વાર્તાલેખનનાં જરૂરી પાસાં સમજવાં જોઈએ. એને આધારે વાર્તાઓ લખવી જોઈએ. આમ, વાર્તા લખવાનો મહાવરો થાય, તો પછી સ્વતંત્રપણે વાર્તા લખી શકાય છે.

### મુદ્દા ઉપરથી વાર્તા લખવા માટે નીચેની બાબતોને ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ :

(1) આપેલા મુદ્દાઓને માત્ર જોડવાના નથી. દરેક મુદ્દાનો કલ્પનાની મદદથી વિસ્તાર કરવો જોઈએ.

(2) વિસ્તારમાં શક્ય હોય ત્યાં પાત્ર, પ્રસંગ, સ્થળ કે સમયનું વર્ણન કરવું જોઈએ. વર્ણન હૂબહૂ અને ટૂંકું હોવું જોઈએ.

(3) પ્રસંગો કે વર્ણનો એકબીજાં સાથે એવી રીતે સાંકળવાં જોઈએ કે વાર્તા તૂટક ન લાગે, પણ સળંગ લાગે.

(4) જરૂરી હોય ત્યાં સંવાદો લખવા જોઈએ. સંવાદો ટૂંકા અને સ્વાભાવિક હોવા જોઈએ.

(5) પ્રસંગો, વ્યક્તિઓ કે સંવાદોનું વર્ણનમાં પ્રમાણ જળવાવું જોઈએ. અતિ લાંબું વર્ણન ન કરવું જોઈએ.

(6) વાર્તાના મુખ્ય વિચાર, પ્રસંગ કે સંવાદ મુજબ ફકરા પાડવા જોઈએ.

(7) વાર્તાનો અંત વાર્તાના હેતુને સ્પષ્ટ કરે તેવો અને બંધબેસતો હોવો જોઈએ.

(8) વાર્તાને યોગ્ય શીર્ષક આપવું જોઈએ. શીર્ષક વાર્તાના હેતુ પરથી કે ધ્યાન ખેંચતી મુખ્ય બાબત ઉપરથી આપવું જોઈએ. શીર્ષક ટૂંકું હોવું જોઈએ.

## • અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) સીતાના સ્વયંવરમાં મૂકેલ ધનુષ્યનું નામ શું હતું ? ☐

(ક) ત્ર્યંબક (ખ) ગાંડીવ (ગ) પરાશર (ઘ) અનુષ્કા

(2) સીતા સ્વયંવરમાં મૂકેલું ધનુષ્ય કોનું હતું ? ☐

(ક) શિવનું (ખ) કૃષ્ણનું (ગ) રામનું (ઘ) જનકનું

(3) 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યમાં આખરે રાવણ... ☐

(ક) ઘવાયો (ખ) દબાયો (ગ) બેભાન થયો (ઘ) મૃત્યુ પામ્યો

**2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) સભામંડપમાં રાવણ કેવી રીતે બોલ્યો ?

(2) શિવ-ઉમિયાની સ્તુતિ કોણે કરી ?

(3) રાવણ પોતાના હોઠ દાંત વડે શા માટે પીસે છે ?

(4) જનકરાજાએ સ્વયંવર વખતે શી શરત મૂકી હતી ?

(5) રાવણના મતે જનકરાજાને કોણ મારશે ?

## • સ્વાધ્યાય

D3F2I1

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) રાવણને પોતાનાં કયાં-કયાં પરાક્રમોનું અભિમાન હતું ?

(2) સીતાએ ભગવાન શિવને શી પ્રાર્થના કરી ?

(3) ધનુષ્ય ઉપાડવા જતાં રાવણની શી દશા થઈ ?

(4) ધનુષ્ય નીચે દબાયેલા રાવણે જનકને શું કહ્યું ?

(5) રાવણ ઉપર ધનુષ્ય પડતાં શી દશા થઈ ?

**2. નીચેનાં પાત્રો વિશે બે-ત્રણ વાક્યો લખો :**

(1) રાવણ (2) જનક

(3) સીતા (4) રામ

(5) કુંભકર્ણ (6) ઇંદ્રજિત

**3.** 'સીતાસ્વયંવર' વિશે વધુ માહિતી મેળવીને લખો.

**4. આ કાવ્યની પ્રસંગકથાનું વર્ણન તમારા શબ્દોમાં લખો.**

## 5. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો આપો :

(1) તત્કાળ - ____________ (2) રક્ત - ____________

(3) કંદુક - ____________ (4) લોચન - ____________

(5) ભૂષણ - ____________ (6) નિશિચર - ____________

(7) અધર - ____________ (8) પુર - ____________

## 6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

મેરુ, ચાપ, ભૂષણ, અભિમાન, નિશિચર

### • પ્રવૃત્તિ

(1) 'ઘમંડ કે મિથ્યાભિમાનથી પતન થાય છે,' તે વિશેની કોઈ વાર્તા મેળવી વર્ગમાં કે પ્રાર્થના-સંમેલનમાં રજૂ કરો.


(2) શિક્ષક પાસેથી અસ્ત્ર અને શસ્ત્રની માહિતી મેળવો.

(3) પૌરાણિક પ્રસંગકથાઓ મેળવો, વાંચો અને રજૂ કરો.

(4) રામાયણમાં આવતાં પાત્રોની યાદી તૈયાર કરો.

P7C5K3

# 13. સાગરકાંઠાનો પ્રવાસ



**રઘુવીર ચૌધરી**

**જન્મ : 5-12-1938**

રઘુવીર દલસિંહ ચૌધરીનો જન્મ ગાંધીનગર જિલ્લાના બાપુપુરા ગામે થયો છે. કૉલેજ કક્ષાએ વરસો સુધી અધ્યયન-અધ્યાપનકાર્ય કર્યું છે. તેઓ આપણા જાણીતા નવલકથાકાર અને નાટ્યકાર છે. કવિતા, ટૂંકી વાર્તા, વિવેચન, નિબંધ વગેરે ક્ષેત્રે યશસ્વી પ્રદાન કર્યું છે. 'ઉપરવાસ કથાત્રયી' તેમની પુરસ્કૃત થયેલી નવલકથા છે. 'ઝૂલતા મિનારા' નાટકસંગ્રહ અને 'સહરાની ભવ્યતા' નિબંધસંગ્રહ પણ તેમણે પ્રસિદ્ધ કર્યા છે. તેઓ કલાનો કસબ જાળવી મૂલ્યનિષ્ઠ સાહિત્યનું સર્જન કરે છે.

ગુજરાતના દરિયાકાંઠે આવેલાં જાણીતાં સ્થળો માધવપુર, દ્વારકા, સોમનાથ, દીવ, દાંડી, માંડવી જેવાં સ્થળોનું રસપ્રદ શૈલીમાં વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત એકમ દ્વારા આપણને ગુજરાતના દરિયાકાંઠાની વિશેષતાઓનો પરિચય મળે છે. સાથે-સાથે પ્રવાસના આયોજન બાબતે પણ ખ્યાલ આવે છે.

વર્ગશિક્ષક સોમનાથે પ્રવાસનું સ્થળ નક્કી કરવા ત્રણ વિદ્યાર્થીઓની સમિતિ નીમી હતી : રેવતી, વરુણ અને સિંધુ. ઘંટ વાગતાં ચર્ચા અટકી. સોમનાથે પ્રવેશ કરવાની સાથે પાટિયા પર નજર કરી. એ ભૂગોળના શિક્ષક હતા અને કુદરત વિશેની કવિતાના ચાહક હતા. પાટિયા પર લખાયેલી પંક્તિઓ વાંચી રાજી થયા. વિદ્યાર્થીઓ સામે ફરીને બોલ્યા :

**'રેલાઈ આવતી છોને બધી ખારાશ પૃથ્વીની**
**સિન્ધુના ઉરમાંથી તો ઊઠશે અમી વાદળી.'**

આ પહેલાંના તાસમાં ગુજરાતીના શિક્ષકે આ મુક્તક લખ્યું હશે, એમ માનીને સોમનાથ ભૂંસવા ગયા, ત્યાં રેવતીએ વિનંતી કરી : 'રહેવા દો સાહેબ, એ સુભાષિત જન્મદિવસની શુભેચ્છા છે.'

સોમનાથે એમની ડાયરી ખોલી. પોતાના વર્ગના દરેક વિદ્યાર્થીને એના જન્મદિવસે એ શુભેચ્છા આપતા. આજે પોતે કેમ ચૂકી ગયા ? આજે તો વર્ગના પ્રતિનિધિ સિંધુનો જ જન્મદિવસ છે. સિંધુને શુભેચ્છા આપી. એ

પગે લાગીને ઊભો રહ્યો. રેવતી સિંધુની પાટલી પરથી મીઠાઈનું પડીકું લઈ આવી. સોમનાથે પહેલો ટુકડો લીધો, 'અરે વાહ ! છે સુખડી પણ મોહનથાળ જેવી પોચી !'

રેવતી વિદ્યાર્થીઓને મીઠાઈ વહેંચતી હતી, એની સાથે પ્રવાસના સ્થળ અંગે સમિતિનો અભિપ્રાય સિંધુએ જાહેર કર્યો. 'કચ્છનું માંડવી, સૌરાષ્ટ્રનું માધવપુર અને દક્ષિણ ગુજરાતનું તીથલ આ ત્રણમાંથી સાહેબ નક્કી કરે તે.'

'શાબાશ ! તમે દરિયાકિનારાનાં સ્થળ પસંદ કર્યાં એ મને ગમ્યું. છેલ્લે આપણે આબુ-અંબાજી ગયાં હતાં. રસ્તામાં મેં તમને એક લેખ વાંચી સંભળાવ્યો હતો : 'પુણ્યના પર્વત જેવા રવિશંકર મહારાજ !' એના લેખક હતા -

'સ્વામી આનંદ !' - સિંધુએ કહ્યું.

પર્વતની ઊંચાઈ જોનારે સમુદ્રના ઊંડાણ વિશે પણ જાણવું જોઈએ. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજી ઇંગ્લૅન્ડ જઈ રહ્યા હતા. ઝવેરચંદ મેઘાણીને ખાતરી હતી કે બાપુ અપમાન વેઠી લેવાની ઉદારતા ધરાવે છે. તેથી એમણે ગાયેલું : 'સાગર પીનારા અંજલિ નવ ઢોળજો બાપુ !' ગાંધીજી દરિયાવદિલ હતા. એમણે કદી કોઈને શાપ ન આપ્યો. આશીર્વાદ આપ્યા. એમના હૃદયમાંથી અમી વાદળી ઊઠી.

'સાહેબ પ્રવાસનું સ્થળ નક્કી કરવાનું ભૂલી ગયા લાગે છે.' રેવતીએ વરુણ સામે જોઈને સોમનાથ સાંભળે એ રીતે કહ્યું. સોમનાથે તુરત પીઠ ફેરવી, મુક્તક ભૂંસ્યા વિના પાટિયા પરની બાકીની જગાએ પશ્ચિમ ભારતનો નકશો દોરીને દરિયાકિનારાનાં સ્થળોનાં નામ લખવા માંડ્યાં. છેક ઉપરના કોટેશ્વર, નારાયણસરોવરથી શરૂઆત કરી. માંડવીના નામ સામે વહાણ ચીતર્યું. પછી દ્વારકા - બેટદ્વારકા લખ્યું. 'બોલો હવે શું લખું ?'

'માધવપુર !' છેલ્લી પાટલી પર બેઠેલા વિદ્યાર્થીએ કહ્યું. 'મેં માધવપુર જોયું છે. એના વિશેનો લેખ પણ લાવ્યો છું. લો વાંચો.'

વિદ્યાર્થીઓને સોમનાથ પ્રોત્સાહન આપે છે. એ બને એટલું જાતે ભણે તો વધુ સારું એવું તે માને છે, તેથી લેખ વાંચવા લાગ્યા :

'માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન છે. અહીં સદીએ-સદીએ મહાન સંતો આવ્યા છે. અહીં સદીઓ જૂનાં ઝાડ છે : આંબલી, રાયણ, નાળિયેરી બેશુમાર છે. પપૈયાં છે. અહીંના પોપટ પણ પપૈયા જેવા તાજામાજા છે. અહીં રુક્મિણી-શ્રીકૃષ્ણનાં લગ્ન દર વર્ષે ઊજવાય છે. ભવનાથ અને તરણેતરની જેમ અહીંનો મેળો જાણીતો છે. અહીં ભાદર, ઓઝત અને મધવંતી નદીઓ સમુદ્રને મળે છે. આખા ઘેડ વિસ્તારને હરિયાળો અને ફળદ્રુપ રાખે છે. અહીંનો દરિયાકિનારો વિશાળ અને ઊજળો છે. ઘણા પ્રવાસીઓ ચોરવાડ કરતાં માધવપુરના દરિયાકિનારાને વધુ પસંદ કરે છે. ત્યાંના સૂર્યોદય અને સૂર્યાસ્ત જોઈ મુગ્ધ થઈ જવાય છે.

'તો ચાલો માધવપુર !' - રેવતી બોલી.

સોમનાથે રેવતી - બલરામનાં પૌરાણિક પાત્રોનો પરિચય આપી આગળ વધવાનું પસંદ કર્યું. ‘સોમનાથ’ લખ્યું.

‘સાહેબ પોતાનું નામ લખવાની ઉતાવળમાં સુદામા અને ગાંધીજીના વતનને ભૂલી ગયા.’ - સિંધુએ વિનયવિવેક જાળવીને કહ્યું. ‘અરે હા ! દ્વારકા અને માધવપુર વચ્ચે પોરબંદર ખરું. રાષ્ટ્રપિતાના જન્મસ્થળને કેમ ભુલાય ? અને ત્યાંનો દરિયો પણ મુંબઈના ચોપાટી વિસ્તારને ભુલાવી દે એવો છે. તો સોમનાથનું પ્રભાસક્ષેત્ર મનુષ્યના પુરાતન નિવાસનું કેન્દ્ર છે. આ વિસ્તારમાંથી મનુષ્યની પ્રાચીનમાં પ્રાચીન ખોપરી મળી છે. અહીંનું મંદિર અનેક વાર તૂટ્યું, પણ ભક્તોની શ્રદ્ધા વધતી રહી. અત્યારે જે ભવ્ય મંદિર આખા દેશના યાત્રીઓને ખેંચી લાવે છે એ સાતમું છે. દ્વારકાનું ત્રિલોક સુંદર જગતમંદિર પણ સમુદ્રકિનારાની શોભા છે.’

‘સર, તમે એક વાર સાત દ્વારકાની વાત કરતા હતા-’

‘હા, એ માટે આપણે પાંચ હજાર વર્ષના ઇતિહાસમાં દાખલ થવું પડે. વિદ્વાનો કહે છે કે અત્યારનું મંદિર સાતમી વાર બંધાયેલું છે, તો કેટલાક સંશોધકો જુદાં-જુદાં સ્થળોને દ્વારકા તરીકે ઓળખાવે છે. દ્વારકા એટલે ભારતમાં સમુદ્રમાર્ગે પ્રવેશવાનું દ્વાર - ‘ગેટ વે ઑફ ઇન્ડિયા !’ એમ તો દીવ દ્વારા પણ વિદેશીઓ ભારતમાં ક્યાં નથી પ્રવેશ્યા ? તળાજા પાસેનું ભવનાથ મંદિર ! ‘આજ મહારાજ જલ પર ઉદય જોઈને-’ કવિ કાંતનું એ કાવ્ય ભવનાથના સાગરકિનારે રચાયેલું. નજીકમાં મણાર-અલંગમાં વહાણ તોડવાનું વિશ્વવિખ્યાત કેન્દ્ર છે. પ્રાચીન કાળમાં ધોલેરા-લોથલ સુધી વહાણવટું ચાલતું.

‘લોથલ અને તીથલને કશો સંબંધ ખરો ?’- વરુણે પૂછ્યું.

‘સંબંધ સમુદ્રના 1666 કિમી લાંબા કિનારાનો ! પણ જો આપણે તીથલ જઈશું, તો દાંડીનાં દર્શન પણ કરીશું. સમુદ્ર ઉદાર હૈયે માનવજાતિને મીઠું પૂરું પાડે છે. અંગ્રેજોએ એના પર વેરો નાખ્યો. ગાંધીજીએ એક મુઠ્ઠી મીઠું લઈને સત્યાગ્રહ કર્યો– વેરો નાખવાના કાયદાને પડકાર્યો. આખો દેશ બેઠો થયો. ભારત પર દરિયાના ઉપકાર કંઈ ઓછા નથી.

‘સર, આપણે દીવથી દાંડી સુધી નૌકાનો પ્રવાસ કરીએ, તો કેવી મઝા આવે ! કહે છે કે પહેલાં લોકો સોમનાથથી સીધા ખંભાત જતા !’

‘મોટા થાઓ પછી જજો. આપણે પહેલાં જાણવું જોઈએ કે કઈ મોસમમાં ક્યાંથી ક્યાં જવાય ? માંડવી અને માધવપુરના દરિયાકિનારે રેતીના વિશાળ પટ છે, તો દીવ અને સોમનાથ પાસે કિનારાથી જ ઊંડાણ શરૂ થઈ જાય છે. દરેક બંદરના કાંઠાના જળનો નોખો રંગ અને નોખું વ્યક્તિત્વ હોય છે. ગુજરાતીઓ દરિયાખેડુ ગણાય છે, કેમકે એ દરિયાને ઓળખે છે. પૂજે છે. ઝૂલેલાલનાં ગીત તમે સાંભળ્યાં હશે. સિંધીઓ એ ગાય છે. ઝૂલેલાલે હિન્દુ-મુસ્લિમને

એક માન્યા છે. એ વરુણદેવનો અવતાર ગણાય છે.

'તો તો હું મારું નામ દરિયાલાલ રાખી શકું.' વરુણે કહ્યું. ત્યાં સિંધુ સાહેબની રજા લઈને ગાવા લાગ્યો :

'ઓ લાલ મેરી પત રખિયો બલા ઝૂલે લાલણ...!'

આખો વર્ગ તાળીઓ સાથે જોડાયો.





- **શબ્દસમજૂતી**

**ઉર** હૃદય **અમી** અમૃત, મીઠાશ **પ્રતિનિધિ** ને બદલે, ના તરફથી કામ કરવા નિયુક્ત થયેલો માણસ **લેખ** લખેલું તે, લખાણ **અંજલિ** ખોબો, પોશ **નોખું** જુદું, અલગ **અવતાર** જન્મ, દેહધારણ, સંસારમાં (પ્રભુ કે દેવનો) જન્મ થવો

- **રૂઢિપ્રયોગ**

**દરિયાવદિલ હોવું** - ઉદાર દિલવાળા હોવું.

**અમીવાદળી ઊઠવી** - કૃપા થવી, મહેર થવી.

- **ભાષાસજ્જતા**

**• ક્રિયાપદ •**

- **નીચેનાં ત્રણ વાક્યો વાંચો :**

(1) ઘંટ વાગતાં ચર્ચા અટકી.

(2) સોમનાથે એમની ડાયરી ખોલી.

(3) માધવપુર સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન છે.

પહેલા વાક્યમાં કોઈ ઘટના બની તેની વાત છે. ચર્ચા શરૂ થાય કે ચાલે એ જેમ ઘટના છે તેમ અટકે એ પણ ઘટના છે. એની જાતે સહજ અથવા કોઈ કુદરતી સંજોગો અનુસાર એ થાય. 'અટકવું' એ પ્રક્રિયા છે. બીજા વાક્યમાં સોમનાથે કોઈ ક્રિયા એની વાત છે. 'સોમનાથે' ઈરાદાપૂર્વક, સ્વતંત્ર ઈચ્છાથી એ પ્રવૃત્તિ કરી તેથી ક્રિયા ગણાય. 'ખોલવું' એ ક્રિયા છે. ત્રીજા વાક્યમાં માધવપુરની સ્થિતિનું વર્ણન છે. વાક્યમાંનું ક્રિયાપદ 'છે' સ્થિતિનું વર્ણન કરે છે.

વાક્યમાં સામાન્ય રીતે ઓછામાં ઓછું એક નામપદ અને એક ક્રિયાપદ હોય. વાક્યરચનામાં નામપદ પહેલાં આવે અને ક્રિયાપદ અંતે આવે. આ ક્રિયાપદ નામ તરીકે આવેલી વ્યક્તિ, પદાર્થ વગેરે કઈ પરિસ્થિતિમાં છે તે દર્શાવે છે. નામ જો સ્થિર સ્થિતિમાં છે એમ સૂચવાય તો તેને સ્થિતિ કહે છે. નામની હલન-ચલનની પરિસ્થિતિ સૂચવાય અને તે હલન-ચલન માટે નામ દ્વારા સૂચવાયેલી વ્યક્તિ, પદાર્થ વગેરે ઈરાદાપૂર્વક જવાબદાર ન હોય તો તેને પ્રક્રિયા કહે છે. જો હલન-ચલન સાથે જોડાયેલી વ્યક્તિએ એ હલન-ચલન ઈરાદાપૂર્વક-સ્વતંત્ર ઈચ્છાથી કર્યું હોય તો તેને ક્રિયા કહે છે.

નીચે વાક્ય વાંચો અને નામપદ-ક્રિયાપદ ક્યાં છે તે જુઓ.

- સોમનાથે એમની ડાયરી ખોલી.

ઉપરના વાક્યમાં **સોમનાથે, ડાયરી** જેવા શબ્દો નામપદ બતાવે છે અને **ખોલી** એ ક્રિયાપદ બતાવે છે. આવાં બીજાં વાક્યો પાઠમાંથી શોધો.

જેમ-જેમ વાક્યો તપાસતાં જશો તેમ-તેમ તમને ખબર પડશે કે વાક્યમાં ક્રિયાપદ તો એક જ હોય છે અને નામપદ એક હોય અથવા વધુ પણ હોય. એક સાદા વાક્યમાં એક ઘટના, ક્રિયા અથા સ્થિતિ હોય. એની સાથે વ્યક્તિ કે પદાર્થો વધુ હોઈ શકે. 'રમવાની' ક્રિયા હોય તો માણસ એકલો-એકલો રમે અથવા બે કે વધુ માણસો હોય. 'કાપવાની' ક્રિયા હોય તો કાપનાર વ્યક્તિ, કપાનાર પદાર્થ અને કાપવાનું સાધન - પદાર્થ પણ હોય, ખરું ને !

તો હવે, આપણી પાસે વાક્યની રચનાના બે મુખ્ય ઘટકો આવ્યા : નામપદ અને ક્રિયાપદ.

**નામપદ** - વ્યક્તિ કે પદાર્થ બતાવે.

તે ક્રિયાપદની પહેલાં ગોઠવાય.

**ક્રિયાપદ** - ઘટના કે સ્થિતિ બતાવે.

વાક્યને અંતે ગોઠવાય.

વાક્યમાં જેટલાં નામપદો હોય એ સામાન્ય રીતે ક્રિયાપદ પહેલાં આવે. યાદ રાખજો કે વાક્યરચના સમજવાનો આ પાયો છે. એ એકવાર તમને સમજાઈ જાય પછી ક્યાંય ખાસ તકલીફ પડતી નથી.

**● અભ્યાસ**

**1. નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) વર્ગશિક્ષકે ત્રણ વિદ્યાર્થીઓની સમિતિ કેમ નીમી હતી ? ☐

(ક) શાળાવ્યવસ્થા માટે (ખ) વર્ગની શિસ્ત માટે

(ગ) પ્રવાસ સ્થળ નક્કી કરવા (ઘ) બોર્ડ પર સમાચાર લખવા

(2) શિક્ષક સોમનાથભાઈ વિદ્યાર્થીને એના જન્મદિને શું આપતા ? ☐

(ક) શુભેચ્છા (ખ) મીઠાઈ (ગ) પુસ્તકો (ઘ) જીવન અંગે સૂચનો

(3) સૌરાષ્ટ્રના સાગરકાંઠાનું વૃંદાવન કોને કહે છે ? ☐

(ક) વેરાવળને (ખ) ભાવનગરને (ગ) દીવને (ઘ) માધવપુરને

**2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) સમિતિમાં કયા ત્રણ વિદ્યાર્થીઓ હતા ?

(2) છેલ્લે કયા સ્થળનો પ્રવાસ યોજાઈ ગયો હતો ?

(3) ઝવેરચંદ મેઘાણીએ બાપુ માટે કયું ગીત ગાયેલું છે ?

(4) સમિતિએ કયા સ્થળનો પ્રવાસ યોજવાનું નક્કી કર્યું ?

(5) વહાણ તોડવાના વિશ્વવિખ્યાત કેન્દ્રનું નામ આપો.

**● સ્વાધ્યાય**

D5I4W7

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) પાટિયા પર કઈ પંક્તિઓ લખાયેલી હતી ?
આ પંક્તિઓ કેમ લખવામાં આવી હતી ?

(2) માધવપુરનું વર્ણન પાઠના આધારે કરો.

(3) ‘દ્વારકા’ વિશે ચાર-પાંચ વાક્ય લખો.

(4) દાંડી શા માટે પ્રખ્યાત હતી ?

(5) આ પાઠમાં ગુજરાતના દરિયાકાંઠાનાં કયાં-કયાં સ્થળોનો ઉલ્લેખ થયો છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :**

(1) તમારા જિલ્લામાંથી કઈ-કઈ નદીઓ પસાર થાય છે ?

(2) આ નદીઓના કિનારે કયાં-કયાં જોવાલાયક સ્થળો આવેલાં છે ?

(3) આ સ્થળો પૈકી કોઈ પણ બે સ્થળોની વિશેષતા લખો.

(4) આ સ્થળો તમારી શાળાથી કેટલા અંતરે આવેલાં છે ?

(5) ગુજરાતીઓ 'દરિયાખેડુ' શા માટે કહેવાય છે ?

**3. શિક્ષકની મદદથી નીચેના ફકરાનું શ્રુતલેખન કરો :**

"માધવપુર સૌરાષ્ટ્રના ......... મુગ્ધ થઈ જવાય છે."

**4. નીચેનાં વાક્યોમાંથી નામપદ અને ક્રિયાપદ શોધી અલગ દર્શાવો :**

(1) મહારાજ ઝાડ પરના માંચડે બેઠા હતા.

(2) પહેલવાન હસી પડ્યો.

(3) લાકડામાંથી રમકડાં અને કાંસકી પણ બને છે.

(4) કનુ શરમાઈ ગયો.

(5) મેં વાડીમાં રીંગણી વાવી છે.

**5. પાઠમાં આવતા 'સ'-થી શરૂ થતા પાંચ શબ્દોની યાદી તૈયાર કરી આ શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

**6. તમે તમારાં માતા-પિતા, ભાઈ-બહેન, મામાની સાથે ક્યાંય ગયાં હશો, તેને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો :**

- તમે પ્રવાસમાં કોણ-કોણ ગયાં હતાં ?
- તમે કઈ ઋતુમાં ગયાં હતાં ?
- પ્રવાસે જવા કેટલા વાગે નીકળ્યાં હતાં ?
- જતાં પહેલાં તમે શી તૈયારી કરી હતી ?
- સામાનમાં સાથે શું-શું લઈ ગયાં હતાં ?

- વચ્ચે કયાં-કયાં સ્થળો આવ્યાં હતાં ?
- મુસાફરીમાં કેટલો સમય લાગ્યો હતો ?
- પીવાના પાણી અને જમવાની શી વ્યવસ્થા કરી હતી ?
- વિસામો અને રાત્રિરોકાણ કયાં સ્થળોએ કર્યું હતું ?
- તમે ત્યાં શું-શું જોયું ?
- તમને આ પ્રવાસ કેવો લાગ્યો ?

**• પ્રવૃત્તિ**

(1) ગુજરાતના નકશામાં દરિયાકાંઠે આવેલાં સ્થળો જુઓ અને યાદી કરો.

(2) તમારા જિલ્લાનો નકશો જુઓ અને તેનો અભ્યાસ કરો.

(3) 'આપણાં જોવાલાયક સ્થળો' અને 'આપણાં યાત્રાધામો' જેવાં પુસ્તકો મેળવીને વાંચો.

(4) તમારા જિલ્લાનાં જોવાલાયક સ્થળો વિશે માહિતી મેળવો.

•

# પુનરાવર્તન 3

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) 'આલાલીલા વાંસડિયા રે વઢાવું' લોકગીતના આધારે વાંસળીનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(2) થિયેટર હાઉસફૂલ હોવા છતાં લેખક અને તેમના મિત્રને ફિલ્મ જોવા માટે મૅનેજરે શી વ્યવસ્થા કરી ?

(3) 'રાવણનું મિથ્યાભિમાન' કાવ્યનો સાર તમારા શબ્દોમાં લખો.

(4) 'ભાલકાતીર્થ' વિશે માહિતી મેળવીને લખો.

**2. નીચે 'અ' વિભાગમાં કૃતિનાં નામ આપ્યાં છે. 'બ' વિભાગમાં તેના સર્જકનાં નામ આપ્યાં છે. તેને યોગ્ય રીતે જોડો :**

| અ | | બ | |
|---|---|---|---|
| (1) | એક જાદુઈ પત્રની વાર્તા | (1) | ગિરધર |
| (2) | રાવણનું મિથ્યાભિમાન | (2) | રઘુવીર ચૌધરી |
| (3) | સાગરકાંઠાનો પ્રવાસ | (3) | પન્નાલાલ પટેલ |
| | | (4) | રતિલાલ બોરીસાગર |

**3. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(1) કન્યા પોતે વર પસંદ કરે તે માટેનો સમારંભ

(2) મોટો સોનાનો પર્વત

(3) ચારે દિશાઓમાં વિજય

(4) વંશપરંપરાથી ચાલતું

(5) ફરીથી થતું નિર્માણ

**4. નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો :**

(1) ''આવો, બેસો ! ચા લેશો ને ?'' ____________

(2) ''મહારાજ શિવ સંકટહરણ, રાખજો મારી લાજ;'' ____________

(3) ''સાહેબ પ્રવાસનું સ્થળ નક્કી કરવાનું ભૂલી ગયા લાગે છે !'' ____________

(4) ''કંદુકની પેરે ઉછાળું મેરુ, મંદ્રાચળ પરવત.'' ____________

**5. કોઈ પણ એક યાત્રાધામ વિશે આઠથી દસ વાક્યો લખો.**

**6. નીચેનાં વાક્યોમાંથી નામપદ શોધીને લખો :**

(1) સીતાએ શિવને પ્રાર્થના કરી.

(2) નિરંજનના પત્રની અસર થઈ.

(3) માધવ મોરલી વગાડે છે.

(4) સીતાએ રામને વરમાળા પહેરાવી.

(5) આ દક્ષિણધ્રુવની દિશા છે.

**7. નીચેનાં વાક્યોમાંથી ક્રિયાપદ શોધીને લખો :**

(1) વાંસળીમાં ફૂમકાં લટકે છે.

(2) થિયેટર પર હાઉસફૂલનું પાટિયું ઝૂલતું હતું.

(3) ફિલ્મ જોવાની મઝા પડી.

(4) જીતની મમ્મી ઊભી છે.

(5) અમે વડોદરાનું સંગ્રહસ્થાન જોયું.

P9F7Y9

# 14. સારા અક્ષર



**પિંકીબહેન પંડ્યા**

**જન્મ : 28-5-1969**

પિંકીબહેન પંડ્યાનો જન્મ અમદાવાદમાં થયો છે. તેઓ અમદાવાદની કૉલેજમાં અધ્યાપિકા છે. 'ગુજરાતી ધ્વનિવ્યવસ્થા', 'ગુજરાતી કોશરચના' અને 'ગુજરાતીના સહાયક ક્રિયાપદો' વિશે એમણે સંશોધનો કર્યાં છે. જેને ગુજ. સાહિત્ય પરિષદ તથા ગુજ. સાહિત્ય અકાદમી તરફથી પુરસ્કારવામાં આવ્યાં છે.

અભ્યાસની સાથે વ્યવહારુ જીવનમાં સારા અક્ષરનું કેટલું બધું મહત્ત્વ છે, તે આ પાઠમાં સંવાદ દ્વારા દર્શાવ્યું છે. 'ચારજો'ને બદલે 'મારજો' વંચાય, ત્યારે કેવી ગરબડ થાય ને અર્થનો અનર્થ થાય તે તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. સાથે-સાથે 'સારા અક્ષર શક્ય છે'-ની ચર્ચા પણ સંવાદ દ્વારા કરવામાં આવી છે.

હાર્દિક : મેહુલ, તું તો લેસન કરવા બેસી ગયો. ચલને રમવા; બધા જ તારી રાહ જુએ છે.

મેહુલ : આ લેસન પૂરું થઈ જાય એટલે શાંતિને !

હાર્દિક : અરે વાહ ! તારી નોટનાં પાનાં કેવાં મસ્ત છે, લીસાં-લીસાં. હં... હવે મને ખબર પડી કે સાહેબ કાયમ તારી નોટ જ ક્લાસમાં કેમ બતાવતા હશે ?

મેહુલ : મારી નોટમાં લીસાં પાનાં છે, એટલે કંઈ સાહેબ ક્લાસમાં નથી બતાવતા. પણ મારા અક્ષર સારા છે અને નોટમાં હું છેકછાક નથી કરતો ને એટલે સાહેબ બધાને બતાવે છે.

હાર્દિક : હા, પણ લીસાં અને સરસ પાનાં હોય, તો અક્ષર સરસ જ આવે ને ! લખવાની પણ મજા આવે.

મેહુલ : લીસાં પાનાં હોય એટલે અક્ષર સરસ આવે એવું ન હોય !

સોનલ : અરે હાર્દિક, તને આ મેહુલને બોલાવવા મોકલ્યો અને તું જ અહીં બેસી પડ્યો. બધા ભિલ્લુ પણ નક્કી થઈ ગયા છે. બધા તમારી વાટ જુએ છે.

મેહુલ : જોને સોનુ, તું જ કહે એને, આ મારી વાત સમજતો નથી.

સોનલ : કેમ, શું થયું ?

મેહુલ : એ મને કહે છે કે મારી નોટમાં પાનાં લીસાં છે, એટલે મારા અક્ષર સરસ આવે છે, એવું તે કંઈ હોતું હશે ?



સોનલ : ના યાર, એવું તો ના હોય, જોને, મારા પપ્પા મારા માટે મોંઘી-મોંઘી નોટ ક્યાં લાવે છે ?

હાર્દિક : મારા પપ્પાને તો હું કહું છું, તોય નથી લાવતા.

રાધા : એવી બધી તો પપ્પાને ખબર પડે જ ને ! જે આપણા કામનું હોય એ મોંઘું હોય તોપણ લાવે અને કામનું ના હોય તો ના પણ લાવે; એમાં શું ?

હાર્દિક : પણ, એટલે તો મારા અક્ષર સારા નથી આવતા.

સોનલ : એવું કશું નહિ, મારા અક્ષર તો ગમે તેના પર લખું પણ સરસ આવે છે.

રાધા : એ તો તું અણીવાળી પેન્સિલથી લખે છે, એના લીધે.

અશરફ : એમાં જ તો તું આખો દિવસ પેન્સિલ છોલ-છોલ કરતી હોય છે.

હાર્દિક : ....ને બે દિવસમાં એક પેન્સિલ પૂરી કરે છે.

સોનલ : એ તો અણી તૂટી જાય, તો છોલવી જ પડે ને ! અને પેન્સિલ જ બટકણી હોય તો હું શું કરું ?

રાધા : સંચાથી છોલે છે, એટલે કદાચ તૂટી જતી હશે. બ્લેડથી છોલીશ તો નહિ તૂટે.

ધવલ : પણ બ્લેડથી છોલવા જતાં પેન્સિલના બદલે આંગળી જ છોલાઈ જાય તો ?

અશરફ : મારી પાસે તો એવી બ્લેડ છે કે અણી ભક્કમદાર થાય, પણ જરાય વાગે નહિ.

રાધા : પણ તારા પપ્પા તો કહેતા હતા કે તારા અક્ષર બહુ ગંદા છે.

અશરફ : અબ્બુ તો એમ જ કહે કે કલમથી લખીએ, તો જ અક્ષર સરસ આવે.

મેહુલ : આ કલમ વળી શું છે ?

અશરફ : એક જાતની પેન જ કહેવાય. બરુ કે એવા કશાકની પેન્સિલ જેટલી લાકડીને આગળથી તીરછી છોલીને એનાથી લખવાનું.

રાધા : લાકડાથી તો કંઈ ના લખાય !

ધવલ : એમાં શાહી કે રીફિલ કેવી રીતે ભરાય ?

અશરફ : કલમમાં રીફિલ ના નખાય અને એમાં શાહી પણ નહિ ભરવાની.

ધવલ-હાર્દિક: તો પછી ?

અશરફ : કલમને દવાતમાં એટલે કે ખડિયામાં બોળવાની અને એનાથી લખવાનું.

હાર્દિક : તો તો વારેઘડીએ ખડિયામાં બોળ્યા જ કરવું પડે !

અશરફ : હાસ્તો, પણ એનાથી લિખાઈ બહુ જ સરસ આવે.

ધવલ : એના કરતાં આપણી બૉલપેન સારી. નહિ અણી છોલવાની ચિંતા, શાહી ભરવાની માથાકૂટ કે ના હાથ ગંદા થાય. રીફિલ ખલાસ થાય, એટલે બદલી કાઢવાની. બસ.

સોનલ : પણ એનાથી તો અક્ષર ગંદા આવે !

મેહુલ : મારા અક્ષર તો બૉલપેનથી લખું તોપણ સારા આવે છે.

હાર્દિક : તારા અક્ષર તો આમ પણ સરસ છે. હું તો પેન્સિલથી લખું કે બૉલપેનથી - અક્ષર સારા આવતા જ નથી.

રાધા : એનો અર્થ એ જ કે પેન-પેન્સિલ-બૉલપેન - જે ફાવતું હોય એનાથી લખવાનું. અક્ષર સારા હોય તો ગમે તેનાથી લખો, અક્ષર સારા જ આવે અને ખરાબ અક્ષર હોય તો ખરાબ.

હાર્દિક : પણ ખરાબ અક્ષરને લીધે કેટલી તકલીફ થાય છે !

ધવલ : કેમ ?

હાર્દિક : મારા સાહેબ કહેતા હતા કે મારા અક્ષર ખરાબ છે, એટલે મારા માર્ક્સ કપાઈ જાય છે. હું શું લખું છું, તે જ તેમને ખબર નથી પડતી.

રાધા : અરે, એના લીધે તો કેવી ગરબડ થતી હોય છે ! મારી મમ્મી બહારગામ ગઈ ત્યારે મારાં ફોઈએ મારી મોટી બહેનને કાગળમાં લખ્યું ‘માટલું બરાબર સાફ કરજો, ઓટલો બરાબર વાળજો.’ અને અમને એવું વંચાયું ‘ચાટલું બરાબર સાફ કરજો, ચોટલો બરાબર વાળજો.’ તે મારી બહેન તો બિચારી રોજેરોજ દરેક ચાટલાં સાફ કર્યા કરે અને ટૂંકા વાળમાં ચોટલો વાળવાની કોશિશ કર્યા કરે. બિચારી એવી કંટાળી ગઈ કે વાત નહિ.

અશરફ : ખબર પડી ત્યારે બહુ હસ્યાં હશો, નહિ ?

રાધા : હાસ્તો, પણ કોઈ વાર ઓડનું ચોડ વેતરાઈ જાય તો ?

હાર્દિક : મેં એક વાર સાંભળ્યું હતું કે એક જણે ગામડે કાગળમાં લખ્યું કે ‘ઢોરને બરાબર ચારજો.’ અને ત્યાં એવું વંચાયું કે ‘ઢોરને બરાબર મારજો.’ તે એમાં બિચારાં ઢોર માર ખાઈખાઈને અધમૂઆં થઈ ગયાં.

મેહુલ : એટલા માટે તો ગાંધીજીએ કહ્યું છે કે ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.

હાર્દિક : પણ ગંદા અક્ષર સુધારવા હોય તો શું કરવાનું ?

સોનલ : મારાં દાદી એવું કહેતાં કે સવારે વહેલા ઊઠીને ઠંડા પાણીમાં હાથ નાખી દેવાના અને હાથ ઠરી જાય પછી એવા હાથે ધીમે-ધીમે સરસ રીતે લખવાનું.

રાધા : મારા દાદા એવું કહેતા કે એમના જમાનામાં પાટલી પર ભીની માટી પાથરીને સરસ વળાંકવાળા અક્ષર લખીને માટીને સુકાવા દેતા અને પછી એ અક્ષરની અંદર લખ્યા કરવાનું. પણ હવે આજના જમાનામાં કોણ આવું બધું કરે?

ધવલ : પણ આપણે નાના હતા ને સુલેમાનની નોટમાં લખતા હતા, એવી રીતે તો લખાયને !

અશરફ : મારો ભાઈ નાનો હતો, ત્યારે મારા અબ્બુએ બહુ ચિત્રો દોરાવેલાં. કદાચ એનાથી અક્ષરના વળાંક સરસ થતા હશે. તું પણ વર્તુળ-અર્ધવર્તુળવાળાં, ઊભી-આડી-ત્રાંસી લીટીવાળાં ચિત્રો દોરી જો ને !

હાર્દિક : અરે, હું તો એકડિયા-બગડિયાની જેમ અક્ષર ઘૂંટવા પણ તૈયાર છું. કંઈક તો કરવું જ પડશેને ! ગંદા અક્ષરની તો મને બહુ શરમ આવે છે !

મેહુલ : ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ, તો ચોક્કસ સફળ થઈશ.

સોનલ : હવે વાતોનાં વડાં જ કરવાં છે કે રમવાયે જવું છે ?

મેહુલ, હાર્દિક, રાધા, ધવલ, અશરફ : હા... ચાલો... ચાલો... જલદી કરો. પછી અંધારું થઈ જશે.

## • શબ્દસમજૂતી

**લેસન** ગૃહકાર્ય **ચલને** ચાલને **છેકછાક** જ્યાં-ત્યાં લીટા, જ્યાં લખાણ બરાબર ન લાગે ત્યાં તેના ઉપર લીટો તાણવો અથવા ચેકો મૂકવો તે **બટકણી** સહેલાઈથી તૂટી જાય તેવી **બ્લેડ** લોખંડની ધારદાર પતરી **ભક્કમદાર** ભપકાદાર - સારી મજાની (અહીં) ધારદાર **તીરછી** ત્રાંસી **રીફિલ** બૉલપેનમાં મૂકવાની શાહીવાળી પાતળી નળી **દવાત** ખડિયો, શાહી ભરવાનું સાધન **બૉલપેન** રીફિલથી ચાલતી લખવા માટેની પેન **માર્ક્સ કપાઈ જાય** ગુણ ઓછા મળે છે **ચાટલું** દર્પણ, અરીસો **અધમૂઆં** અર્ધાં મરેલાં, શક્તિહીન **સુલેખન** સ્વચ્છ, સુંદર લખાણ

## • રૂઢિપ્રયોગ

**ઓડનું ચોડ થવું** - ધારણા કરતાં સાવ ઊંધું થવું

**એકડિયા-બગડિયાની જેમ** - શિખાઉની જેમ

**વાતોનાં વડાં કરવાં** - નકામી લાંબી વાતો કરવી

## ● ભાષાસજ્જતા

આપણી વાત બીજા સુધી પહોંચાડવા માટે આપણે વિવિધ રીતે ભાષાનો પ્રયોગ કરીએ છીએ. એનાથી કહેવાનું સચોટ બને છે તથા નાના વાક્ય દ્વારા ઘણું સૂચવી શકાય છે. આવું એક ભાષાકીય સાધન તે રૂઢિપ્રયોગ છે. દરેક ભાષામાં રૂઢિપ્રયોગો હોય છે.

સામાન્ય રીતે દરેક શબ્દનો એક ચોક્કસ અર્થ હોય છે અને તે મુજબ ભાષામાં તેનો પ્રયોગ થાય છે; પરંતુ કેટલાક શબ્દપ્રયોગો વિશિષ્ટ રીતે, મૂળ અર્થથી જુદા અર્થમાં, વપરાતા હોય છે. આવી લાક્ષણિક રીતે શબ્દપ્રયોગ કરવાની ભાષાની રૂઢિ હોય છે.

**આટલું સમજ્યા પછી હવે ઉદાહરણ દ્વારા રૂઢિપ્રયોગ એટલે શું, તે સમજીએ :**

(1) પપૈયું ઝાડ ઉપર જ પાકી ગયું.

(2) એની કચકચ સાંભળીને મારું માથું પાકી ગયું.

આ બંને વાક્યોમાં 'પાકી જવું' એવો શબ્દપ્રયોગ થયો છે; પરંતુ બંને વાક્યોમાં તેનો અર્થ તદ્દન જુદો છે. પહેલા વાક્યમાં 'પપૈયું પાકી ગયું'માં અર્થ છે, ફળ પરિપક્વ થયું છે, ગળ્યું થઈ ગયું છે. અહીં 'પાકવું' ક્રિયાપદ તેના મૂળ અર્થમાં વપરાયું છે; પરંતુ બીજા વાક્યમાં 'પાકી ગયું' ક્રિયાપદ ખાસ અર્થમાં વપરાયું છે. તેમાં અર્થ છે અકળાઈ જવું, મગજ થાકી જવું. તેમાં 'પાકવું' ક્રિયાપદ જુદા જ અર્થમાં (લાક્ષણિક અર્થમાં) વપરાયું છે. 'માથું' સંજ્ઞા પણ 'મગજ'ના અર્થમાં વપરાઈ છે.

### ● વિશેષણ ●

**નીચેના શબ્દો જુઓ :**

ઠીંગણું બાળક, અનાથ બાળા, કાટવાળો સિક્કો, કાળી ગાય, પાંચ કબૂતર, ગરમ દૂધ, મોટી પેન્સિલ, ફાટેલું પહેરણ.

ઉપરના શબ્દોમાં વ્યક્તિ, પ્રાણી, પક્ષી કે પદાર્થને સૂચવે છે તે શબ્દ નામ છે. **બાળક, બાળા, સિક્કો, ગાય, કબૂતર, દૂધ, પેન્સિલ અને પહેરણ આ શબ્દો નામ છે.**

જે શબ્દ નામના આકાર, રંગ, કદ, ઊંચાઈ, ગુણ, સંખ્યા વગેરેની વિશેષતા બતાવે તે શબ્દ વિશેષણ છે. બાળક કેવું ? ઠીંગણું, બાળા કેવી ? અનાથ, સિક્કો કેવો ? કાટવાળો, ગાય કેવી ? કાળી, કબૂતર કેટલાં ? પાંચ, દૂધ કેવું ? ગરમ, પહેરણ કેવું ? ફાટેલું વગેરે.

**અહીં ઠીંગણું, અનાથ, કાટવાળો, કાળી, પાંચ, ગરમ, મોટી, ફાટેલું - આ શબ્દો વિશેષણ છે.**

- તું **અણીવાળી** પેન્સિલથી લખે છે. (કેવી પેન્સિલ ?)
- વહેલા ઊઠીને **ઠંડા** પાણીમાં હાથ નાખી દેવાના. (કેવું પાણી ?)
- ક્રીતુ **સુંદર** અક્ષરે લખે છે ? (કેવા અક્ષરો ?)

ઉપરનાં વાક્યોમાં ઘાટા શબ્દો વિશેષણો છે.

## • વિશેષણ અને વિશેષ્ય •

- **હવે અહીં વપરાયેલાં વિશેષણો જુઓ :**

| | |
|---|---|
| ભીની માટી | નવી પેન્સિલ |
| સારા અક્ષર | મોંઘી નોટ |
| નવું માટલું | લીસાં પાનાં |
| લાંબો ચોટલો | ડાહ્યો વિદ્યાર્થી |

નીચે લીટી દોરેલા શબ્દો વિશેષણો છે. માટી કેવી ? અક્ષર કેવા ? વગેરે પ્રશ્નો પૂછતાં જે જવાબ મળે તે વિશેષણ. વિશેષણથી જે શબ્દની વિશેષતા બતાવાય તે શબ્દ એટલે વિશેષ્ય. માટી, અક્ષર, માટલું વગેરે વિશેષ્ય છે. આવાં વિશેષણ અને વિશેષ્યની એક યાદી બનાવો.

- **આ એકમમાં સુંદર અક્ષરોની વાત કરી છે, તો નીચેના સુવાક્યને સમજીએ.**

**સુંદર અક્ષરો હાથનું ઘરેણું છે.**

અક્ષર એ વ્યક્તિના જીવનનું, તેના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. અક્ષરો જોઈને આપણે તે વ્યક્તિ કેવી હશે તેનું અનુમાન કરી શકીએ છીએ. સુંદર અક્ષરોવાળી વ્યક્તિ પ્રત્યે આપણને આદર અને પ્રેમ પેદા થાય છે. સુંદર અક્ષરે લખાણ કરવું, એ વ્યવસ્થિત મહાવરો માંગી લે છે.

ગાંધીજી કહેતા, 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.' વાત તદ્દન સાચી છે. માણસ ગમે તેટલો વિદ્વાન હોય પણ જો તેના અક્ષર સુંદર અને સુરેખ ન હોય, તો તે સામી વ્યક્તિને પ્રભાવિત કરી શકે નહિ.

સુંદર અક્ષરે લખવા માટે આપણે વિદ્યાર્થી-અવસ્થામાં જ વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. આપણું લખાણ સુંદર, મરોડદાર અને સુવાચ્ય અક્ષરોવાળું હોવું જોઈએ. મોતીના દાણા જેવા અક્ષરે લખેલું લખાણ વાંચવું કોને ન ગમે ? બે શબ્દો વચ્ચે એક અક્ષર જેટલું અંતર રાખવું જોઈએ.

આપણા અક્ષરો સુંદર હશે, તો વાંચનારને તે ચોક્કસ ગમશે. સુંદર અક્ષરો તો સૌને ગમે. જેના અક્ષર સારા ન હોય તેને પણ સારા અક્ષર તો ગમે જ છે. જેમ ઘરેણાંથી દેહ શોભે છે, તેમ સુંદર અક્ષરોથી આપણું વ્યક્તિત્વ શોભે છે, માટે સુંદર અક્ષરો એ હાથનું ઘરેણું છે.

**● અભ્યાસ**

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) મેહુલની નોટ સાહેબ વર્ગનાં બધાં બાળકોને બતાવે છે કારણ કે... ☐

(ક) નોટનાં પાનાં લીસાં હતાં. (ખ) તે કાયમ નિયમિત લેસન કરે છે.

(ગ) તેના અક્ષરોની વાત બતાવવા માગે છે. (ઘ) તેણે હોમવર્ક સરસ કર્યું હતું.

(2) અક્ષરો સારા કાઢવા હોય તો... ☐

(ક) મન શાંત રાખવું (ખ) કલમથી જ લખવું

(ગ) નવી બૉલપેનની જરૂર પડે (ઘ) લખવાનો વારંવાર મહાવરો કરવો પડે

(3) તમે પહેલા ધોરણમાં ભણતાં ત્યારે સાહેબ આડી-ઊભી-ત્રાંસી લીટી દોરાવતા કારણ કે... ☐

(ક) લખવાનો મહાવરો થાય (ખ) અક્ષરોના વળાંક સુધરે

(ગ) ચિત્ર દોરતાં આવડે (ઘ) આનંદ પડે

**2. નીચેના દરેક પ્રશ્નનો એક-એક વાક્યમાં ઉત્તર આપો :**

(1) સાહેબ બધાંને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હાર્દિક શું માને છે ?

(2) 'ચારજો'ને બદલે કયો શબ્દ વંચાયો ?

(3) સોનલના પપ્પા તેને કેવી નોટ લાવી આપે છે ?

(4) અશરફ કલમને શેમાં બોળવાનું કહે છે ?

**3. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-બે વાક્યમાં આપો :**

(1) ઓડનું ચોડ વેતરાઈ જવું એટલે શું ?

(2) સોનલનાં દાદીમાએ અક્ષર સુધારવા માટે શી સલાહ આપી ?

U5M2X3

## ● સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) બધાં બાળકો મેહુલની નોટ કેમ જોતાં હતાં ?

(2) સોનલના અક્ષર સારા આવે છે, તેનું કયું કારણ રાધા આપે છે ?

(3) ગાંધીજીએ અક્ષરો વિશે શું કહ્યું છે ?

(4) કલમથી કેવી રીતે લખાય છે ?

(5) ધવલે કલમના બદલે બૉલપેનથી લખવાના કયા ફાયદા બતાવ્યા ?

(6) ખરાબ અક્ષરને લીધે થતા ગોટાળા માટે લેખિકાએ કયાં-કયાં ઉદાહરણ આપ્યાં છે ?

### 2. અક્ષરો સુધારવા માટે કોણ કઈ રીત બતાવે છે તે લખો :

(1) સોનલ – ______________ (2) ધવલ - ______________

(3) રાધા - ______________ (4) અશરફ - ______________

### 3. નીચેની ગદ્યસૂક્તિનો વિચાર-વિસ્તાર કરો :

'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.'

### 4. (ક) નીચેના રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્યો બનાવો :

(1) વાતોનાં વડાં કરવાં

(2) ઓડનું ચોડ વેતરાઈ જવું

#### (ખ) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો :

લીસાં - ______________ અણિયાળી - ______________

મોંઘું - ______________ ધીરજ - ______________

**5. સૂચના પ્રમાણે કરો :**

- આ પાઠમાં વપરાયેલા પાંચ અંગ્રેજી શબ્દો શોધીને લખો.
- તમે શોધેલા શબ્દો સાથે અનુબંધ ધરાવતા બીજા શબ્દો લખો.

  ઉદા. લેસન - નોટબુક
- આ બંને શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.
- અનુબંધ ધરાવતા શબ્દો તમે કયા આધારે લખ્યા ? તમે વાક્યો કેવી રીતે બનાવી શક્યા ? વર્ગમાં ચર્ચા કરો.

**6.** આ પાઠમાં તમને કોનું પાત્ર સૌથી વધારે ગમ્યું ? શા માટે ?

**• પ્રવૃત્તિ**

(1) ખરાબ અક્ષરોને કારણે કોઈ ગોટાળો સર્જાયો હોય, તો તે અનુભવ વર્ગ સમક્ષ કહો.

(2) મરોડદાર લખાણવાળા ચાર્ટ્સ બનાવો.

(3) લખાણમાં સામાન્ય ભેદવાળા અક્ષરો સાથે લખી ચાર્ટ બનાવો.


દા.ત., | પ | ય | | ઘ | ધ | | મ | ચ |

(4) ધોરણ 6ના પુસ્તકમાં જે સાહિત્યકારોની કૃતિઓ લેવાઈ છે, તેમનો વિશેષ પરિચય મેળવો.

•

Y1N6I8

# 15. ગુજરાત મોરી મોરી રે




**ઉમાશંકર જોશી**

**જન્મ : 21-7-1911, અવસાન : 19-12-1988**

ઉમાશંકર જેઠાલાલ જોશીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના બામણા ગામમાં થયો હતો. તેમણે 'ગંગોત્રી', 'નિશીથ', 'પ્રાચીના', 'મહાપ્રસ્થાન', 'અભિજ્ઞા', 'સપ્તપદી' વગેરે અનેક કાવ્યસંગ્રહો આપ્યા છે, જે હવે 'સમગ્ર કવિતા' રૂપે ઉપલબ્ધ છે. તેમના 'શ્રાવણી મેળો' અને 'વિસામો' જેવા વાર્તાસંગ્રહો, 'સાપના ભારા' અને 'હવેલી' જેવા એકાંકીસંગ્રહો, 'ગોષ્ઠિ' અને 'ઉઘાડી બારી' નિબંધસંગ્રહો છે. તેમણે પ્રવાસવર્ણનો તેમજ 'ગાંધી-કથા' જેવાં ચરિત્રાત્મક લખાણોયે લખ્યાં છે. તેમણે વિવેચન, અનુવાદ તથા સંપાદન ક્ષેત્રે પણ ઉત્તમ સાહિત્યસેવા કરી છે. આ કવિને 1939નો રણજિતરામ સુવર્ણચંદ્રક, 1968નો જ્ઞાનપીઠ પુરસ્કાર તથા 'કવિની શ્રદ્ધા' માટે કેન્દ્રિય સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યા હતા. તેઓ કેન્દ્રિય સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પણ રહ્યા હતા.

'ઊર્મિ કે ભાવની સીધી લયસુંદર અભિવ્યક્તિ કરતી પદ્યરચના' એટલે ઊર્મિકાવ્ય. આ કાવ્યમાં કવિનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ રજૂ થયો છે, ગુજરાતની વિશિષ્ટ ભૂગોળ અને એના ભવ્ય ઇતિહાસના ઉલ્લેખોથી કવિએ અહીં પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં વહી રહેલા સ્થળપ્રેમને જાગ્રત કર્યો છે. ગુજરાતનું જાણે આ મહિમાગાન બની ગયું છે.

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
સાબરનાં મર્દાની સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે નવરાવતી,
ગુજરાત મોરી મોરી રે.
ગિરનારી ટૂકો ને ગઢ રે ઈડરિયા,



પાવાને ટોડલે મા'કાળી મૈયા,
ડગલે ને ડુંગરે ભર દેતી હૈયાં,
ગુજરાત મોરી મોરી રે.
આંખની અમીમીટ ઊમટે ચરોતરે,
ચોરવાડ વાડીએ છાતી શી ઊભરે !
હૈયાનાં હીર પાઈ હેતભરી નીતરે,
ગુજરાત મોરી મોરી રે.
કોયલ ને મોરને મેઘમીઠે બોલડે,
નમણી પનિહારીને ભીને અંબોડલે,
નીરતીર સારસશાં સુખડૂબ્યાં જોડલે,
ગુજરાત મોરી મોરી રે.
નર્મદની ગુજરાત દોહ્યલી રે જીવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,

એક વાર ગાઈ કે કેમ કરી ભૂલવી ?
ગુજરાત મોરી મોરી રે.
ભારતની ભોમમાં ઝાઝેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.
મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે.

(**'સમગ્ર કવિતા'**માંથી)

## ● શબ્દસમજૂતી

**મોરી** મારી, આગલી હરોળની મોખરાની **મર્દાની** મરદાનીથી ભરેલાં **સોણલાં** સ્વપ્ન **મર્મર** ધીમો અવાજ **છોળે** મોજાંની છાલકોથી **ટૂકો** પર્વતનાં અનેક સળંગ શિખરો **ટોડલો** બારસાખની બહાર દેખાતો ઉપલો છેડાનો ભાગ **અમીમીટ** અમૃતભરી, મીઠાશભરી નજરે **ચરોતર** ચારુતર એટલે સુંદર, લીલોછમ **ઊમટે** એકસામટા જથ્થામાં આગળ ધસે **ઊભરે** ઊભરાય **નીરતીર... કપરી જીરવવી** - આ પંક્તિઓમાં કવિએ ગુજરાતના જલકિનારે સુખથી સહેલતી સારસની જોડીનું ચિત્ર આંક્યું છે. વળી, કહ્યું છે કે નર્મદના સમયમાં ગુજરાતની સ્થિતિ સામાજિક રીતે ઘણી પછાત હતી. તેમાં એણે જે પુરુષાર્થ કર્યો, તે ઘણો મોંઘો હતો. આથી એ વખતે ગુજરાતનું જીવન દોહ્યલું હતું; તો વળી, મહાત્મા ગાંધીના કાળમાં સ્વતંત્રતા માટે પરદેશી સરકાર સામે જે મોરચા મંડાયા, તેથી પ્રજાના જીવનમાં જે સંઘર્ષવાળું વાતાવરણ જન્મ્યું તે કઠણ હતું. તેથી તે સમયમાં જીવવું ઘણું કપરું હતું. **દોહ્યલી** મુશ્કેલ; અઘરી, દુર્લભ **કપરી** મુશ્કેલ; અઘરી

## ● ભાષાસજ્જતા

### ● નિબંધ ●

આપણે અનેક રીતે આપણા વિચારો અને ભાવો રજૂ કરીએ છીએ. જ્યારે કોઈ એક વિષયની સરસ અને વ્યવસ્થિત રીતે રજૂઆત થાય, ત્યારે તેને નિબંધ કહેવામાં આવે છે. નિબંધમાં સ્થળ, વ્યક્તિ કે દૃશ્યનું વર્ણન કરવામાં આવે છે કે કોઈ વિષયની સારી અને નબળી બાજુની ચર્ચા કરવામાં આવે છે. એટલે કે નિબંધ અનેક પ્રકારના હોય છે.

**નિબંધ લખવા માટે આપણી પાસે બે પ્રકારની આવડત હોવી જોઈએ :** (1) નિબંધ માટેના ભાવો કે વિચારો (2) એ ભાવો કે વિચારોને સરસ ભાષામાં, વ્યવસ્થિત રીતે રજૂ કરવાની આવડત.

**સરસ નિબંધ લખવાની શક્તિ વિકસાવવા માટે :** (1) ઉત્તમ પુસ્તકો કે લેખોનું વાચન કરવું જોઈએ. (2) સાંભળેલી કે વાંચેલી બાબત ઉપર વિચાર કરવો જોઈએ. (3) આજુબાજુની વસ્તુઓનું ઝીણવટથી અવલોકન કરવાની ટેવ પાડવી જોઈએ (4) મનમાં જે વિચારો કે ભાવો જાગે, તેને લખવાની ટેવ પાડવી જોઈએ. જે લખીએ તે સરસ રીતે, અસરકારક રીતે લખાયું છે કે નહિ તે તપાસવું જોઈએ. બીજા કોઈ લેખકે એ બાબત વિશે લખ્યું

હોય તો તેના લખાણમાં શું-શું ગમી જાય તેવું છે, પોતાના લખાણથી જુદું શું છે તે તપાસવું જોઈએ. કોઈના લખાણની માત્ર નકલ ન કરવી જોઈએ. આપણને જે સૂઝે તે આપણી રીતે લખવાની ટેવ પાડવી જોઈએ.

**નિબંધની પાયાની બાબતો નીચે મુજબ છે :**

(1) નિબંધની શરૂઆત (2) પરિચ્છેદ (ફકરા) (3) સપ્રમાણતા (4) વિચારોની સળંગસૂત્રતા (5) અંત (6) ભાષાની સરસતા અને સચોટતા

**નિબંધોના પ્રકારોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય :**

**(1) વર્ણનાત્મક** : પ્રકૃતિવર્ણન, સ્થળવર્ણન, પ્રવાસવર્ણન, તહેવારવર્ણન

**(2) સંસ્મરણાત્મક** : સ્વાનુભવો, સંસ્મરણો, પ્રિય વસ્તુનાં સ્મરણ

**(3) વ્યક્તિચિત્ર** : તેને ચરિત્રનિબંધ કે રેખાચિત્ર પણ કહે છે. તેમાં વ્યક્તિની મુખ્ય વિશેષતાઓનું ટૂંકમાં ચિત્ર અપાય છે.

**(4) આત્મકથાત્મક** : કોઈ વ્યક્તિ કે વસ્તુ પોતાની કથા કહેતું હોય તે પ્રકારની રજૂઆતવાળો નિબંધ.

**(5) ચિંતનાત્મક** : આવા નિબંધમાં ચિંતન, વિષયની સારી-નબળી બાજુની તુલના, પ્રસંગ કે નિર્ણયની યોગ્યતા વિશેની ચર્ચા અને વિચારની ઊંડાણપૂર્વકની રજૂઆત મુખ્ય હોય છે.

## • અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) 'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત'નો અર્થ... ☐

(ક) ગુજરાતમાં જન્મ થયો એ સદ્ભાગ્ય છે.

(ખ) ગુજરાત આઝાદ બન્યું

(ગ) ગુજરાતમાં રહેવાની ખૂબ જ મજા છે.

(ઘ) ગુજરાત શાંત, સારું અને સુવિધાવાળું રાજ્ય છે.

(2) કાવ્યમાં 'ગુજરાત મોરી મોરી રે...' શબ્દો વારંવાર વપરાયા છે, એ શું બતાવે છે ? ☐

(ક) માલિકી ભાવ (ખ) ગાવાની મજા માટે

(ગ) ગુજરાત પ્રત્યેનો પ્રેમ (ઘ) ગુજરાતની વિશેષતા

(3) 'ઇડરિયો ગઢ' જોવા ક્યાં જવું પડે ? ☐

(ક) ગીરનાર પર્વત (ખ) ઈડરના ડુંગરા (ગ) પાવાગઢ (ઘ) ગબ્બર

## 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) ગુજરાતને કવિએ કેવી કહી છે ?

(2) નર્મદાનું બીજું નામ કહો.

(3) 'ચરોતર' પ્રદેશ ક્યાં આવેલો છે ?

(4) સારસની જોડી ક્યાં સહેલ કરે છે ?

(5) નર્મદના સમયે ગુજરાતની સ્થિતિ કેવી હતી ?

U7Q5B9

## • સ્વાધ્યાય

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) કાવ્યમાં ગુજરાતના કયા-કયા પ્રદેશોનો ઉલ્લેખ કર્યો છે ? એ પ્રદેશો શા માટે જાણીતા છે ?

(2) ગુજરાતની કઈ-કઈ નદીઓ અને પર્વતોનો ઉલ્લેખ થયેલો છે ? એમની વિશિષ્ટતા જણાવો.

(3) ગુજરાતનું સૌંદર્ય કયા શબ્દોમાં નિરૂપવામાં આવ્યું છે ?

(4) કાવ્યમાં જે-જે પક્ષીઓનો ઉલ્લેખ થયેલો છે, એમની વિશેષતાઓ જણાવો.

## 2. નીચેના પ્રશ્નોના ઉત્તર વિચારીને લખો :

(1) ગુજરાતમાં આવેલી નદીઓની યાદી તૈયાર કરીને કોઈ પણ એક નદી વિશે ચાર-પાંચ વાક્યો લખો.

(2) ગુજરાતમાં આવેલા પર્વતોની યાદી તૈયાર કરીને કોઈ પણ એક પર્વત વિશે ચાર-પાંચ વાક્યો લખો.

(3) પ્રાસયુક્ત જોડકણાં બનાવવાનો પ્રયત્ન કરો... કોઈ પણ બે જોડકણાં બનાવો.

## 3. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :

| | | |
|---|---|---|
| ભોમ - ______ | સમંદર - ______ | હેત - ______ |
| આંખ - ______ | હૈયું - ______ | નીર - ______ |

**4. નીચેની કાવ્યપંક્તિઓ પૂર્ણ કરો :**

(1) સાબરનાં મર્દાની ____________________

____________________ નવરાવતી.

(2) નર્મદની ____________________

____________________ કેમ કરી ભૂલવી ?

**5. ગુજરાત વિશે આઠ-દસ વાક્યો લખો.**

**6. સૂચના પ્રમાણે કરો :**

- શબ્દને અંતે 'લે' આવે તેવા શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.
- આવા બીજા શબ્દો મેળવો અને લખો.
- આ શબ્દોનો ઉપયોગ કરી પ્રાસયુક્ત એક-બે પંક્તિ બનાવો.
- તમે પંક્તિ કેવી રીતે બનાવી શક્યાં ? તમે બનાવેલી પંક્તિ વર્ગ સમક્ષ રજૂ કરો.

**7. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :**

ટોડલો, મોજાં, ઊમટે, અમીમીટ, આંખ, ભોમ

**• પ્રવૃત્તિ**

(1) ગુજરાતની ગૌરવગાથા રજૂ કરતાં ગીતો મેળવી સંગ્રહપોથી તૈયાર કરો.

(2) આ ગીતો વર્ગમાં કે પ્રાર્થના-સંમેલનમાં રજૂ કરો.

(3) કાવ્યમાં જે સ્થળોનો ઉલ્લેખ થયો છે, તે સ્થળો ગુજરાતના નકશામાં શોધો.

(4) તમે એકઠાં કરેલાં ગીતોમાંથી તમને પસંદ કોઈ પણ બે-પાંચ પંક્તિ કાયમી યાદ રાખવાનો પ્રયત્ન કરો. આવી પંક્તિઓ એક-બીજા મિત્રો પાસેથી સાંભળો.

J4L7E3

# 16. માતૃહૃદય



**કનૈયાલાલ રામાનુજ**

**જન્મ : 1-11-1938, અવસાન : 26-4-2002**

કનૈયાલાલ લક્ષ્મીરામ રામાનુજનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ભડવાણામાં થયો હતો. તેમણે શિક્ષક તરીકે સેવા આપી હતી. 'સાવજનું અપમાન', 'રીંછ-દરબારમાં અગિયાર રાતો', 'અપંગ તનનાં પણ મનનાં નહીં' તેમનાં જાણીતાં પુસ્તકો છે.

આ વાર્તામાં માતાના હૃદયના ભાવ વ્યક્ત થયા છે. ગીરના જંગલમાં વસતા માલધારીના જીવનનો એક પ્રસંગ છે. ચારેક વરસનું એક બાળક સિંહબાળ સાથે દોસ્તી કરવાનો પ્રયત્ન કરે છે. તે જોતાં માતા સિંહબાળને છોડી મૂકવા બાળકને વિનંતી કરે છે. એટલામાં સિંહણ પણ આવી જાય છે. થોડી ક્ષણો પછી માલધારી બાળક સિંહશિશુને પડતું મૂકી પોતાની માતાની ગોદમાં ભરાઈ જાય છે. સિંહશિશુ પણ દોડતું પોતાની માતા પાસે પહોંચી જાય છે. અનન્ય પ્રસંગ છે.

કો અવધૂત શો ગિરનાર બેઠો છે. તેની જટા જેમ પ્રદેશનાં પશ્ચિમી જંગલોને લોકોએ નામ આપ્યું છે, ગીર. સદીઓ જૂના આ પ્રદેશમાં વસતી માલધારી કોમના અત્યારે 129 જેટલા નેસડા છે. હંમેશને માટે તેમને કાળના મુખમાં રહેવાનું. છતાં પણ જાણ્યો કે અજાણ્યો ડર ન મળે ! સાવજના ઘુઘવાટા ને દીપડાની લુચ્ચાઈ સાથે તેમણે આજીવન ઝઝૂમવું પડે છે. ક્યારે શું બને તે કહેવું મુશ્કેલ ગણાય. આવા બહાદુર માલધારીઓના જીવનની અનેક વાતો છે.

કરમના દાધિયા નામનો સાતેક ઝૂંપડાનો એક નેસ. આયર અને કાઠી કોમના માલધારીઓ કુટુંબની જેમ રહે. પ્રાગડ ફૂટે માલધારીઓ ભેંહુ (ભેંસો) અને બીજા માલ (ઢોર)ને લઈ ચરાવવાને ઊપડી જાય છે. સ્ત્રીવર્ગ ઘેર રહે. પાંચસો ભેંહુનાં મેળવેલ દૂધના દહીંને વલોવવા એ નાજુક પણ મજબૂત હાથો કામે લાગી જાય. સાંજ પડ્યે ખૂટતું બળતણ વીણવા ગીરમાં નીકળી પડે. કોઈ શહેરી સ્ત્રી શૉપિંગ સેન્ટર પર ખરીદી કરવા નીકળે તેમ !

આવી આધેડ ઉંમરની એક બાઈ એક સાંજે કરગઠિયાં વીણવા નીકળી, હારે ચારેક વરહનું બાળક. માતા તો સૂકાં લાકડાં વીણતી-વીણતી આગળ નીકળી ગઈ. પેલું બાળક ધીમું-ધીમું ફૂલડાં ચૂંટતું માની પાછળ-પાછળ

જતું હતું. એટલામાં તેની નજર સામેની ભેખડના પથ્થર પર પડી. ત્યાં કંઈક ગલૂડિયા જેવું ઉં... ઉં... કરતું હલતું હતું. બાળકને રસ પડી ગયો. તે પાછળની બાજુથી ભેખડ પર ચડી પેલા માંસના લોચા જેવા નવજાત શિશુને જોવા લાગ્યું. બચ્ચું તેના નાના પગ વડે ભેખડ ઊતરવા કોશિશ કરતું હતું; પરંતુ ઊતરાતું નહિ, તેથી વિચિત્ર અવાજ કરતું હતું. બંને એકબીજાં સામું આંખ પરોવી જોઈ રહ્યાં. ક્ષણમાં દોસ્તી બંધાઈ ગઈ. પેલા માલધારીના બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું. પોતાના નવા દોસ્તને વહાલથી હાથ ફેરવતો નેસ ભણી જવા લાગ્યો.

નવા દોસ્ત સાથે ભોળો શિશુ કાલી બોલીમાં વાત કરતો હતો; પરંતુ ત્યાં જ પાછળ ડણક સંભળાણી. માલધારી સ્ત્રી ચોંકી ઊઠી ! તેને પોતાની સાથે આવેલ બાળકનું ઓસાણ આવ્યું. તેનો જીવ અડધો થઈ ગયો. કરગઠિયાંને પડતાં મૂકી એણે દોટ મૂકી... પોતાના હૃદય ટુકડાને રેઢો મૂકવા બદલ મનોમન પસ્તાવો કરતી હાંફળીફાંફળી દોડી. પરંતુ કાંટ વટાવી જ્યાં ભેખડ પાસે આવી, ત્યાં તો એણે સામેનું દૃશ્ય જોયું... તે જોઈને તેને આંખે ચક્કર આવી ગયા. ધરતી ગોળ-ગોળ ફરતી લાગી. પોતાનું અસ્તિત્વ ભુલાતું લાગ્યું.

વાત એમ હતી કે, ભેખડની બખોલમાં સિંહણે બચ્ચાંને આગલા દિવસે જન્મ આપ્યો હશે, એટલે બે બચ્ચાં બોડમાં હતાં. એમાંનું એક બહાર નીકળી આવેલું. સિંહણ મારણની તપાસમાં નજીક ગયેલી તેની પાછળ-પાછળ.... પરંતુ માનવબાળની ગંધે સિંહણ તુરત જ પોતાની બોડ તરફ પોતાના વહાલસોયાના રક્ષણ માટે દોડી આવેલી. જ્યારે પોતાના શિશુને પેલો બાળક ઉઠાવી જતો જોયો, એટલે તેણે દૂરથી જ ત્રાડ નાંખી હતી. આ બાજુ પેલા માલધારી શિશુની માતા તેના બાળકના રક્ષણ માટે દોડી હતી. વચ્ચે બે ભૂલકાંઃ એક પશુદેહધારી, એક માનવદેહધારી ! કુદરતની કેવી બલિહારી !



માલધારી સ્ત્રીએ દૂર રહ્યે-રહ્યે પોતાના બાળકને બગલમાં રહેલ સિંહબાળને છોડી દેવા બૂમ પાડી... ‘છોડી

દે... છોડી દે... બેટા... છોડી દે...' પણ બાળક હાથ આવેલું આવું અદ્ભુત રમકડું કેમ કરી છોડે ?... માનો જીવ તાળવે ચોંટ્યો. પાછળ ઘુરકાટ કરતી સિંહણ સાવ નજીક આવી ગઈ હતી. કોણ જાણે ક્ષણમાં શું બનશે ?

માનવસ્ત્રીએ પોતાના બચ્ચાને પટાવતાં છેલ્લી વિનંતી કરતાં જાણે કે ચીસ પાડી...' છોડી મૂક... બેટા, મૂકી દે..'

સિંહણ પણ બાળકની ફક્ત સાત ફૂટ દૂર પાછળ-પાછળ ચાલી આવતી ઘુરકાટ કરતી હતી. તેની આંખોમાં અજબ પરિવર્તન આવી રહ્યું હતું.

માલધારી બાળકે સિંહ-શિશુને પડતું મેલ્યું. દોડીને માની ગોદમાં ભરાઈ ગયું. આ બાજુ પેલું સિંહ-શિશુ પણ દોડતું માની ગોદમાં ચાલ્યું ગયું. સામસામે બે માતાઓ અને વચ્ચે તેમનાં બે શિશુઓ ! ઘડી બે ઘડી બંને માતાઓએ આંખ મિલાવી. માલધારી સ્ત્રી પાછાપગે ચાલી ઘેર... તેને પોતાના નેસમાં... રહેઠાણમાં જવું હતું, જ્યારે સિંહણને તેના જંગલમાં પોતાની બોડમાં જવું હતું. બંને માતાઓ પોતાનાં શિશુને લઈ ચાલી ગઈ. તેમનાં ખોળિયાં જુદાં-જુદાં હતાં; પરંતુ શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમમાં કશો જ ભેદ નહોતો.

માનવ હોય કે પશુ - માતૃહૃદય તો સૌનાં સરખાં !

## • શબ્દસમજૂતી

**અવધૂત** વૈરાગી બાવો **સદી** સૈકો **કોમ** એક જ નામથી ઓળખાતો લોકસમૂહ ઉદાહરણ તરીકે વણજારા, રબારી **નેસ** ભરવાડોએ જંગલમાં બાંધેલાં ઝૂપડાંનું ગામ, નેસડો **કરગઠિયાં** લાકડાના નાના-નાના ટુકડા **ભેખડ** ઝઝૂમતો ટેકરાનો ખૂણો, કરાડ **નવજાત** તરતનું જન્મેલું **ડણક** સિંહની ગર્જના **ઓસાણ** યાદ **રેઢું** રખડતું, સંભાળ વિનાનું **કાળ** (અહીં) મોત **માલધારી** ઢોરઉછેર કરતી જાતિનો માણસ (અહીં) આહીર **બળતણ** બાળવાનાં લાકડાં **આધેડ** અડધી ઉંમરે પહોંચેલું **કાંટ** કાંટાવાળાં વૃક્ષોની ગીચ ઝાડી **ત્રાડ નાંખવી** મોટો અવાજ કરવો **બલિહારી** ખૂબી **ઘુરકાટ** ગુસ્સામાં પાડેલી બૂમ **પરિવર્તન** ફેરફાર **અગાધ** અતિ ઊંડું **ખોળિયું** શરીર

## • રૂઢિપ્રયોગ

**પ્રાગડ ફૂટવું** - પરોઢિયું થવું

**રસ પડવો** - મજા પડવી

**આંખે ચક્કર આવવા** - બીકને લીધે બધું ગોળ-ગોળ ફરતું દેખાવું

**ચોંકી ઊઠવું** - ચમકી જવું

**જીવ તાળવે ચોંટવો** - જાણે હમણાં જીવ જશે એવી સ્થિતિમાં હોવું

**જીવ અડધો થઈ જવો** - ચિંતાથી વિહ્વળ થઈ જવું

**દિલનો ટુકડો હોવું** - ખૂબ વહાલા હોવું

● **ભાષાસજ્જતા**

## ● ક્રિયાવિશેષણ ●

વાક્યમાં નામપદ અને ક્રિયાપદ ઓળખતાં આપણે શીખ્યાં. નામપદની વધુ ઓળખાણ પણ આપણે મેળવી. ક્રિયાપદમાં પણ બે જાતના શબ્દો આવે છે. ક્રિયાવિશેષણ અને આખ્યાત. જેમ નામનાં આકાર, રંગ, ગુણ વગેરેની વિશેષતા વિશેષણ બતાવે તેમ ઘટના અથવા ક્રિયા કેવી રીતે થઈ તે ક્રિયાવિશેષણ બતાવે.

**નીચેનાં વાકયો જુઓ :**

1. દીપડાની લુચ્ચાઈ સાથે તેમણે આજીવન ઝઝૂમવું પડે છે.
2. પેલું બાળક પણ ધીમું-ધીમું ફૂલડાં ચૂંટતું હતું.
3. બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું.
4. કોણ જાણે ક્ષણમાં શું બનશે ?
5. સિંહણની આંખમાં અજબ પરિવર્તન ઝડપથી આવી રહ્યું હતું.

આ બધાં વાક્યોમાં લીટી દોરેલા શબ્દો ક્રિયા કે ઘટના કેવી રીતે થઈ છે એ બતાવે છે. વાક્યોમાં ક્રિયાપદ એવું પણ હોય કે જે એકલી ઘટના કે સ્થિતિને બતાવે. જેમકે 'બાળકે તેને ગોદમાં તેડી લીધું.' - આવી એકલી ક્રિયા, ઘટના કે સ્થિતિને બતાવનાર શબ્દને આખ્યાત કહે છે.

તમે સમજી શકશો કે જે કશું બને છે કે કોઈ કરે છે તે આખ્યાત દ્વારા બતાવાય અને એ કેવી રીતે બને છે કે કેવી રીતે કરે છે, એ ક્રિયાવિશેષણ દ્વારા બતાવાય છે. જેમકે 'બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધું.' વાક્યમાં ક્રિયાવિશેષણ આખ્યાત પહેલાં જ આવે. 'વહાલપૂર્વક તેડી લીધું' એવી રીતે લખાય કે બોલાય, 'તેડી લીધું વહાલપૂર્વક' એવો વાક્યપ્રયોગ સામાન્ય રીતે ન કરાય.

ઘણી વાર ક્રિયાવિશેષણ બે વાર વપરાય છે. એ એનો ખાસ ઉપયોગ છે. નીચેનું વાક્ય વાંચો.

આંધળાં માજી પડ્યાં-પડ્યાં બૂમો પાડતાં હતાં.

જો આ 'પડ્યાં' શબ્દ એક જ વાર લખીએ, તો ક્રિયાની રીત સ્પષ્ટ થતી નથી. 'આંધળાં માજી પડ્યાં બૂમો પાડતાં હતાં.'- એવું વાક્ય સાચું નથી. ઘણી વાર ક્રિયાવિશેષણ એટલા માટે બે વાર લખાય છે કે જેને કારણે એમાંથી 'ખૂબ', અત્યંત, એવો અર્થ પણ આવે. દાખલા તરીકે, 'બા ઉતાવળી- ઉતાવળી ઘરની બહાર નીકળી.' ઉતાવળી-ઉતાવળી એટલે 'અત્યંત ઉતાવળથી'.

● **નીચેનાં વાકયોમાં ક્રિયાવિશેષણનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવ્યો છે તે જુઓ :**

1. હંસો નિરાંતે બેઠા-બેઠા થાક ખાય છે.
2. કાગડાભાઈ તો ફુલાતા-ફુલાતા પાછા વડલા પર ચડ્યા.

## • કહેવત •

**નીચેનાં વાક્યોનો અભ્યાસ કરો :**

જનસેવા એ જ પ્રભુસેવા.

મહેમાન એટલે ભગવાન.

ક્ષમાધર્મ એ જ સાચો જીવનધર્મ.

તમારા ધ્યાનમાં આવ્યું હશે કે આ વાક્યો સૂત્રાત્મક રીતે કહેવાયાં છે. તેમાં જીવનનો અનુભવ બોધ રૂપે મુકાયેલો છે. તે ટૂંકમાં ઘણું-બધું સમજાવી દે છે. આવાં કેટલાંક સૂત્રો કે વાક્યો ગુજરાતી ભાષામાં ખૂબ પ્રચલિત છે. એને 'કહેવત' કહે છે. દરેક ભાષામાં કહેવતો હોય છે.

કહેવતની મુખ્ય વિશેષતા એ છે કે તેમાં આખી પ્રજાનો અનુભવ જીવનબોધ રૂપે પ્રગટ થાય છે. કહેવત વારંવાર વપરાવાથી પ્રચલિત બને છે. આવું ચલણી બનેલું સૂત્રાત્મક વાક્ય અનુભવબળને કારણે સ્વીકારાયેલું હોય છે. રૂઢિપ્રયોગમાં ભાષાનો લાક્ષણિક પ્રયોગ હોય તે અનિવાર્ય છે. કહેવતમાં ભાષાનો સીધો ઉપયોગ થાય છે.

સૂત્રાત્મકતા, પ્રાસ, સંક્ષિપ્તતા, ચિત્રાત્મકતા વગેરે કહેવતને સચોટ બનાવે છે; દા.ત., 'સંપ ત્યાં જંપ'. આમાં તમામ શબ્દો સાદા અર્થમાં જ વપરાયા છે; પરંતુ આ કહેવતનો અનુભવબોધ મહત્ત્વનો છે. સંપીને રહેવાથી શાંતિ મળે છે એ સૌનો અનુભવ છે. તે અનુભવ આ કહેવતમાં ત્રણ જ શબ્દોમાં સૂત્રાત્મક રીતે, પ્રાસથી રજૂ થયો હોવાથી યાદ રહી જાય છે. આખી પ્રજામાં આ કહેવત પ્રચલિત થઈ હોવાથી સંપની આવશ્યકતા કે ઉપયોગિતા રજૂ કરવાની હોય, ત્યારે આ કહેવતનો સમર્થનરૂપે પ્રયોગ થાય છે.

કહેવતોમાં ચિત્રાત્મકતા પણ હોઈ શકે છે; જેમકે, 'સાપે છછુંદર ગળ્યા જેવું થયું.' સાપ છછુંદરને નથી ગળી શકતો કે નથી બહાર કાઢીને ફેંકી શકતો, એવી એની અનિર્ણયાત્મક વિષમ સ્થિતિનું ચિત્ર આ કહેવત દ્વારા પ્રત્યક્ષ થાય છે.

### • અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) અપંગ તનનાં પણ મનનાં નહિ એટલે... ☐

(ક) શરીર અપંગ છે એટલે મન નબળું (ખ) મનની મક્કમતા બહુ મોટી વાત.

(ગ) અપંગ માણસથી કશું ન થઈ શકે. (ઘ) અપંગ જીવતા મૂઆ છે.

(2) બાઈ કરગઠિયાં વીણવા નીકળી હતી કારણ કે ☐

(ક) સાંજે રાંધવા માટે જરૂરી હતાં. (ખ) જંગલમાં તે વાત સહજ હતી.

(ગ) દવામાં ઉપયોગમાં લેવાનાં હતાં. (ઘ) અગ્નિ પેટાવવો હતો.

(3) બાળકની નજર સામેની ભેખડના પથ્થર પર પડી ત્યાં... ☐

(ક) નીચે ઊંડી ખાઈ દેખાતી હતી. (ખ) સિંહણની બોડ દેખાતી હતી.

(ગ) બોડની બહાર સિંહનું નાનું બચ્ચું દેખાતું હતું. (ઘ) ગલૂડિયું દેખાતું હતું.

(4) માતૃહૃદય પાઠમાં વધારે તો... ☐

(ક) બીક લાગે તેવી વાત છે. (ખ) ગભરાઈ જવાય તેવી વાત છે.

(ગ) માતાના પોતાના બાળક પ્રત્યેના ખૂબ પ્રેમની વાત છે.

(ઘ) પશુપ્રેમની વાત છે.

**2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) ગિરનાર કોની જેમ બેઠો છે ?

(2) પ્રાગડ ફૂટે એટલે માલધારીઓ શું કરતા ?

(3) માલધારી સ્ત્રીનો જીવ અડધો કેમ થઈ ગયો ?

(4) સિંહણ બાળકથી કેટલી દૂર હતી ?

(5) આખરે બંને માતાઓએ શું કર્યું ?

S4X2G6

## • સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) માલધારી સ્ત્રીઓ શું કામ કરતી હતી ?

(2) બાળક માતાથી પાછળ કેમ રહી ગયું ?

(3) બાળક પોતાની સાથે નથી એવી માતાને ક્યારે ખબર પડી ?

(4) માતાને કયું દૃશ્ય જોઈને ધરતી ગોળ ગોળ ફરતી લાગી ?

(5) શિકાર માટે ગયેલી સિંહણ શિકાર કર્યા સિવાય શા માટે પાછી ફરી ?

(6) માલધારી સ્ત્રી અને સિંહણ બંને વચ્ચે પાયાની સામ્યતા કઈ છે ? શા માટે ?

(7) ''માનવ હોય કે પશુ - માતૃહૃદય તો સૌનાં સરખાં !'' આ પંક્તિનો અર્થ સમજાવો.

**2. નીચેના શબ્દોનો ઉપયોગ કરીને વાક્ય બનાવો :**

(1) માલધારી
(2) બલિહારી
(3) અસ્તિત્વ
(4) પરિવર્તન
(5) નેસ
(6) શિશુ

## 3. નીચેના રૂઢિપ્રયોગના અર્થ લખો :

(1) આંખે ચક્કર આવવા

(2) જીવ અડધો થઈ જવો

(3) દિલનો ટુકડો હોવું

## 4. નીચેના શબ્દોના અર્થ લખો :

(1) કરગઠિયાં – ____________ (2) પ્રાગડ ફૂટવું – ____________

(3) ઓસાણ – ____________ (4) ખોળિયું - ____________

## 5. નીચેનાં વાક્યોમાં ક્રિયાવિશેષણ શોધો :

(1) અમે બિલ્લીપગે આગળા ઉઘાડ્યા.

(2) એક સંન્યાસી શાંતિથી ચાલ્યા આવે.

(3) માણસો ટપોટપ મરવા લાગ્યા.

(4) કોચલાં પાણીમાં આમતેમ ઝોલાં ખાઈ રહ્યાં હતાં.

(5) પેલો માણસ ટાઢથી થરથર ધ્રૂજી રહ્યો છે.

## 6. સૂચના પ્રમાણે કરો :

- ‘મા’ શબ્દ સાથે સંકળાયેલા શબ્દોની યાદી કરો. દા.ત., સ્નેહ
- તમારા શિક્ષકની મદદથી ‘મા’નો મહિમા દર્શાવતી કહેવતો, પંક્તિઓ જાણો અને લખો.
- તમારી ‘મા’ તમને કેમ ગમે છે ? છ-સાત વાક્યો લખો.

### • પ્રવૃત્તિ

(1) માતૃહૃદયને લગતી અન્ય વાર્તાઓ વર્ગખંડમાં રજૂ કરો.

(2) સિંહ વિશેની અન્ય વાર્તાઓ મેળવીને પ્રાર્થના-સંમેલનમાં રજૂ કરો.

(3) ‘માતા’ને લગતાં અન્ય કાવ્યો બાલસભામાં રજૂ કરો.

(4) તમારા વિસ્તારમાં કયાં-કયાં પક્ષી-પ્રાણી જોવા મળે છે ? તમને કયું પક્ષી અને પ્રાણી ગમે ? આ પક્ષી-પ્રાણી પોતાના બચ્ચાને કેવી રીતે સાચવે છે ? આ પક્ષી-પ્રાણીની સારસંભાળ માટે તમે શું કરશો ?

•

# 17. સુગંધ કચ્છની ...!

J6P9S9



**ડૉ. દર્શના ધોળકિયા**

**જન્મ : 11 - 01- 1962**

ડૉ. દર્શના ચમનલાલ ધોળકિયાનો જન્મ કચ્છ જિલ્લાના ભુજમાં થયો છે. તેમણે 'નરસિંહ ચરિત્રવિમર્શ', 'મહાભારત ચરિત્રવિમર્શ', 'આઠે પહોર આનંદ રે', 'પરિચયપર્વ' જેવાં ચૌદેક પુસ્તકો લખ્યાં છે. હાલ તેઓ કચ્છ યુનિવર્સિટીમાં ભાષાભવનના ગુજરાતી વિભાગના અધ્યક્ષ અને પ્રોફેસર તરીકે સેવારત છે. 'ડૉ. જયંત ખત્રી - બકુલેશ પારિતોષિક', 'ડૉ. પ્રમોદકુમાર પટેલ વિવેચન પારિતોષિક' તેમને પ્રાપ્ત થયાં છે.

આ એકમમાં પત્રના માધ્યમથી કચ્છનાં જોવાલાયક સ્થળોની માહિતીનું રસપ્રદ શૈલીમાં વર્ણન કર્યું છે. કચ્છની ભૌગોલિક સ્થિતિ પણ સુંદર રીતે આલેખી છે. પ્રસ્તુત એકમ આપણને કચ્છની વિશેષતાઓનો પરિચય કરાવે છે.

ડૉ. દર્શના ધોળકિયા
ન્યુ મિન્ટ રોડ,
પૅરિસ બેકરી પાસે,
ભુજ-કચ્છ
તા. 12-7-2011

પ્રિય સૌમિત્રિ,

મોટી બહેનનું ખૂબ વહાલ.

થોડા સમય પહેલાં જ પૂરા થયેલા લાં...બા વૅકેશનની યાદ હજુ પણ તને સતાવતી હશે, ખરુંને ? વળી આવનારા દિવાળી વૅકેશનમાં થનારા કાલ્પનિક પ્રવાસનાં સ્વપ્નાં તારી રાત્રિને મીઠી બનાવતાં હશે.

હા, જો એ સંદર્ભમાં જ મને સૂઝ્યું કે આવનારા દિવાળી વૅકેશનમાં તું તારી મોસાળની ભૂમિ કચ્છના પ્રવાસે આવીને આપણા કચ્છની ભૂમિનો, તેની સંસ્કૃતિનો પરિચય મેળવે તો કેવું ? ચાલ, તને એવું મન થાય એ માટે આપણે કચ્છની વાતો કરીએ.

તને થશે કે એવું તે શું છે કચ્છની ભૂમિમાં ? અત્યાર સુધી તો એ રણના પ્રદેશ તરીકે ઓળખાતો પ્રદેશ હતો. હજુ હમણાં સુધી બહારથી આવતા લોકો માટે કચ્છ એક અજાણ્યો, સજારૂપ લાગે તેવો, પ્રદેશ હતો. પણ

ખરેખર જે લોકો કચ્છમાં રહ્યા, કચ્છને માણ્યો, એમને સત્ય સમજાયું. એ સૌ કચ્છપ્રદેશના પ્રેમમાં પડી ગયાં ને આવા પ્રદેશની ભૂમિને તું પણ ઓળખે-જાણે એના માટે કરીને તને આ પત્ર લખવા બેસી ગઈ.

ભાઈ સૌમિત્રિ, કેવો છે આપણો આ પ્રદેશ ? 'ધીંગી ધરા, ધીંગા ધોરી, ધીંગા બોલ, ધીંગી બોલી' જેવું વિધાન કચ્છ માટે વપરાયું છે. ભારતનો એક વિશિષ્ટ પ્રદેશ એટલે કચ્છ. પ્રાચીન સમયમાં ભારતમાં પ્રવેશ કરવા માટે કચ્છ પશ્ચિમ ભારતનું પ્રવેશદ્વાર ગણાતું. સમુદ્ર, રણ અને પર્વતથી વીંટળાયેલા આ પ્રદેશની વિશેષતાઓ પણ ન્યારી જ છે.

કચ્છપ્રદેશમાં તું બસ કે ટ્રેન બંને દ્વારા આવી શકે. માત્ર ગુજરાતના જ નહિ પણ ભારતનાય બીજા નંબરના સૌથી મોટા જિલ્લા કચ્છમાં પૂર્વથી પશ્ચિમ ફરતાં કુલ નવ કલાક જેવો સમય લાગે છે.

કચ્છમાં બે રણ છે : નાનું અને મોટું. આ રણની વિશેષતા શી, ખબર છે ? એમાં દેખીતી રીતે ક્યાંય રણનાં લક્ષણો નથી. અહીં ક્યાંય તને રેતી જોવા નહિ મળે. આખી દુનિયાનાં રણોથી આપણું રણ એ રીતે જુદું પડે છે. અહીં વર્ષમાં આઠ મહિના દરિયાનું પાણી હોય છે ને ચાર મહિના આ રણ સુકાયેલું હોય છે. કચ્છમાં પ્રવેશ કરવા માટે સૂરજબારીનો પુલ તૈયાર કરવામાં આવ્યો છે. વર્ષો પહેલાં કચ્છ ચારે તરફ પાણીથી ઘેરાયેલો બેટ હતો. તેનો આકાર કાચબા જેવો લાગતો હોવાથી તેનું કચ્છ નામ પડ્યું એવી માન્યતા છે. ભૂસ્તરીય હલનચલનથી કચ્છની ભરતી સમુદ્રતટ પરથી ઉપર આવતી થઈ અને ઉત્તરનો ભાગ પાણી વગરના, રેતી વગરના સપાટ રણમાં પરિવર્તિત થયો.

કચ્છની ઉત્તર-પૂર્વમાં રાજસ્થાન, પૂર્વમાં બનાસકાંઠા તથા પાટણ, દક્ષિણ-પૂર્વમાં સુરેન્દ્રનગર અને દક્ષિણમાં કચ્છનો અખાત છે. દક્ષિણ-પશ્ચિમે અને પશ્ચિમે અરબી સમુદ્ર ઘૂઘવે છે.

કચ્છમાં ખડીર એક એવો ભાગ છે, જે ચારે તરફ રણથી ઘેરાયેલો છે. આ રણમાં પાણી ભરાયેલું રહે છે. ખડીરબેટની વચ્ચે ધોળાવીરા નામે નાનું ગામ છે. ઈ.સ. 1970-71માં ધોળાવીરામાં કેટલાક પુરાતત્ત્વીય પુરાવા મળ્યા ને ખોદકામ કરતાં જમીનમાંથી સમગ્ર નગરરચનાની વિશાળતા જોવા મળી. જે હડપ્પીય સંસ્કૃતિની યાદ અપાવે તેવી છે.

કચ્છના છેવાડે આવેલું ભારતનું પુરાણપ્રસિદ્ધ અડસઠ તીર્થધામમાં ગણાતું નારાયણસરોવર આવેલું છે, જેની ચારે તરફ સમુદ્ર અને વચ્ચે પાણીનું સરોવર છે. ત્યાંથી બે કિમીના અંતરે કોટેશ્વરનો દરિયો ગાજે છે.

કચ્છમાં આવું જ બીજું પ્રાકૃતિક સ્થળ ધીણોધરનો ડુંગર છે, જ્યાં ધોરમનાથે તપશ્ચર્યા કરેલી. તો ઉત્તરે રણના કિનારે કાળો ડુંગર બિરાજમાન છે, જ્યાં ગુરુ દત્તાત્રેયનાં પગલાં છે; તો કચ્છની રાજધાની ભુજ શહેર તો વસેલું જ છે ભુજિયા ડુંગર પર. જ્યાં ભુજંગ નાગનું મંદિર છે.

આમ, રણ, દરિયો ને ડુંગરની વચાળે વસેલા કચ્છપ્રદેશને ભદ્રેશ્વર, સુથરી કોઠારા જેવાં સ્થાપત્યનાં ઉત્તમ નમૂના દર્શાવતાં જૈનમંદિરો, રવેચીમાતાનું રમણીય સ્થાનક, હાજીપીર જેવી રણમાં વસેલી દરગાહ જેવાં અનેક સ્થળો વીંટળાયાં છે. કંડલા કચ્છનું મુંબઈ પછીનું બંદર તો ગાંધીધામ કચ્છનું આધુનિક ગણાતું નગર.

રણમાં રહીને લોકોની આજીવન સેવા કરનાર દાદા મેકરણ જેવા સંતકવિથી કચ્છનું સાહિત્ય ઓળખાયું છે. જેમાં પછીથી ઘણા સાહિત્યકારોએ ભરતી આણી છે.

તો, વહાલા સૌમિત્રિ, આ છે આપણા પ્રદેશની સુગંધ. તું એ સુગંધ લેવા જલદી-જલદી આવીશને ? રાહ જોઉં છું.

- **મોટી બહેનનું વહાલ.**

## ● શબ્દસમજૂતી

**કાલ્પનિક** કલ્પનાથી ઉત્પન્ન થયેલું, વાસ્તવિક અથવા દુનિયાનું નહિ એવું **મોસાળ** 'મા'નું પિયર **ધીંગી** (અહીં) મજબૂત **ધોરી** મુખ્ય, અહીં બળદના અર્થમાં **વિશિષ્ટ** વિશેષતા ધરાવતું **ન્યારી** અનોખી, જુદી **બેટ** ચારે બાજુ પાણીથી વીંટળાયેલી જમીન, દ્વીપ **ભૂસ્તરીય** પૃથ્વીનું પડ, તેની સપાટી નીચેનો થર **ઘૂઘવે** ગર્જવું તે **પ્રસિદ્ધ** વિખ્યાત, જાહેર **પ્રાકૃતિક** કુદરતને લગતું, ભૌતિક **તપશ્ચર્યા** તપસ્યા, તપ **બંદર** દરિયા કે નદીકિનારે આવેલું વહાણોની આવ-જા થઈ શકે તેવું સ્થાન

## ● ભાષાસજ્જતા

### ● પત્રલેખન ●

પત્ર સરસ રીતે લખવા માટે તેની કેટલીક બાબતો અગત્યની છે, તેની કાળજી લેવી જોઈએ. (1) સરનામું (2) સંબોધન (3) પત્રનું કથન (4) અન્ય સમાચાર (5) સમાપન.

(1) **સરનામું :** પત્ર લખનારે પોતાનું સરનામું પત્રના મથાળે જમણી બાજુ લખવું જોઈએ. તેની નીચે તારીખ લખાય છે. બીજું, જેને પત્ર લખ્યો હોય, તેનું સરનામું તે પોસ્ટકાર્ડ કે અંતર્દેશીય પત્રમાં ચોક્કસ ખાનામાં લખાય છે. કવરમાં જમણી તરફ ટિકિટની જગા છોડીને તે લખાય છે. સરનામું એવી રીતે લખવું જોઈએ કે જેથી પત્ર સહેલાઈથી અને ચોકસાઈથી મળી જાય. તેમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ :

1. સરનામું સહેલાઈથી વાંચી શકાય, તેવા અક્ષરોમાં લખેલું હોય.
2. પત્ર જેને મળવાનો હોય, તેનું પૂરું નામ લખવું જોઈએ.
3. પત્ર જે સ્થળે મોકલવાનો હોય, એનો પિનકોડ અવશ્ય લખવો.

**નીચે આપેલ સરનામું ધ્યાનથી જુઓ.**

છગનલાલ કેશવલાલ મહેતા
નીલકમલ ઍપાર્ટમેન્ટ, ભાવનિર્ઝર સામે
સેટેલાઇટ, અમદાવાદ.
પિન : 380 015
13 / 8 / 2011

ઉપરના સરનામામાં પિનકોડ છે. આખા ભારતને 1 થી 9ના આંકડામાં વહેંચી દેવાયું છે. દિલ્હીનો આંક - 1 ગુજરાતનો - 3, મહારાષ્ટ્રનો - 4 અહીં પ્રથમ આંક 3 છે. તે બતાવે છે કે પત્ર ગુજરાતમાં મોકલવાનો છે. તે પછી 80નો આંક તે ગુજરાતનો વિસ્તાર સૂચવે છે.

(2) **સંબોધન :** સામેની વ્યક્તિ સાથે આપણો સંબંધ કેવો છે તે સંબોધનથી દર્શાવીએ છીએ. દા.ત., વડીલો, દાદા, બા, બાપુજી, મોટાં બહેન, ભાઈ, શિક્ષક વગેરેને 'પૂજ્ય' કે 'આદરણીય' કે 'મુરબ્બી' એવું સંબોધન લખાય છે. સરખી ઉંમરનાને 'પ્રિય' કે 'વહાલું' લખાય છે. આપણાથી નાની ઉંમરનાને 'ચિરંજીવી' કે 'વહાલું' જેવું સંબોધન લખાય છે.

એવી જ રીતે પત્રને અંતે સંબંધ મુજબ આદર કે વિનયનું ઉદ્ગારવચન મુકાય છે. દા.ત., વડીલોને પ્રણામ કે વંદન. સમાન વયનાને યાદ, શુભેચ્છા, સ્મરણ વગેરે લખાય છે. નાની ઉંમરનાને આશીર્વાદ કે આશિષ લખાય છે.

(3) **પત્રનું વસ્તુ :** આપણે જે હેતુથી પત્ર લખતા હોઈએ, તેવા લખાણને પત્રનું કથન કહેવાય છે. પત્રનું વસ્તુ સ્પષ્ટતાથી લખવું જોઈએ. જે વીગતો લખી હોય તે યોગ્ય ક્રમમાં લખેલી હોવી જોઈએ. દરેક નવી બાબત માટે નવો ફકરો કરવો જોઈએ. અંગત પત્ર માત્ર માહિતી પૂરતો ન હોવો જોઈએ. જેને પત્ર લખ્યો હોય તેમની સાથે જાણે કે વાત કરતા હોઈએ તેવી નિકટતા આવવી જોઈએ. આપણા ભાવોને પ્રગટ કરવા યોગ્ય શબ્દો કે વાક્યોની પસંદગી કરવી જોઈએ.

(4) **અન્ય સમાચાર :** જે હેતુથી પત્ર લખ્યો હોય તે પત્રવસ્તુમાં લખાઈ જાય છે. એ સિવાયની કોઈ વિશેષ કે વધારાની વિગત નવા ફકરા સ્વરૂપે લખાવી જોઈએ.

(5) **સમાપન :** પત્રને અંતે સૌજન્યપૂર્ણ વ્યવહાર સંબંધી પ્રણામ, આભાર જેવા શબ્દો વપરાય છે અને લિખિતંગ મથાળા હેઠળ પત્ર લખનાર પોતાનું નામ લખી પત્ર પૂરો કરે છે.

## • અભ્યાસ

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) આજના સમયમાં પત્ર લખવાનું ઓછું થઈ ગયું છે. કારણ કે... ☐

(ક) સૌ આળસુ થઈ ગયા. (ખ) સંદેશાવ્યવહારનાં આધુનિક માધ્યમો વધ્યાં.

(ગ) પત્રો મોંઘા થયા. (ઘ) પત્રો મળતા નથી.

(2) સમગ્ર દેશમાં જિલ્લા તરીકે કચ્છનો બીજો નંબર છે. તેનું કારણ... ☐

(ક) રણપ્રદેશ છે. (ખ) વિસ્તાર મોટો છે.

(ગ) ઉદ્યોગો વિકસ્યા છે. (ઘ) વિકસિત જિલ્લો છે.

(3) કચ્છનું ધોળાવીરા ગામ શાના માટે પ્રખ્યાત છે ? ☐

(ક) જૂના અવશેષો (ખ) ભરતગૂંથણ (ગ) સફેદ રેતી (ઘ) બંદરવિકાસ

(4) કચ્છમાં નથી... ☐

(ક) નારાયણ સરોવર (ખ) જેસલ-તોરલની સમાધિ

(ગ) હાજીપીરની દરગાહ (ઘ) રુદ્રમહાલય

## 2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) પત્ર લખતી વખતે તમે તમારું સરનામું કઈ બાજુ લખશો ?

(2) આપણાથી મોટી વ્યક્તિને પત્ર લખતી વખતે કયું સંબોધન કરીશું ?

(3) અત્યાર સુધી આપણે કચ્છને કેવા પ્રદેશ તરીકે ઓળખતા હતા ?

(4) કચ્છની સીમાઓ શાનાથી વીંટળાયેલી છે ?

(5) કચ્છની ઉત્તર-પૂર્વમાં કયું રાજ્ય આવેલું છે ?

(6) ધોળાવીરા ક્યાં આવેલું છે ?

### • સ્વાધ્યાય

D7V3C1

## 1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :

(1) કચ્છનું નામ કેવી રીતે પડ્યું ?

(2) કચ્છજિલ્લાની સરહદ સાથે જોડાયેલા વિસ્તાર વિશે લખો.

(3) આ પત્રમાં કચ્છના કયા-કયા જાણીતાં સ્થળોનો ઉલ્લેખ થયો છે ?

(4) કંડલા બંદર વિશે પાંચ-સાત વાક્યો લખો.

(5) દાદા મેકરણ વિશે પાંચ વાક્યો લખો.

**2. નીચેનાં સંદેશાવ્યવહારનાં માધ્યમો વિશે ચાર-પાંચ વાક્યો લખો :**

(1) ફેક્સ (2) સેલફોન (3) ઈ-મેઈલ

**3. નીચેનાં જોડકાં યોગ્ય વીગત સાથે જોડો :**

| | અ | બ |
|---|---|---|
| 1. | ખડીર | કચ્છનું આધુનિક ગામ |
| 2. | ધીણોધર ડુંગર | બેટ |
| 3. | કાળો ડુંગર | ધોરમનાથની તપશ્ચર્યા |
| 4. | ભુજિયો ડુંગર | ગુરુદત્તાત્રેયનાં પગલાં |
| 5. | ગાંધીધામ | ભુજ શહેર |

**4. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ પ્રમાણે ગોઠવો :**

તપશ્ચર્યા, ભદ્રેશ્વર, હાજીપીર, દરિયો, ધીણોધર, સંસ્કૃતિ

______ ______ ______

______ ______ ______

**5. નીચેના શબ્દોની જોડણી સુધારો :**

(1) કચ્છ - ______ (2) પાકૃતીક - ______

(3) તીરથ – ______ (4) પ્રદેસ - ______

(5) સેત્રપાળ - ______ (6) લીખીતન - ______

**• પ્રવૃત્તિ**

(1) તમારી શાળામાં યોજાયેલ પ્રવેશોત્સવની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મામાને લખો.

(2) ટપાલખાતાની વિવિધ ટિકિટોનો સંગ્રહ કરો.

(3) સંદેશા-વ્યવહારનાં માધ્યમોનાં ચિત્રો ભેગાં કરી તેના વિશે લખો.

(4) દિવાળીકાર્ડ અને લગ્નકંકોતરીનું આલબમ બનાવો.

# 18. સુભાષિત

K8Y3J4

સુભાષિત એટલે સરસ રીતે કહેવાયેલો નીતિવિચાર. સુભાષિતો બોધપ્રેરક હોય છે. તેમાં અનુભવનો નિચોડ હોવાથી તેમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મળે છે. અહીં સુભાષિતોમાં માનવજીવન માટે જરૂરી મૂલ્યોની વાત વિવિધ ઉદાહરણો દ્વારા કરી છે.

અહીં પહેલા સુભાષિતમાં પૃથ્વી, આકાશ અને પ્રેમના ઉદાહરણ દ્વારા પોતાના આપબળનું મહત્ત્વ દર્શાવ્યું છે.

**1.** **પૃથ્વી સમું નહિ બેસણું, આભ સમું નહિ છત્ર;**
**પ્રેમ સમી નહિ માધુરી, આપ સમો નહિ મિત્ર.**

અહીં બીજા સુભાષિતમાં મીઠી વાણીનો મહિમા ગવાયો છે. પોપટ અને કોયલના ઉદાહરણ દ્વારા ઓછું અને મધુર બોલવાની વાત કરી છે.

**2.** **પોપટ કોયલ બોલે થોડું પણ લાગે ભલું;**
**વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં.**

અહીં ત્રીજા સુભાષિતમાં સતત પ્રયત્ન કરીને આગળ વધવાની વાત થઈ છે. જેમ ભણીને આગળ વધતાં પંડિત થવાય છે, લખતાં-લખતાં લહિયા થવાય છે, તે જ રીતે થોડું-થોડું ચાલતાં લાંબો પંથ કપાય છે.

**3.** **ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય;**
**ચાર ચાર ગાઉ ચાલતાં, લાંબો પંથ કપાય.**

અહીં ચોથા સુભાષિતમાં મિત્રતાનો મહિમા ગવાયો છે. વેરના બદલે વેર રાખવાથી વેર શમતું નથી. પાપ સામે પાપ કરવાથી પાપ ટળતું નથી. મિત્રતાથી જ આ સર્વનું નિવારણ થાય છે.

**4.** **શમે ના વેર વેરથી, ટળે ના પાપ પાપથી;**
**ઔષધ સર્વ દુઃખોનું, મૈત્રીભાવ સનાતન.**

અહીં પાંચમા સુભાષિતમાં પરોપકારની વાત રજૂ થઈ છે. જેમ ધૂપસળી પોતાની જાતને બાળીને સુવાસ ફેલાવે છે, તેમ છતાં પોતે મુશ્કેલી સહન કરીને બીજાને સુખી કરે છે.

**5. જલાવી જાતને ધૂપ, સુવાસિત બધું કરે;**
**ઘસી જાતને સંતો, અન્યને સુખિયાં કરે.**

## ● શબ્દસમજૂતી

**સમું** સરખું **બેસણું** બેઠક **આભ** આકાશ, નભ **છત્ર** રક્ષણ કરનાર, પાલક **માધુરી** માધુર્ય, મીઠાશ **વૃથા** ફોગટ **તોલ** (અહીં) કિંમત **લહિયો** લખવાનું કામ કરનાર માણસ **ગાઉ** આશરે સવા બે કિલોમીટર **પંથ** રસ્તો, મારગ **શમવું** શાંત થવું **ટળવું** દૂર થવું **ઔષધ** દવા **સનાતન** પ્રાચીનકાળથી ચાલ્યું આવતું **ધૂપ** સુગંધી દ્રવ્ય

## ● રૂઢિપ્રયોગ

**જાત ઘસવી** - બીજા માટે દુઃખ વેઠવાં

## ● ભાષાસજ્જતા

### ● વિચારવિસ્તાર ●

કહેવત, કાવ્યની કોઈ સારી પંક્તિ કે કોઈના સુંદર ટૂંકા કથનમાં કંઈક અર્થ રહેલો હોય છે. આ અર્થ કે બોધને વિસ્તારથી સરળ ભાષામાં સમજાવવો એટલે જ વિચારવિસ્તાર.

ઘણીવાર આવી પંક્તિ ટૂંકી હોય છે. તેમાં એક પણ શબ્દ વધારાનો હોતો નથી. તેનો દરેક શબ્દ ઘણો મોટો અર્થ આપી જાય છે. આવી સુંદર પંક્તિમાં કંઈક ને કંઈક બોધ, સમજણ અને ડહાપણ રહેલાં હોય છે. તેને સમજીને જીવનમાં ઉતારવાથી તે આપણને વહેવારમાં કુશળ બનાવે છે, સારા માણસ બનાવે છે અને મનમાં આવેલા ખરાબ વિચારને હટાવે છે.

હવે વિચારવિસ્તાર કરવો હોય, તો આ રીતે કરી શકાય :

- પહેલાં એ પંક્તિને સમજી લેવી.
- વિચાર કરીને ત્રણ-ચાર મુદ્દા નક્કી કરી તેને નોંધી લેવા.
- પંક્તિમાં રહેલા વિચારને અનુરૂપ કોઈ પ્રસંગ, કોઈ વ્યક્તિ કે આવો જ વિચાર ધરાવતી કોઈ બીજી પંક્તિનું ઉદાહરણ શોધી લેવું.
- હવે આ મુદ્દાઓનો વિસ્તાર કરી, તેમાં ઉદાહરણ મૂકવું.

- મુદ્દા પ્રમાણે ફકરા પાડી સારા અક્ષરે લખી લેવું.
- લખાણ કર્યા પછી એક વાર ધ્યાનથી વાંચી જવું.

અહીં વિચાર-વિસ્તારના આદર્શ નમૂના આપ્યા છે.

**'આપણા ઘડવૈયા બાંધવ આપણે હો જી'** નો વિચારવિસ્તાર અહીં આપ્યો છે. પ્રયત્નો વડે જ આપણું જીવનઘડતર થાય છે. માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે - એ વાત અહીં સમજાવી છે.

**આપણા ઘડવૈયા બાંધવ આપણે હો જી.**

આ પંક્તિ આપણને વાંચવી ગમે છે, કારણ કે એ વાંચતાં જ સમજાય છે : આપણા ઘડવૈયા આપણે જ છીએ. આપણા પ્રયત્નો વડે જ આપણું ઘડતર થાય છે. માનવી પોતે જ પોતાનો ભાગ્યવિધાતા છે. જીવનમાં આગળ વધવા માટે આપણે જ પરિશ્રમ કરવો પડે છે. કેવળ ભાગ્યને ભરોસે બેસી રહીએ, તો આપણા હાથમાં નિષ્ફળતા જ આવે છે. કહ્યું છે કે, ''સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે નહાય.''

આપણે જ આપણો ઉદ્ધાર કરવાનો છે. જેને ખુદનો ભરોસો નથી, એને ખુદાનો ભરોસો શું કામનો ? આપણને આપણો વિકાસ કે ઘડતર કરવા માટે બધી જ શક્તિઓ મળેલી છે. આપણે તેનો યોગ્ય રીતે, સાચી દિશામાં ઉપયોગ કરવાની જરૂર છે. બીજાની શરણાગતિ છોડીને વ્યક્તિએ પોતાના પુરુષાર્થના બળે જીવનમાં આગળ વધવું જોઈએ. નિરાશ થઈ જવાથી કોઈ પણ કામમાં સફળતા પ્રાપ્ત થતી નથી. આપણો રસ્તો આપણે જ શોધી લેવો જોઈએ. એમાં પ્રયત્ન કરવાથી ચોક્કસ માર્ગ મળશે જ.

આપણે જ આપણા ઘડવૈયા બનીને આપણું ઘડતર કરવાનું છે. આટલી નાની પંક્તિ કેટલી પ્રેરણા આપી જાય છે !

- **અભ્યાસ**

**1. નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પનો ક્રમઅક્ષર પ્રશ્નની સામે આપેલા ☐ માં લખો :**

(1) 'આપ સમો નહિ મિત્ર' એટલે... ☐

(ક) આત્મશ્લાઘા (ખ) આત્મચિંતન (ગ) આપબળ (ઘ) આત્મગૌરવ

(2) 'વૃથા ગુમાવે તોલ બહુ બોલીને દેડકાં.' - આ પંકિતમાં તોલ શબ્દનો અર્થ... ☐

(ક) ભલાઈ (ખ) ફોગટ (ગ) મીઠાશ (ઘ) કિંમત

(3) 'મૈત્રીભાવ સનાતન' એટલે...

(ક) મિત્રતા વિના બધું જ નકામું (ખ) સૌની સાથે હળીમળીને રહેવું

(ગ) કોઈની સાથે વેર ન રાખવું. (ઘ) વધારે મિત્રો રાખવા.

(3) વિચારવિસ્તાર એટલે..

(ક) સમજપૂર્વક વિચારને વિસ્તારવો. (ખ) લંબાણથી લખવું.

(ગ) લખાણને વિસ્તારથી લખવું (ઘ) વિચારને વિસ્તાર્યા જ કરવો.

**2. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં આપો :**

(1) મિત્ર કેવો હોવો જોઈએ ?

(2) આપણે બીજા સાથે કેવી રીતે વર્તવું જોઈએ ?

(3) મૈત્રીભાવને સર્વ દુ:ખોનું ઔષધ શા માટે કહ્યું છે ?

(4) સંતપુરુષોનું જીવન કેવું હોય છે ?

(5) મીઠી વાણી માટે કોનાં ઉદાહરણ આપવામાં આવ્યાં છે ?

(6) સંતો અન્યને કેવી રીતે સુખી કરે છે ?

K1H3T9

**• સ્વાધ્યાય**

**1. નીચેના પ્રશ્નોના ઉત્તરો લખો :**

(1) આપણી જાતે કામ કરવાથી શો ફાયદો થાય છે ?

(2) જીવનમાં મૈત્રીભાવનું શું મહત્ત્વ છે ?

**2. આટલું શોધો અને લખો :**

(1) પોતાની જાત (આપબળ)નો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો.

(2) વાણીનો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો.

(3) મિત્રતાનો મહિમા દર્શાવતી કહેવતો કે પંક્તિઓ શોધીને લખો.

(4) અન્ય પાંચ સુભાષિતો મેળવીને લખો.

(5) શાળાની દીવાલ પરથી તમને ગમતા પાંચ સુવિચાર લખો.

## 3. નીચેના શબ્દ-ચોરસમાંથી આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો શોધો :

(પૃથ્વી, આભ, મિત્ર, પંથ, ઔષધ, સુવાસિત)

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| હે | મ | ગ | દ | વા | થા | યા | ન |
| સુ | ના | દી | પો | ક | મ | ગો | ભ |
| ભે | ર | સુ | લ | ની | રા | ખ | રી |
| સુ | રુ | પુ | ષ | પિ | ય | ની | ત્વી |
| ગં | શ | ગ | ધ | ર | તી | ણ | સુ |
| ધિ | ષ | ચં | ક | ના | લા | ટો | ભા |
| ત | લા | મ | ષા | રે | ળ | ર | સ્તો |

## 4. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :

આભ × ____________ પાપ × ____________

મિત્ર × ____________ ફાયદો × ____________

વેર × ____________ સુખિયાં × ____________

## 5. નીચેનાં સુવાક્યોનો વિચારવિસ્તાર કરો :

(1) આપસમાન બળ નહિ, મેઘસમાન જળ નહિ.

(2) પાણી અને વાણી વિચારીને વાપરો.

## 6. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો :

વૃથા, છત્ર, કોયલ, વેર, ઔષધ, સુવાસિત, આભ, અંધકાર

### • પ્રવૃત્તિ

(1) 'દુહા'ની જેમ સુભાષિતોનું ગાન કરો.

(2) સુવિચાર સંગ્રહપોથી બનાવો અને પ્રાર્થનાસભામાં સુવિચાર રજૂ કરો.

(3) તમે એકઠાં કરેલાં સુભાષિતોમાંથી કોઈ પણ બે સુભાષિતો કંઠસ્થ કરી પઠન કરો.

# પુનરાવર્તન 4

**1. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) સાહેબ બધાંને મેહુલની નોટ બતાવે છે, તે બાબતે હાર્દિક અને મેહુલ શું-શું માને છે ?

(2) કચ્છમાં કયા-કયા ડુંગરો આવેલા છે ?

(3) ‘ગાંધીની ગુજરાત કપરી જીરવવી’ એમ કવિ શા માટે કહે છે ?

(4) સિંહણના બચ્ચાને જોઈને બાળકે શું કર્યું ?

**2. નીચે આપેલાં જોડકાંને યોગ્ય વીગત સાથે જોડો :**

| | અ | બ |
|---|---|---|
| 1. | સારા અક્ષર | ગિરનાર |
| 2. | ગુજરાત મોરી મોરી રે | મૈત્રીભાવ |
| 3. | માતૃહૃદય | નારાયણસરોવર |
| 4. | સુગંધ કચ્છની...! | સોનલ |
| 5. | સુભાષિત | સિંહણનું બચ્ચું |

**3. નીચેનાં વાક્યો કયા પાઠમાંથી લેવામાં આવ્યાં છે તે લખો :**

(1) ધીરજ રાખીને સતત પ્રયત્ન કરીશ તો ચોક્કસ સફળ થઈશ.

(2) વચ્ચે બે ભૂલકાં : એક પશુદેહધારી, એક માનવદેહધારી. કુદરતની કેવી બલિહારી !

(3) ‘ધીંગી ધરા, ધીંગા ધોરી, ધીંગા બોલ, ધીંગી બોલી’

(4) ખડીરબેટની વચ્ચે ધોળાવીરા નામે નાનું ગામ છે.

**4. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :**

(1) ભરવાડોએ જંગલમાં બાંધેલાં ઝૂપડાંનું નામ - ____________

(2) લાકડાના નાના-નાના ટુકડા - ____________

(3) ઢોરઉછેર કરતી જાતિનો માણસ - ____________

(4) ચારે બાજુ પાણીથી વીંટળાયેલી જમીન - ____________

(5) લખવાનું કામ કરનાર માણસ - ____________

**5. તમે કરેલ પ્રવાસ અંગેનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.**

**6. 'સારા અક્ષર' પાઠનો સારાંશ લખો.**

**7. નીચે આપેલા મુદ્દા પરથી વાર્તાલેખન કરો :**

બે સ્ત્રીઓ - એક બાળક માટે લડવું - ઝઘડો વધી જવો - ન્યાય માટે કાજી પાસે જવું - નોકરને બોલાવવા - બાળકના ટુકડા કરવા આદેશ - બાળકની માતાનું રુદન - બેભાન થવું - અન્ય સ્ત્રીને સજા

**8. નીચે આપેલી પંક્તિઓ સમજાવો :**

(1) હોય કામ મુશ્કેલ પણ, ઉદ્યમથી ઝટ થાય;

ખંત જો દિલમાં હોય તો, કદી ન ફોગટ જાય.

(2) નમતાથી સૌ કો રીઝે, નમતાને બહુ માન,

સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

**9. નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર 15થી 20 વાક્યોમાં નિબંધ લખો :**

(1) મારું પ્રિય પુસ્તક

(2) ઉનાળાનો બપોર

(3) ગરવી ગુજરાત

**10. નીચેનાં વાક્યોના અર્થને આધારે તેને માટે વપરાતી કહેવત તે વાક્યની સામે લખો :**

(1) ગરજ વખતે બુદ્ધિ કામ નથી કરતી. ______________________

(2) વિનાશ થવાનો હોય ત્યારે બુદ્ધિ બગડે છે. ______________________

(3) ઝાઝાં જણ ભેગાં મળે તો કામ ઝટ પૂરું થાય. ______________________

(4) બીજાની આશા રાખવાથી નિરાશ થવું પડે છે. ______________________

(5) દરેક કામમાં સાવચેતી રાખીએ તો સુખી થઈએ. ______________________

**11. ક અને ખ વિભાગમાં આપેલી કહેવતોમાંથી સમાન અર્થવાળી કહેવતોને સામસામે ગોઠવો :**

| | ક | ખ |
|---|---|---|
| 1. | ફરે તે ચરે, બાંધ્યું ભૂખે મરે. | દાતણ વેચ્યે દળદર ન જાય. |
| 2. | દાનત તેવી બરકત | જ્યારે વળે પરસેવો ત્યારે મળે મેવો. |
| 3. | આંગળાં ચાટ્યે પેટ ન ભરાય | બળિયાના બે ભાગ |
| 4. | મારે તેની તલવાર | ભાવના તેવી સિદ્ધિ |

**12. 'ક' અને 'ખ' વિભાગમાં આપેલી વિરોધી અર્થ ધરાવતી કહેવતોને સામસામે ગોઠવો :**

| | ક | ખ |
|---|---|---|
| 1. | પારકી આશા સદા નિરાશ | માગ્યા વિના મા પણ ન પીરસે. |
| 2. | શ્રમ વિના પ્રારબ્ધ પાંગળું | સગા બાપનોય વિશ્વાસ ન કરાય. |
| 3. | માગ્યા કરતાં મરવું ભલું | વાડ વગર વેલો ન ચડે. |
| 4. | વિશ્વાસે વહાણ ચાલે | નસીબ ચાર ડગલાં આગળ |

**13. રોજિંદા વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા પાંચ શબ્દો લખી તેમના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

## પૂરક વાચન

# 1. શેરીએ આવે સાદ




**રાજેન્દ્ર શાહ**

**જન્મ : 28-1-1913, અવસાન : 02-01-2010**

કવિ રાજેન્દ્ર શાહનો જન્મ ખેડા જિલ્લાના કપડવંજમાં થયો હતો. 'આંબે આવ્યા મોર', 'રૂમઝૂમ' અને 'મોરપીંછ' એ તેમના બાળકાવ્યોના સંગ્રહો છે. તેઓ જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત થયા છે.

આ કાવ્યમાં બાળકમાં રહેલાં કુતૂહલ અને સાહસના ભાવો નિરૂપાયા છે. બાળકો દરેક ઋતુનો, કુદરતમાં થતા ફેરફારોનો કેવો તો રોમાંચ અનુભવે છે ને ઉમળકાથી એનું સ્વાગત કરે છે તેની વાત આ ગીતમાં આલેખાઈ છે. ઉપરાંત, વડીલો એમની ટેવ મુજબ સૂચનાઓ આપે તે માટે નહિ, પણ મુક્તમને રમવા મળે, તે માટે બધાંથી દૂર આંબાવાડીએ જવા ઇચ્છે છે.




કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,
હાલ્યને આંબાવાડીએ, હજી પોરની તાજી યાદ.
પાંદડુંયે નહિ પેખીએ એવો
ઝૂલતો એનો મૉર.
કોઈને મોટા મરવા અને
કોઈને છે અંકોર,
ડોલતી ડાળે ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.
ઘરનું નાનું આંગણું,
ગમે મોકળું મોટું વન :
કોઈનોયે રંજાડ નહિ ને
ખેલવા મળે દન.
હાલિયે ભેરુ, કાયર જે કોઈ હોય તે રહે બાદ;
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ.

(**'મોરપીંછ'** માંથી)

### • શબ્દસમજૂતી

**કુંજ** ઝાડ અથવા વેલાનાં પાંદડાંથી થયેલી ઘટા **પોર** ગયા વર્ષે **પેખવું** જોવું **મૉર** (અહીં) આંબાનાં ફૂલ-મંજરી **મરવો** નાની કેરી **અંકોર (અંકુર)** ફણગો **ઘેરો નાદ** (અહીં) વધારે તીવ્રતાવાળો અવાજ **મોકળું** ખુલ્લું, જગાની છૂટવાળું **રંજાડ** કનડગત **કાયર** ડરપોક **દન** દિવસ


# 2. કાબુલી



**રવીન્દ્રનાથ ટાગોર**

**જન્મ : 1861, અવસાન : 1941**

રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ કોલકાતામાં થયો હતો. એમના પિતાનું નામ દેવેન્દ્રનાથ અને માતાનું નામ શારદાદેવી. 'કાબુલીવાલા', 'પોસ્ટમાસ્ટર' એ એમની જાણીતી વાર્તાઓ છે. આપણા રાષ્ટ્રગીત 'જનગણમન'ની રચના તેમણે કરી છે. ગુરુદેવ ટાગોરને સાહિત્યનું 'નોબેલ પારિતોષિક' પ્રાપ્ત થયું હતું.



**અનુવાદક : મહાદેવભાઈ દેસાઈ**

**જન્મ : 1-1-1892, અવસાન : 15-8-1942**

મહાદેવભાઈ હરિભાઈ દેસાઈનો જન્મ સુરત જિલ્લાના સરસ ગામમાં થયો હતો. તેઓ ગાંધીજીના જમણા હાથ સમાન હતા. 'અંત્યજ સાધુ નંદ', 'ઇબ્રાહીમચાચા', 'સંત ફ્રાંસિસ' એ તેમની નોંધપાત્ર કૃતિઓ છે. રવીન્દ્રનાથ ટાગોરે બંગાળી ભાષામાં લખેલી વાર્તા 'કાબુલીવાલા'નો મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતીમાં અનુવાદ કર્યો છે, તે અહીં આપ્યો છે.

વતનથી દૂર રહીને સૂકોમેવો વેચતા કાબુલીને મીનીમાં પોતાની દીકરી દેખાય છે. શરૂમાં મીનીનાં મા-બાપ કાબુલીને શંકાથી જુએ છે; પરંતુ એના હૃદયનો ભાવ ઓળખાતાં તે બંને લાગણીસભર થઈ જાય છે

**(1)**

મીનીના બાપ મોટા પંડિત હતા. મીની એટલે બિલાડી નહિ, પણ એક છોકરીનું નામ. તે છોકરીની આંખ માંજરી હતી, એટલે તેની ફોઈએ તેનું નામ મીની પાડ્યું હતું.

મીનીના બાપ મોટા પંડિત હોવાથી મોટાં-મોટાં પોથાં ઉથામે, મોટાં-મોટાં થોથાં લખે, આખો દહાડો એમાંથી પરવાર જ ન મળે ! સાંજ થાય અને મીની એની બાને કહે : 'બા, એક વાર્તા કહે.'

મીનીનાં બા કહે, 'જાને તારા બાપની પાસે, એ કહેશે.'

મીની એના બાપની પાસે જઈને કહે, 'બાપા, તમે આખો દિવસ શું લખો છો ? વાર્તા લખો છો ? આપણા હજામને સારી વાર્તા આવડે છે. કહોની બાપા, મને સૂપડા જેવડા કાનવાળા રાજાની વાત.'

બાપા કહે, 'મીની, હું લખતો હોઉં ત્યારે મને સતાવવો નહિ.'

'વારુ ત્યારે, બાપા, કહોની સિંહ જબરો કે ઉંદર ? તમે નહિ કહો તો હું તમને એક વાર્તા કહું ?'

બાપા કહે, 'ભાઈસા'બ, મીની, તું ચૂપ નહિ રહે ?'

મીની કહે, 'ત્યારે તો સાચે જ બાપા, બા કહેતી હતી તે ખરું કે ? તમને ચોપડી લખતાં આવડે છે, પણ વાર્તા કહેતાં નથી આવડતી !'

ઓરડામાંથી મીનીની બા આ મજેદાર સંવાદ સાંભળતી હતી, તે હસતાં હસતાં કહે, 'લો, લેતા જાઓ ! પંડિત કહેવાઓ છો, પણ તમારી કિંમત તમારી દીકરી આગળ કેટલી છે !'

મીની તુરત બાપને પૂછે, 'બાપા, બાની કિંમત કેટલી ? પેલો કાબુલી આવે છે તે કહે છે : 'શાલ કી કિંમત બીસ રૂપિયા, બાદામ કી કિંમત એક રૂપિયા.'

## (2)

એક દિવસ મીનીના બાપ, પોથીમાંથી ડોકું કાઢી, બારી આગળ જઈને જુએ છે, તો મીની પેલા કાબુલીના ખોળામાં બેઠી બેઠી તેની દાઢી ખેંચતી હતી અને બંને વાતો કરતાં હતાં. મીની કહે : 'હેં કાબુલી, તારી દાઢીના વાળ ધોળા અને મારા વાળ કાળા કેમ ?'



કાબુલી કહે, 'મીની, મૈં બુઢ્ઢા હો ગયા, ઔર તુમ બચ્ચી છે.'

મીની કાબુલીનું ગુજરાતી સાંભળી ખડખડ હસે અને કહે, 'પણ કાબુલી, તારા થોડા વાળ ધોળા કેમ અને થોડા વાળ કાળા કેમ ? તું થોડો બુઢ્ઢા અને થોડો બચ્ચા છે ?'

બંને ખડખડાટ હસે છે. કાબુલી મીનીને એક હાથમાં ઉપાડે છે, બાથમાં લે છે અને મીનીના ખીસામાં બદામપિસ્તા ભરે છે.

બીજે દિવસે મીનીને બાપે બોલાવી, 'મીની, બેટા આમ આવ; આજે તને વાર્તા કહું.'

મીની કહે, 'ના બાપા, કાબુલી વાર્તા કહે છે તેવી તમને નહિ આવડે. મારે તમારી વાર્તા નથી સાંભળવી.' બાપા ચૂપ રહ્યા.

વળી એક દિવસ કાબુલી આવ્યો હતો, અને મીની ને કાબુલી વાતો કરતાં હતાં. હવે કાબુલીને ગુજરાતી આવડી ગયું હતું. મીની કાબુલીને પૂછે : 'કાબુલી, કાબુલી, તારા દેશમાં માણસ ઊંટ જેવાં હોય છે ?'

કાબુલી કહે, 'ના ના. મારા દેશમાં બચ્ચાં બિલ્લી જેવાં હોય છે.'

મીની કહે, 'એટલે ઊંટનાં બચ્ચાં બિલ્લી જેવાં હોય છે ?'

કાબુલી હસે અને પૂછે : 'મીની, તને કોણે કહ્યું કે, અમારા દેશમાં માણસ ઊંટ જેવાં હોય છે ?'

મીની કહે : 'કાલે અમારા ઘર આગળથી ઊંટ જતું હતું. તેની બંને બાજુએ કોથળા હતા. તેવા જ કોથળા તારી ખાંધે છે.'

કાબુલી આ સાંભળી હસી પડ્યો, અને મીનીને કહે, 'અમારા દેશમાં તો માણસો ઊંટને ખાંધે લઈને ચાલે એવા હોય છે !'

વળી મીની ખડખડાટ હસે અને કાબુલીની દાઢી ખેંચે. કાબુલીયે મીનીની સાથે ગમ્મત કરે. મીનીને એ પૂછે, 'મીની, તું સાસરે ક્યારે જઈશ ?'

મીનીના મનમાં કે, સાસરું નામનું કોઈ ગામ હશે. એટલે મીની પૂછે, 'હેં કાબુલી, સાસરામાં તારા દેશની જેમ દ્રાક્ષના વેલા હોય ખરા ? તો તો તેની ઉપરથી આપણે ધરાઈ ધરાઈને દ્રાક્ષ ખાઈએ. સાસરામાં તારા દેશના જેવા પહાડ હોય ખરા ? તો તો તેની ઉપરથી બરફ જેવું ઠંડું પાણી ખળ ખળ ખળ ખળ વહી જતું હોય અને આપણે ધરાઈ ધરાઈને પીએ !'

કાબુલી કહે, 'ના, મેં તને મારા દેશની વાત કહી છે તેવો એ દેશ નથી. ત્યાં તો સવારસાંજ ચક્કી પીસના પડે, અને પાની નિકાલના પડે, અને સાંજે જાડી મોટી રોટી મલે.'

મીની કહે, 'એવે સાસરે કોણ જાય ? તું જઈશ કાબુલી ?'

મીનીના બાપને હવે લાગતું હતું કે, મીની હાથમાંથી ગઈ; મીનીની માને લાગતું હતું કે, આ કાબુલી એક દિવસ છોકરીને ઉપાડી જશે. પણ કાબુલીની સાથે છોકરીને ખૂબ ગમ્મત આવે, તે માબાપ બંનેને ગમે; એટલે કાબુલી આવે ત્યારે તેની ઉપર નજર રાખે, પણ તેને આવવાની ના કદી ન કહે.

પણ મીનીને કાબુલી લઈ જાય, તે પહેલાં એક દિવસ તેના ઘર પાસેથી સિપાઈ કાબુલીને લઈ જતા હતા ! મીનીએ તે જોઈને બૂમ પાડી : 'કાબુલી, કાબુલી, આવ, આવ.' કાબુલીએ હસીને હાથ ઊંચા કરી હાથકડી બતાવી કહ્યું, 'ના, મીની, હું તો સાસરે જાઉં છું !'

મીનીએ બાપાને પૂછ્યું 'કાબુલીને સાસરે કેમ લઈ જાય છે ?'

મીનીના બાપે કહ્યું, 'કાબુલીએ કોઈને છરી મારી, એટલે સિપાઈ એને પકડી જાય છે.'

મીની કહે, 'ના, બાપા, કાબુલી કોઈને છરી મારે નહિ. સિપાઈ એને ક્યાં લઈ જશે ? ત્યાં એને સિપાઈ છરી મારશે ?'

બાપા કહે, 'ના, છરી નહિ મારે; પણ ઘંટીએ દળાવશે, પાણી કઢાવશે, ખૂબ કામ કરાવશે અને જાડી રોટી ખાવા આપશે.'

મીની કહે, 'હેં બાપા, એવું તો સાસરામાં હોય છે, એમ કાબુલી કહેતો હતો. એને સિપાઈ સાસરે લઈ ગયા ?'

મીનીના બાપા અને મા ખડખડ હસ્યાં : 'ના, બહેન ના; એને કેદમાં લઈ ગયા, જેલમાં લઈ ગયા.'

એ વાતને સાત વરસ વહી ગયાં. મીનીનાં લગ્ન લેવાયાં હતાં. આંગણામાં મોટો માંડવો બંધાયો હતો. ચોકમાં મોટા સાથિયા પુરાયા હતા. ગામડામાંથી સારા ઢોલીઓ અને શરણાઈવાદક આવ્યા હતા. તેઓ મધુરી શરણાઈ વગાડી રહ્યા હતા. મીની ઘર છોડીને સાસરે જવાની હતી, એટલે તેના બાપના દિલમાં દુઃખ માતું ન હતું.

તેવામાં મેલાંઘેલાં કપડાંવાળો, ઊંચો પહાડ જેવો લાગતો, પણ ગાલ ઉપર અને કપાળ પર કરચલી પડેલો એક માણસ દરવાજો ઉઘાડી અંદર આવ્યો. મીનીના બાપ એને તરત તો ન ઓળખી શક્યા. પણ જરા ધારીને જોતાં જણાયું કે એ તો પેલો કાબુલી હતો. મીનીના બાપને થયું કે, આવે મંગળ દહાડે આ ખૂનીનું મોં ક્યાંથી જોયું ? પણ પેલાએ તો પૂછ્યું : 'મીની ક્યાં છે ? મીનીના બાપે ઝટ જવાબ દીધો : 'મીની અહીં નથી. તમે બીજી કોઈ વાર આવજો.' આ સાંભળી કાબુલીનું મોં પડી ગયું. ઉદાસ થઈને તે બહાર નીકળ્યો. મીનીના બાપને આગલા દિવસો યાદ આવ્યા. કાબુલીને પાછો બોલાવવાનું તેને મન થયું. ત્યાં તો કાબુલી જ પાછો આવ્યો. ખીસામાંથી એક પડીકું કાઢ્યું. બદામપિસ્તા અને દ્રાક્ષ તે બિચારો કોઈ બીજા કાબુલી પાસેથી માગી લાવ્યો હતો. તેના મનમાં કે, મીની તો દસ વરસ ઉપર હતી એવડી જ હશે ! તેની આંખમાં પાણી આવ્યાં. તેણે કહ્યું, 'વારુ સાહેબ, મીની ન હોય, તો મીનીને આટલાં બદામપિસ્તા અને દ્રાક્ષ તો આપજો.'

મીનીના બાપને દયા આવી. કાબુલી જેલમાંથી છૂટીને આવ્યો છે, એને બિચારાને પૈસાની જરૂર હશે એમ માનીને, પેલું પડીકું લઈ પૈસા આપવા કાઢ્યા. કાબુલીની આંખમાંથી આંસુની ધારા ચાલી. ઘડીક પછી શાંત થઈ તેણે કહ્યું : 'માફ કરો, સાહેબ. પૈસા માટે હું નથી આવ્યો. દેશમાં તમારી મીની જેવી જ મનેય દીકરી છે. તમારી

દીકરીને જોઈને હું મારી દીકરીને જોતો હોઉં એમ હરખાઉં છું.' એમ કહીને પોતાના ચોરખીસામાંથી એક કરચલી પડેલો કાગળ કાઢ્યો ને જમીન ઉપર મૂકીને તેની ગડી ઉકેલી મીનીના બાપ આગળ ધર્યો.

કાગળ ઉપર કાબુલીની દીકરીના કુમળી આંગળીઓવાળા હાથની શાહીએ રંગીને પાડેલી છાપ હતી. મીનીનો બાપ આ જોઈ સડક થઈ ગયો. પોતે મોટો પંડિત હતો તે ભૂલી ગયો, મોટો પૈસાદાર મહેલમાં રહેનાર હતો તે ભૂલી ગયો અને તેના મનમાં થયું, 'આયે મારા જેવો બાપ છે !'

તરત મીનીને એના બાપે બોલાવી. પીઠી ચોળેલી, ઘરેણાં પહેરેલી, મોટી ઊંચી થયેલી મીનીને કાબુલીની આગળ કેમ લવાય ? ઘરમાંથી બૈરાંઓએ ના પાડી. પણ એના બાપ એને ખેંચી લઈ આવ્યા. તેમણે કહ્યું, 'મીની ઓળખે છે, તને કિસમિસ બદામ ખવડાવનાર કાબુલીને ? કાબુલીકાકાને પગે લાગ અને તેમના આશીર્વાદ મેળવ.'

કાબુલી તો આટલી મોટી મીનીને જોઈને આભો જ બની ગયો. હવે તેને એકાએક યાદ આવ્યું કે, 'પોતાની દીકરી પણ એટલી મોટી થઈ હશે. એના મનમાં અનેક લાગણી આવી અને ગઈ. જેમતેમ શાંત થઈ બોલ્યો : 'મીની, સાસરે જાય છે ? બેટા, સુખી થજે.'

મીની તો કશું બોલી જ શકી નહિ. દૂરથી પગે લાગીને ચાલી ગઈ. મીનીના બાપે કબાટમાંથી નોટો કાઢીને પેલા કાબુલીના ખીસામાં ઘાલીને કહ્યું, 'ભાઈ, તું આજે ભલે આવ્યો, આ પૈસા લે અને તારા ઘરભેગો થા. તારી મીનીયે તારી રાહ જોતી હશે. તેને મળીને આશીર્વાદ દેજે કે, મારી મીની સુખી થાય !'

### • શબ્દસમજૂતી

**માંજરું** ભૂરી કીકીવાળું **પંડિત** શાસ્ત્રમાં નિષ્ણાત, વિદ્વાન **વારુ** ઠીક, સારું **પરવાર** ફુરસદ, નવરાશ **સૂપડું** અનાજ ઝાટકવાનું સાધન **ખડખડાટ હસવું** મોટેથી હસવું **ચક્કી** ઘંટી **હાથકડી** હાથની બેડી; **ખૂની** હત્યારું, ખૂન કરનારું **પીઠી** લગ્નપ્રસંગે વરકન્યાને શરીરે ચોળવાનું પીળા રંગનું સુગંધી મિશ્રણ.

### • રૂઢિપ્રયોગ

**દિલમાં દુઃખ થવું** ખૂબ દુઃખી થવું

**મોં પડી જવું** ઉદાસ થઈ જવું.

**સડક થઈ જવું** સ્તબ્ધ થઈ જવું

•

# 3. રૂપાળું મારું ગામડું

**જયંતીલાલ માલધારી**

**જન્મ : 1909, અવસાન : 1990**

જયંતીલાલ નાનજીભાઈ માલધારીનો જન્મ રાજકોટ જિલ્લાના શિવરાજગઢ ગામે થયો હતો. 'ધરતીના છોરું' અને 'ગ્રામસ્વરાજના પાયા' તેમનાં જાણીતાં પુસ્તકો છે. વરસો સુધી એમણે દૈનિકપત્રોમાં કટાર લેખન કર્યું હતું.

આ ભાવગીતમાં કવિએ રળિયામણા ગામડાની તસવીર આલેખી છે. સુખ અને દુઃખના પ્રસંગોએ આખું ગામ એકબીજાંને મદદ કરે છે. ગામનાં સૌ એકમેકમાં ગૂંથાયેલાં છે. આવા ભાવસભર સહકારની વાત આ ગીતમાં છે.

ગાજે છે ગીત જ્યાં હેતનાં રે,

રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

નદીયુંનાં ધીમાં મીઠાં નીર રે...

રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

સુખમાં સુખિયા સૌ સાથમાં રે,

રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

દુઃખમાં ભેળું છે આખું ગામ રે...

રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ધરતી ખેડે છે સૌ સાથમાં રે,

રંગભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ધંધા વિનાનું નથી કોઈ રે...



રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ઘેર-ઘેર ઘંટીઓ ગાજતી રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

રેંટિયાનો મીઠો રણકાર રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ખટક ખટુકે સાળ સામટી રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ઊંચાનીચાના નથી ભેદ રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

કામધેનુ સમાણી ગાવડી રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ધીંગી ધૂરાના ધરનાર રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

અંતરપ્રકાશ સૌની આંખમાં રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ધરતી ધ્રૂજે છે જેને પાય રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

સામું જુએ ત્યાં હેત નીતરે રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

આંખડીએ અમી છલકાય રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

સંત વિનોબાની વાણી એ રે,

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

ગાંધીબાપુનો જયજયકાર રે...

રંગ ભર્યું નાનું રૂપાળું મારું ગામડું.

## • શબ્દસમજૂતી

**ધંધો** રોજી **રેંટિયો** સૂતર કાંતવાનું સાધન **સાળ** કાપડ વણવાનું ઓજાર **કામધેનુ** મનોકામના પૂરી કરનારી એક કલ્પિત ગાય **અંતરપ્રકાશ** મનનું તેજ **અમી છલકાવું** હેત ઊભરાવું.

# 4. સાચી વિદ્યા

આપણા વેદ-ઉપનિષદ જેવા સાહિત્યમાં સાચી વિદ્યા કોને કહેવાય, સાચું જ્ઞાન કયું તેની પાયાની વાતો સમજાવતી અનેક સુંદર કથાઓ છે. પ્રસ્તુત કથા પણ વારુણિના ઉદાહરણથી સાચું જ્ઞાન, સાચો યજ્ઞ કોને કહેવાય, તે બાબત સુંદર રીતે રજૂ કરે છે. સાચી વિદ્યા—સાચું જ્ઞાન જીવનના રોજબરોજના અનુભવોમાંથી મળતું હોય છે. આ બાબત રેંટનો દાખલો લઈને ગુરુજી વારુણિને સચોટ રીતે સમજાવે છે. પોતાનું કામ મન દઈને કરતાં, લોકોને માટે બુદ્ધિનો વિકાસ થવા સાથે આનંદનો અનુભવ પણ મળતો હોય છે.

હજારો વર્ષ પહેલાંની આ વાત છે. એ સમયે બાળકો આશ્રમમાં ભણવા જતાં. આશ્રમ ઘરની પાસે ન હોય. બાળક સાતેક વરસનો થાય, એટલે એને ઉપનયનસંસ્કાર કરાવવામાં આવતા. પછી એ બટુક કહેવાતો. એ દૂર આશ્રમમાં ભણવા જતો. આશ્રમમાં બારેક વર્ષ સુધી ભણવાનું રહેતું. ભણતર પૂરું થયા પછી જ ઘેર પાછા આવવાનું. દિવાળી કે ઉનાળાની રજાઓ ન હતી.

ગામથી દૂર વનમાં આશ્રમ હોય. ગુરુ અને વિદ્યાર્થી સાથે જ રહે. આશ્રમના જીવનમાં ખૂબ જ શિસ્ત રહેતી. ભણવાની સાથે દરેકને કામ પણ કરવાનું રહેતું. ગુરુજી જે કહે તે કામ. વહેલી સવારે ઊઠી, નાહી, ધોઈ સૌ ગુરુજી પાસે પહોંચી જતા. પ્રાર્થના, સંધ્યાવંદન થાય, એટલે ગુરુજી સૌને કામ વહેંચી દેતા. સવારનું કામ કરી સૌ ભણવા બેસતાં.

ભણવા બેસવાનું કોઈ ઘટાદાર વૃક્ષની છાયા નીચે. વડલો હોય કે આંબો હોય કે પીપળો હોય. એને ફરતે બટુકોએ જાતે બનાવેલ સરસ ઓટલો હોય. ગુરુજી ઓટલા પર બેસીને સૌને ભણાવે. સૌ ગુરુજીની વાતને ધ્યાનથી સાંભળે. મગજમાં ઉતારે. ન સમજાય, તો પ્રશ્ન પૂછે. ગુરુજી સૌના પ્રશ્નોના જવાબ આપે.


ભોજન પછી થોડોક વિરામ રહેતો. વળી પાછા સૌ પોતપોતાને સોંપેલ કામમાં લાગી જતાં. કામ પતાવી સાંજ પહેલાં આશ્રમમાં આવી નાહી, ધોઈ, સંધ્યાવંદન અને પ્રાર્થના થતાં. ગુરુજી પ્રાર્થના બાદ ઉપદેશ આપે, કથા-વાર્તા કહે. સૌ બટુકો ભોજન કરી સમયસર ઊંઘી જાય.

આશ્રમમાં વેદ-વેદાંગોનું અધ્યયન થતું. અશ્વવિદ્યા, શસ્ત્રવિદ્યા, આયુર્વેદ એવાં વિવિધ શાસ્ત્રોનું અધ્યયન થતું. આ આશ્રમના જીવનમાં માત્ર ભણવાનું જ નહિ, પણ સાથે ખૂબ કામ કરવાનું રહેતું.

આશ્રમમાં દરેક જણ કામ કરે. ગુરુજી પણ કામ કરે અને શિષ્યો પણ કામ કરે. જીવનમાં ઉપયોગી એવાં કામ શીખવવામાં આવતાં. કોઈ ખેતરમાં કામ કરે, કોઈ રસોડે કામ કરે, કોઈ વૃક્ષો ઉછેરવાનું કામ કરે; કોઈ દાભ કાપી લાવી એમાંથી આસન બનાવતાં શીખે. દાભ કાપવામાં કુશળ થવું પડતું. કાળજી ન રાખે, તો એ દાભ આંગળીઓમાં ચીરા પાડે. કોઈ પાંદડાંનાં પતરાળાં અને પડિયા બનાવે, કોઈ સૂતર કાંતે, કાપડ વણતાં શીખે, કૂવામાંથી પાણી કાઢતાં શીખે. કામ કરતાં-કરતાં વસ્તુઓની જાણકારી મળે અને કામમાં કુશળ પણ થવાય. એક કામ શીખી લેવાય, એટલે બીજું શીખવા મળે. આશ્રમજીવનનું સૂત્ર હતું : કામ કરતાં જાઓ અને કામ શીખતાં જાઓ.

વિશ્વામિત્ર મુનિનો આવો જ એક આશ્રમ હતો. વિશ્વામિત્ર મુનિ ખૂબ જ્ઞાની હતા. એમને ત્યાં શિષ્યો પણ તેજસ્વી આવતા. ત્યાં વારુણિ નામનો શિષ્ય હતો. ભણવામાં ખૂબ જ હોશિયાર. સવારે શિખવાડ્યું હોય તે સાંજ સુધીમાં તો એને યાદ રહી જતું. કારણ કે આખો દિવસ એ મનમાં એનું જ રટણ અને વિચાર કર્યા કરતો. ગુરુજીને એ જાત-જાતના પ્રશ્નો પૂછતો. ગુરુજી એની શંકાઓનું નિરાકરણ કરતા. ગુરુજીને પણ એ ગમતો.

વારુણિને અધ્યયન ખૂબ ગમતું, પણ કામ કરવામાં એને મજા ન આવતી. કામ કરતી વખતે એ ભણવાના વિચાર કરતો. કામ બાજુએ રહી જતું. સાંજ પડે સૌ શિષ્યો કામ વ્યવસ્થિત પતાવી પાછા ફર્યા હોય, પણ વારુણિ મોડો જ પડે. એનું કામ પણ અધૂરું ને અવ્યવસ્થિત રહેતું. એને હવે કામ કરવાનો કંટાળો જ આવવા માંડ્યો હતો. એને થતું, ‘‘હું અહીં ભણવા આવ્યો છું, વિદ્વાન થવા આવ્યો છું, મારે આવાં કામો શા માટે કરવાં જોઈએ ?’’ ક્યારેક બીજા શિષ્યો આગળ તે આવું બોલી જતો. ગુરુજીને કાને આ વાત પહોંચી હતી, પણ તેઓ તક મળે તેની રાહ જોતા હતા.



એ દિવસે વારુણિને કૂવા પર રેંટ ચલાવવાનું કામ સોંપ્યું હતું. ગુરુજી પોતે અન્ય શિષ્યો સાથે ખેતરમાં કામ કરતા હતા. વારુણિના મનમાં સવારે ગુરુજીએ શીખવેલું ચાલ્યા કરતું હતું : ''યજ્ઞો વડે દેવોની આરાધના કરવી એ આપણો પહેલો ધર્મ છે...'' પછી ગુરુજીએ શું કહ્યું હતું ? આમ, વિચાર કરતાં-કરતાં વારુણિના હાથ-પગ ચાલતાં અટકી ગયા. રેંટ ફરતો બંધ થઈ ગયો. એના ઘડામાં પાણી આવતું બંધ થઈ ગયું. થાળામાં પાણી રેડાતું અટકી ગયું, ત્યાંથી ધોરિયામાં અને ધોરિયામાંથી ખેતરમાં જતું પાણી પણ બંધ થઈ ગયું. ખેતરના કામમાં વિલંબ થયો. બધાંને કારણની ખબર હતી. વારુણિને જે કામ સોંપાય તેમાં આવું જ થાય. ગુરુજીને થયું કે આ સારી તક છે. તેઓ ખેતરમાંથી કૂવા તરફ આવ્યા. એમણે જોયું કે વારુણિ રેંટ પર બેઠેલ છે, પણ રેંટ ચાલતો નથી. એનું ધ્યાન ક્યાંક બીજે જ છે.

ગુરુજીએ પૂછ્યું, ''વત્સ, આ રેંટ કેમ અટકી ગયો ? અને તું શેનો વિચાર કરે છે ?''

વારુણિ એકદમ ચોંકી ગયો. એણે ગુરુજીને વંદન કર્યા અને પોતાની સ્થિતિ છાવરવા માંડ્યો, ''એ તો... એ તો હું જરા તમે ભણાવેલ ઋચા યાદ કરતો હતો... એટલે... એટલે રેંટ જરા અટકી ગયો. જુઓ, આ ફરીથી ચાલ્યો.''

ગુરુજી બોલ્યા, ''રોકાઈ જા. આ રેંટ, કૂવા, થાળું બરાબર જોઈ લે. રેંટના ઘડા કેવી રીતે ગોઠવાયા છે ?''

''જોયા ગુરુદેવ.''

''એ ઘડા ઊંધા-ચત્તા થાય, તો શું થાય ?''

''કૂવામાંથી પાણી નીકળે નહિ, ગુરુજી.''

''આ રેંટ ઓછી મહેનતે કૂવામાંથી પાણી બહાર કાઢે છે. આ રેંટ, થાળું, ધોરિયો અને નીકની વ્યવસ્થા શોધી કાઢનાર વ્યક્તિ જ્ઞાની કે અજ્ઞાની ?'' ગુરુજીએ પૂછ્યું, ''જ્ઞાની જ કહેવાય, ગુરુદેવ !'' આ જ્ઞાન પોથીમાંથી નથી મળતું, ભણવાથી નથી આવતું. કામ કરતાં-કરતાં સૂઝે છે. કામ કરતાં-કરતાં જેણે બુદ્ધિ લડાવી અને રેંટ બનાવ્યો એ પણ જ્ઞાની જ છે. પોતે બુદ્ધિપૂર્વક કામ કર્યું. કુશળતા દાખવી અને બીજાઓને પણ મદદ કરી. જે કામથી જ્ઞાન વધે એ પણ વિદ્યા જ છે. એ પણ એક પ્રકારનો યજ્ઞ જ છે, વત્સ.''

''બસ ગુરુજી, આ યજ્ઞ એટલે શું, એનો જ હું વિચાર કરતો હતો. હવે મને સમજાયું.''

''હજુ ઘણું બાકી છે. સાંજે સંધ્યાવંદન વખતે એની વાત કરીશું.'' એમ કહી ગુરુજી ખેતર તરફ ચાલ્યા ગયા.

વારુણિના હાથ-પગ સાથે એનું મન પણ જોડાયું. એણે બમણા જોરે કામ કર્યું. હાથ-પગ જરા દુ:ખતા હતા, પણ મનમાં ઘણો ઉત્સાહ હતો.

સાંજે ગુરુજીએ શરૂઆત કરી : ''તમને ખબર છે કે કૂવામાંથી રેંટ વડે પાણી થાળામાં ને પછી ધોરિયા થકી ખેતરમાં પહોંચે છે; પણ તમને ખબર છે કે કૂવામાં પાણી ક્યાંથી આવે છે ?''

બધા શિષ્યો એકબીજાની સામે જોતા હતા. ગુરુજીએ કહ્યું, ‘‘સૂર્યનાં કિરણોથી પાણી ગરમ થાય, એમાંથી વરાળ બની વાદળાં બંધાય અને વરસાદ રૂપે એ પાણી પાછું સમુદ્રમાં જાય. પણ કેટલુંક પાણી જમીનમાં ઊતરી જાય છે, શોષાય છે. ધરતીના પેટાળમાં ઊંડે ઘણાં સરોવરો છે. એમાં એ પાણી ભરાય છે. એમાંથી ઘણી સરવાણી નીકળે છે. ભૂમિને ખોદતાં આવી સરવાણી હાથ લાગે અને કૂવો થાય.’’

‘‘જે પ્રજાપતિ ભગવાને પૃથ્વી બનાવી, એણે સમુદ્ર પણ બનાવ્યો અને એણે જ માણસને પણ ઘડ્યો. પૃથ્વી પરના દરેકને હવા, પાણી ને ખોરાક મળે એવી રચના કરી. એ પ્રજાપતિ ભગવાનનો યજ્ઞ કરવો, એટલે જ અન્ન પેદા કરવું, વૃક્ષો ઉછેરવાં અને જીવનમાં સગવડો ઊભી કરવી. દરેક જણ આ આખી વ્યવસ્થામાં પોતાનું કામ કરે એ યજ્ઞ જ કહેવાય.’’

વારુણિએ કહ્યું, ‘‘એટલે, ગુરુજી, સારું અને બુદ્ધિપૂર્વક કામ કરતાં શીખવું એ પણ વિદ્યા શીખવા બરાબર છે; એમ જ ને ?’’

‘‘હા વત્સ, એકલું ભણવું જીવનમાં કામ ન લાગે. જીવવા માટે જીવનને ઉપયોગી વિદ્યા પણ શીખવી પડે. એ કામ કરવાથી અને એ કામ મન અને બુદ્ધિપૂર્વક કરવાથી જ આવડે છે. કામ કરતાં-કરતાં ભણવું એ સાચી વિદ્યા છે.’’ ગુરુજીએ સમાપન કર્યું.

### • શબ્દસમજૂતી

*નોંધ : વિદ્યાર્થીઓએ જાતે શબ્દકોશનો ઉપયોગ કરવાનો હોવાથી અહીં ટિપ્પણમાં શબ્દોના અર્થ આપ્યા નથી.*

### • રૂઢિપ્રયોગ

**ગળે વાત ઊતરવી** વાત સમજાઈ જવી.

# 5. સેવામૂર્તિ : પરીક્ષિતલાલ મજમુદાર



**હરીશ મંગલમ્**

**જન્મ : 15-2-1952**

હરીશ જેઠાભાઈ મંગલમ્‌નો જન્મ મહેસાણા જિલ્લાના ફલુ ગામે થયો હતો. અધિક કલેક્ટર તરીકે સેવા આપી નિવૃત્ત થયા છે. તેમણે કવિતા, નવલકથા, વાર્તાસંગ્રહ, વિવેચન, સંપાદન વગેરે ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ‘તિરાડ’, ‘ચોકી’, ‘અગનઝાળ’ તેમની જાણીતી નવલકથાઓ છે. ‘તલપ’ એમનો વાર્તાસંગ્રહ છે. તેમણે મૂલ્યનિષ્ઠ અને જીવનઉપયોગી સાહિત્યનું સંપાદન પણ કર્યું છે. સાહિત્ય ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. સાહિત્યનાં વિવિધ પારિતોષિક મળ્યાં છે. ગુજરાત સરકાર તરફથી ‘સંતશ્રી કબીર દલિતસાહિત્ય એવૉર્ડ’ એનાયત થયો છે.

આ એકમમાં સેવામૂર્તિ અને અદના આદમી એવા પરીક્ષિતલાલ મજમુદારનું જીવનચરિત્ર રજૂ થયું છે. સમાજસેવા ક્ષેત્રે તેમણે આપેલા યોગદાનની વાત કરવામાં આવી છે.

સેવામૂર્તિ પરીક્ષિતલાલનો જન્મ 8-1-1901ના રોજ ભાવનગર જિલ્લાના પાલિતાણા ગામમાં થયો હતો. તેમના પિતા લલ્લુભાઈ દેશી રાજ્યમાં શિરસ્તેદાર હતા. તેઓ જ્ઞાતિએ કાયસ્થ બ્રાહ્મણ હતા. પરીક્ષિતલાલ નાના હતા, ત્યારથી જ તેમનામાં બીજાને મદદરૂપ થવાનો ગુણ વિકસ્યો હતો. પાલિતાણામાં પછાત વર્ગના લોકોને પોસ્ટ-ઑફિસમાંથી પોસ્ટકાર્ડ લાવી લખી આપતા. આ ગુણ એમણે મૃત્યુ સુધી જાળવી રાખ્યો. તેમની ઇચ્છા ભણીને ડૉક્ટર થવાની હતી. તેઓ હોશિયાર વિદ્યાર્થી હતા. મૅટ્રિકમાં સારા માર્ક્સ હતા જેથી મુંબઈમાં ગોકળદાસ તેજપાલ બોર્ડિંગમાં પ્રવેશ મળ્યો હતો. આ બોર્ડિંગમાં ફર્સ્ટક્લાસ વિદ્યાર્થીને જ પ્રવેશ મળતો.

તેમનું શરીર ગોરું, સ્વસ્થ અને સુડોળ હતું. ચહેરો હસમુખો હતો. દેખાવમાં આકર્ષક હતા. આ તેમનું બાહ્ય રૂપ હતું. અંતરનું રૂપ તો એનાથી પણ વધારે આકર્ષક હતું. કામ કરવાની નિષ્ઠા, શુદ્ધ ચારિત્ર્ય અને દૃઢ સંકલ્પથી એમના અંતરનું રૂપ દીપી ઊઠતું હતું.

એ સમય ગાંધીજીની આઝાદીની ચળવળનો સમય હતો. આખા ભારતદેશમાં આઝાદીનાં આંદોલનોનો માહોલ હતો. ગાંધીબાપુની હાકલથી અંગ્રેજી શિક્ષણનો બહિષ્કાર કર્યો. અમદાવાદ આવ્યા અને દેશભક્તિથી પ્રેરાઈને ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા.

આસુદમલ ગિદવાણી ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય હતા. ત્યાં આચાર્યશ્રી ગિદવાણીનું માર્ગદર્શન મળ્યું. અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક થયા. ભણતાં-ભણતાં વાડજ અને પાલડી પાસેના કોચરબ ગામના દલિતવાસમાં ગૂજરાત વિદ્યાપીઠે શરૂ કરેલી રાત્રિશાળામાં અધ્યાપનકાર્ય શરૂ કર્યું. આશ્રમમાં રૂ પીંજી, પૂણી બનાવી, જે દસ-પંદર રૂપિયા કમાતા હતા, તેમાંથી પોતાનું ગુજરાન ચલાવતા હતા. આચાર્યશ્રી ગિદવાણીના 'ટુમોરો' નામના માસિકનું પ્રૂફ જોવામાં મદદ કરતા. રાત્રિવર્ગોના અધ્યાપનકાર્યને લીધે 'દલિતજનસેવા' જ તેમનું જીવનકાર્ય બની ગયું. લોકોના માનસ પર ધર્મની જડતાની જબરી પકડ હતી. જે કોઈ આ લોકોની સેવાનું કાર્ય કરતા, તેને તિરસ્કારતા અને બહિષ્કાર કરતા. એવા કપરા સમયમાં પરીક્ષિતલાલ મજમુદારે સેવાને પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. દલિતજનસેવાને પોતાનું શ્રેય અને પ્રેય સમજી મામાસાહેબ ફડકે પાસેથી સેવાની દીક્ષા લીધી. પૂ. મોટા, મામાસાહેબ ફડકે અને ઠક્કરબાપા સાથે 'અંત્યજ સેવામંડળ'માં એમણે સહમંત્રી તરીકે કામ કર્યું.

પરીક્ષિતલાલ કર્મયોગી હતા. રાત-દિવસની પરવા કર્યા વગર સતત ગામડાં ખૂંદતા રહેતા. પ્રવાસેથી થાકીને આવ્યા હોય તોપણ બાળકોને નવડાવતા, કપડાંને સાબુ ઘસતાં શીખવતા, શાક સમારતા, ચોખાને મોણ દેતા અને ગીતો ગવડાવી આનંદ આપતા. બાળકોને માની મમતાથી જમાડતાં. આ એમનું મનગમતું કામ હતું.

'હરિજન સેવકસંઘ'ના તેઓ સ્થાપક સભ્ય હતા. પછીથી તેના મંત્રી અને પ્રમુખ બન્યા હતા. તેમણે નવા છાત્રાવાસો અને રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરાવી હતી. તેમણે ગાંધીબાપુની અસ્પૃશ્યતાનિવારણની ઝુંબેશને આગળ ધપાવી હતી. લોકો દૂરદૂરથી એમને મળવા આવતા. તેમના પ્રશ્નોને એકચિત્તે શાંતિથી સાંભળતા હતા. તેઓ દલિત બાળકોનો શાળાપ્રવેશ, બસમાં બેસવા દેવા માટેનો સત્યાગ્રહ, મંદિરપ્રવેશ, શિક્ષિતોને ટકાવારી મુજબ નોકરીઓ અપાવવી વગેરે પ્રશ્નોમાં આઠે પહોર તડકો-છાંયડો જોયા વગર ને થાકની પરવા કર્યા વિના તન, મન અને ધનથી મદદ કરતા. જ્યાં એ લોકોને અન્યાય થતો, ત્યારે એમનું હૃદય દ્રવી ઊઠતું. આવી સેવાને લીધે પરીક્ષિતલાલ મજમુદારને સૌ કોઈ ઓળખતા હતા.

ઉનાળાના ધોમધખતા એક દિવસે ચાલતા જતા હતા. ખૂબ તરસ લાગી હતી. સુરત જિલ્લામાં સાર્વજનિક પરબેથી એમણે પ્યાલામાં પાણી પીધું. કોઈ અબુધે તેમને ગાલે તમાચો માર્યો. દવાખાનામાં સારવાર લેવી પડી. તેમ છતાં, તેમણે પેલા માણસના વિરુદ્ધમાં એક શબ્દ પણ ઉચ્ચાર્યો ન હતો. તે દિવસથી પરીક્ષિતલાલે જાણે આજીવન દલિતજનસેવાની દીક્ષા લીધી. ત્યાર પછી દલિતના વકીલ બનીને ગુજરાતમાં જ નહિ, પણ આખા ભારત-દેશમાંથી અસ્પૃશ્યતા દૂર કરવા ને સફાઈ-કામદારોના માથેથી નરકના ડબા હટાવવા ભેખ લીધો.

પરીક્ષિતલાલે આઝાદીની ચળવળમાં અદના લડવૈયા તરીકે 'નાગપુર ઝંડાસત્યાગ્રહ' (1923), 'સવિનય કાનૂનભંગ' (1930) તથા 'હિન્દછોડો આંદોલન' (1942)માં સક્રિય ભાગ લીધો અને કારાવાસ ભોગવ્યો. એમની દલિતજનસેવા અને રાષ્ટ્રભક્તિ જોઈને ગાંધીબાપુએ કહ્યું હતું કે, 'પરીક્ષિતલાલ માણસ નથી પણ દેવ છે... જો પરીક્ષિતલાલ જેવા થોડા સેવકો મને મળ્યા હોત, તો અસ્પૃશ્યતાની જડ ભારતમાંથી ઘણી વહેલી નીકળી જાત.'

એમના સમયમાં આખો આશ્રમ એક પરિવાર જેવો હતો. આશ્રમમાં સ્ત્રીઓ પ્રત્યે તેમનું હૃદય કરુણાસભર રહેતું. સૌને પિતા જેવો પ્રેમ આપતા. તેઓ બહેનોનાં આંસુ સહન કરી શકતા નહોતા. આશ્રમમાં તેમના વડીલપણા નીચે પૂ. બબુમાશી, પૂ. અમીનાબહેન, પૂ. આઇ (લક્ષ્મીબહેન ખરે), પૂ. વિમળાબહેન પટેલ જેવી બહેનો હતી. ગમે તે વ્યક્તિ ગમે ત્યારે તેમની પાસે નિઃસંકોચ પહોંચી પોતાની મુશ્કેલી રજૂ કરી શકતી હતી. બહેનોના કિસ્સામાં લગીરેય શેહશરમ રાખ્યા વિના ગમે તેવી વ્યક્તિ પાસેથી ખુલાસો માગતા. દરેકને મદદ કરી સાચું માર્ગદર્શન આપતા. દીકરીઓ માટે તેમણે વિનયમંદિર અને અધ્યાપનમંદિરની સ્થાપના કરી. દીકરીઓ શિક્ષિત બની આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરે અને સ્વમાનથી જીવન જીવે, તેવું તેમનું ધ્યેય હતું. વિદ્યાર્થિની પી.ટી.સી. પાસ કરે કે તુરંત તેને નોકરી મળે તેવા નિષ્ઠાભર્યા, પ્રયત્નો કરતા. ચારે બાજુ એમની એવી છાપ હતી કે એક ફોન માત્રથી છોકરીઓને નોકરી મળી જતી. ગામડામાં કોઈ છોકરીઓને તકલીફ પડતી, તો તે પોતે ગામમાં પહોંચી જતા અને તકલીફ દૂર કરવા પ્રયત્ન કરતા.

પરીક્ષિતલાલે આજીવન સફાઈ-કામદારો અને દલિત લોકોની સેવામાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું હતું. આ અખંડ સેવાના વ્રતધારી આજીવન બ્રહ્મચારી રહ્યા. એમની મહામૂલી-સમાજસેવાની કદર રૂપે ભારત સરકારે ઈ. 1959માં તેમને ‘પદ્મશ્રી’નો ઈલકાબ આપ્યો હતો. આ સેવામૂર્તિએ 12મી સપ્ટેમ્બર, 1965ના રોજ આપણી વચ્ચેથી ચિરવિદાય લીધી; પરંતુ એમના જીવનકાર્યની સુવાસ આજે સર્વત્ર મહેંકી રહી છે.

## ● શબ્દસમજૂતી

**સેવા મૂર્તિ** નિષ્કામભાવથી પારકાનું કામ કરનાર **શિરસ્તેદાર** અમલદારનો મુખ્ય કારકુન, શિરસ્તેદારનું કામ કે પદ **મૅટ્રિક** જૂનું એસ.એસ.સી. અગિયારમા ધોરણ પછી બોર્ડની પરીક્ષા લેવાતી તે **બોર્ડિંગ** છાત્રાલય **બહિષ્કાર** અસ્વીકાર, ત્યાગ **સાર્વજનિક** સર્વલોકોનું **અબુધ** અણસમજુ **સુવાસ** સુગંધ **સર્વત્ર** બધી જગ્યાએ

• • •

## મારી નોંધ :

મારી નોંધ :